
# શરણાગતિ



7BGS2

# શરણાગતિ

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

**ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી**
સાહિત્ય સેવાસદન,
એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬.

**પ્રકાશક**

**ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સાસોયટી**

સાહિત્ય સેવાસદન,

એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬.

**પ્રથમ આવૃત્તિ :**

**પ્રત : ૧૧૦૦**

**કિંમત રૂા. ૨૦-૦૦**

**-: મુદ્રક :-**

**સ્ક્રીનડોટ પ્રિન્ટર્સ**

એ/૪, દિવ્યવસુંધરા કોમ્પલેક્ષ, મિરઝાપુર કોર્ટની સામે,

મિરઝાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.

ફોન : ૫૬૨૩૭૬૧

# આવકાર

ત્રણ ભાઈઓની આ કથાને આવકારતાં આનંદ થાય છે. કારણ, એટલું જ કે શ્રી માઈકલ એસ. ક્રિશ્ચિયનનું આ મૌલિક સર્જન છે. વાર્તાને થોડુંક નાટકીય સ્વરૂપ આપવા લેખકે તેમાં મુખી કે Villain નું પાત્ર ઉમેર્યું છે. વાર્તામાં ઠેરેઠેર નાટ્યાત્મક વળાંકો છે, એટલે સ્વાભાવિક રીતે વાચકોને આ વાર્તા ગમશે તેમાં શંકા નથી. ગૂંચવાઈ જતી વાર્તા છેવટે સરળ અંતને પામે છે. પાત્રો પ્રમાણમાં ગમી જાય તેવાં બન્યાં છે. વાર્તામાં ખ્રિસ્તી વાચકોને પણ ગમી જાય તેવું ઘણું છે. આ કથા 'બાલવાડી' માં પ્રસિદ્ધ થઈ ત્યારે ઠીકઠીક લોકપ્રિય બની હતી.

ફરીથી મૌલિક વાર્તા લખનાર લેખકને આપણાં સૌનાં અભિનંદન. પુસ્તકના પ્રકાશન માટે શ્રી આર્નોલ્ડ ક્રિશ્ચિયન તરફથી રૂા. 3000/- નું ઉમદા દાન મળ્યું છે, તે બદલ તેમનો પણ હૃદયપૂર્વક આભાર.

**ભગવતપ્રસાદ ચૌહાણ**

સેક્રેટરી

## આભાર દર્શન

આ પુસ્તકના પ્રકાશન માટે શ્રી આર્નોલ્ડભાઈ ક્રિશ્ચિયન તરફથી રૂા. ૩૦૦૦/- નું ઉમદા દાન મળ્યું છે. લેખક તરફથી પણ રૂા. ૧૯૧૨/- નું દાન મળ્યું છે. બંને દાતાઓનો હૃદયના ઊંડાણથી આભાર માનીએ છીએ.

# આરંભે....

"બાલવાડી"ના પાનાંઓ પરથી ઉઠાવીને "સ્ક્રીનડોટ"માં પુસ્તકાકારે છપાવવાનો ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીનો નિર્ણય મારે માટે આનંદના સુસમાચારરૂપ હતો, પણ પ્રસ્તાવના લખવાનું કામ તો મને ખરેખર મૂંઝવનાર બની ગયું. ક્યાંથી અને કેવી રીતે શરૂ કરવું તે અવઢવમાં ઘણો સમય વીતાવ્યા પછી છેવટે તો સર્વ તાલંતોના દાતા ઈશ્વરપિતાની જ શરણાગતિ સ્વીકારવી પડી. પ્રાર્થના કરીને કલમ ઉઠાવી છે આગળ તો તે જ જાણે!

૧૯૭૫ની ૬ઠ્ઠી જુલાઈએ પ્રભુ ઈસુને મારા વ્યક્તિગત તારનાર તરીકે સ્વીકાર્યા ત્યારે મારા વાંચનપ્રિય સ્વભાવની સામે માત્ર બાઈબલ અને ખ્રિસ્તીબંધુ જ હતાં, તેમાં ટ્રા.સો. એ બાલવાડીને અપનાવીને બાલવાડી પણ ધરી. ૧૯૭૯માં મારે ઘેર પારણું બંધાયું ત્યારે બાળશિશુને રમાડતાં રમાડતાં તેને બાઈબલની વાર્તાઓ કેવી રીતે કહીશ? આવા ઘોળાતા વિચારોએ સર્વ પ્રથમ "મીકીનો આનંદ" બાળવાર્તાને કાગળ પર ઉતારી. મુ. જયવંતીબહેન ચૌહાનને બતાવી તો તેમણે તે સ્વીકારી, ખ્રિ.બંધુમાં છાપી

એટલું જ નહિ પણ વધારે વાર્તાઓ લખવા માટે આગવું પ્રોત્સાહન અને પ્રેમભર્યું માર્ગદર્શન પણ આપ્યું. પછી તો વાર્તાઓ, લેખો, કવિતાઓ પ્રભુ આપતો ગયો એટલું જ નહિ તે છપાતાં ગયાં. ખ્રિસ્તીબંધુ જ નહિ બાલવાડી, ક્રૂસવાણી, માર્ગસંગિની, મસીહીવંદના, તૂરહી, મસીહી આવાજ, TRUTH વિ. માં સ્થાન પામવા લાગ્યાં.

તે દરમ્યાન ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીમાં એક એવી વ્યક્તિનો પ્રવેશ થયો જે ખ્રિસ્તી સાહિત્ય ક્ષેત્રે ટ્રા.સો.ને ઊંચા શિખરો પર પહોંચાડવાનો ઈતિહાસ સર્જનાર હતી. હા, પ્રિ. ભગવતપ્રસાદ ચૌહાણની જ વાત કરું છું તેમની સિદ્ધિઓ જગજાહેર જ છે. મારા પ્રત્યે તેમનું વાત્સલ્ય કાંઈક વિશેષ જ રહ્યું છે. દોઢ દસકા પહેલાં તેમણે મારા પુસ્તકની કલ્પના અને માંગણી કરી હતી તે આજે સાકાર બની છે.

કોલેજકાળમાં વાંચેલા કોઈ પુસ્તકની પ્રસ્તાવનામાં લેખકે લખ્યું હતું કે, એક વાર લેખન શરૂ કર્યા પછી પાત્રો કહ્યાંમાં રહેતાં નથી. ત્યારે મને વિચિત્ર લાગ્યું હતું કે પાત્રો લેખકનું ન માને એ કેવી વાત? પણ તે સત્ય તો આ વાર્તા લખતાં જ મને સમજાયું. એટલા માટે જ પાંચ-છ

પ્રકરણમાં પૂરી કરવા ધારેલ વાર્તા ૨૫ પ્રકરણ જેટલી લંબાઈ છતાં પ્રત્યેક પ્રકરણ આગળના પ્રકરણને વાંચવા માટે વાંચકને કૂતુહલતા જગાડશે જ એમાં શંકાને સ્થાન નથી કેમ કે બાલવાડીમાં એક પ્રકરણ છપાતું ત્યાર પછી જ બીજું લખાતું પણ તે વખતના તંત્રી (હેરિયેટબહેન) નો પૌત્ર દાદીને કહેતો કે આ અંકલને કહોને આખી વાર્તા મોકલી દે? તો અમારા સામે બારણે રહેતા એક બહેનને ખબર પડી કે આ વાર્તાનો લેખક હું છું ત્યારે આખી વાર્તા વાંચી કાઢવા માંગણી કરવા લાગ્યા. તેથી વાર્તા અધૂરી મૂકાવાની નથી તેની મને ખાતરી છે.

છેવટે વાર્તા પૂરી કરી. તમે જોઈ શકશો કે વાર્તાના એકેએક પાત્રને ખ્રિસ્તની જરૂર હતી અને ખ્રિસ્ત તેમને મળ્યો. પ્રત્યેક વાચકને ખ્રિસ્તની જરૂર છે અને તે ઉપસ્થિત છે. આ વાર્તાનું વાંચન એ ઉપસ્થિત ખ્રિસ્તનો પરિચય આપી શકે તો સર્વ માન પ્રભુને હો. મારે તો બીજું શું જોઈએ?

**- માઈકલ એસ. ક્રિશ્ચિયન**

# પ્રકરણ – ૧

તબડક...તબડક...તબડક...

ઊંચી નીચી ઘાટીઓમાં થઈને એક વેગીલો ઘોડો દોડી રહ્યો હતો. તેના ઉપર બેઠેલા અસવાર તે ઈન્સપેક્ટર રૂબેન હતો. તેને પોતાના સ્થળે પહોંચવાની ઉતાવળ તો હતી પરંતુ આ બીહામણી ઘાટીની અચોકસતાથી તે અપરિચિત ન હતો. નિર્દોષ અને રૂપકડા લાગતાં વૃક્ષની કોઈ ડાળી પરથી મોત ક્યારે કૂદી પડે તે કહેવાય નહી. નદીનાં કોતરોનો આ ભાગ ઘણો જ વિકરાળ હતો. માથા ફરેલ ડાકૂઓનું આ આશ્રયસ્થાન હતું, તો હિંસક પશુઓનું જન્મ સ્થાન પણ અહીં જ હતું. આ ભૂમિ  જ જાણે લોહી તરસી હતી. ક્યારેક હિંસક પ્રાણી દ્વારા માનવ રક્ત વહેવડાવાતું તો ક્યારેક માનવ જ માનવના રક્તને વહાવી દેતો. પૃથ્વીના અનેક ભાગોમાં વનરાજી મનેમોહક બની માનવ આંખોને તૃપ્તિ આપતી અને હૃદયને આલ્હાદાક આનંદ આપતા હતા. પરંતુ અહીંની વનરાજીની શીતળતાને કોઈ માણવા પ્રયત્ન ન કરતું. વૃક્ષોનું હલનચલન આંખોને રસભરી બનાવવાને બદલે બીક ઊભી કરતું હતું. પૂરતી સાવચેતી સાથે ઈન્સ્પેક્ટર રૂબેનનો અશ્વ આગળ ધસી રહ્યો હતો. હવે વૃક્ષોની ઘટા ઓછી થતી જતી હતી અને પહાડી કોતરોનો વિભાગ શરૂ થતો હતો. પરંતુ રૂબેનની જાણ બહાર એક શક્તિશાળી દૂરબીન તેની ગતિવિધિને નીરખી રહ્યું હતું. પહાડીના ચઢાવ ઉતારની સાથે સાથે જ એક ટેલીસ્કોપિક રાઈફલ પરનો હાથ પોતાની પકડને મજબૂત બનાવી રહ્યો હતો. રૂબેનનો અશ્વ

ક્રમશઃ તેની રાઈફલની રેઈન્જમાં આવી રહ્યો હતો. હવે દૂરબીન નીચે મૂકાઈ ગયું હતું અને રાઈફલ તેનું નિશાન લઈ રહી હતી.

રૂબેનને મળેલા સંદેશા પ્રમાણે એક મિશનેરી આ પ્રદેશમાં કાર્ય કરવા ચાહતો હતો. લોહી તરસી આ ભૂમિ પર તે પ્રભુ ઈસુના પ્રેમ તથા શાંતિની સુવાર્તાની વર્ષા લાવવા ચાહતો હતો. તેને સરકાર દ્વારા પરવાનગી તો મળી હતી. પરંતુ તેની સુરક્ષાની જવાબદારી રાજ્યના પોલીસ ખાતા દ્વારા રૂબેનને સોંપવામાં આવી હતી. રૂબેન ધાર્મિક વિચારોનો વિરોધી હતો. ધર્મના નામે ચાલતા દંભો અને ધતિંગોને તેણે તેની ફરજના સમય દરમ્યાન ઘણીવાર ખુલ્લાં પાડ્યાં હતા. કહેવાતા સંતોની દોરવણી હેઠળ ચાલતા અનીતિધામો તથા કેફી દ્રવ્યોના વ્યાપારની સાંકળને ભેદવામાં તે ઘણીવાર સફળ રહ્યો હતો અને તેથી જ ધર્મના નામે આવનાર વ્યક્તિઓ તરફ તેને નફરત રહેતી. તે ચાહતો હતો આ વિસ્તારમાં મિશનેરી કાર્ય ન કરે. અહીં ઉપદેશોની નહી પરંતુ ગોળી અને કપરામાં કપરી શિક્ષાની જરૂર હતી. તેનું સ્પષ્ટ માનવું હતું કે અહીં તો ધાકની જરૂર છે અને તે જ સફળતાનો માર્ગ હતો. આ પહેલાં તે પોતાની ફરજ આ માન્યતા પ્રમાણે જ બજાવતો અને સફળ રહેતો હતો. તેની સફળતાએ તેના ઉપરી અધિકારીઓને તેને આ વિસ્તારમાં જવાબદારી સોંપવાની પ્રેરણા આપી હતી. આ વિસ્તારમાં આવતાં જ રૂબેને સ્વભાવગત ધાક ઊભી કરવાનો પ્રયત્ન કર્યો હતો. ગુનેગાર હાથમાં આવતાં જ તેને ન્યાયાલય પાસે મોકલતાં પહેલાં એવી સખત શિક્ષા કરતો કે અપરાધી ઘા ખાઈ

જતો. મૂંગા અપરાધીઓને બોલતા કરવાના અને સત્ય ઓકાવવાની તેની પાસે અવનવી તરકીબો હતી, જેનાથી તેના લોખંડી મનોબળની ખ્યાતિ વિસ્તરવા માંડી હતી; તો સામે પક્ષે તેના શત્રુઓ પણ તક મળે તેને પાઠ ભણાવવા આતુર હતા. રૂબેનને મળેલી માહિતી પ્રમાણે આ વિસ્તારનો મશહૂર ડાકુ મિશનેરીને ઊઠાવી જઈને રૂબેનની વધતી જતી પ્રતિષ્ઠાને અવરોધવા ચાહતો હતો અને તેથી રૂબેન મિશનેરીને વહેલી તકે મળવા ચાહતો હતો. તેનો અશ્વ આગળ વધતો જતો હતો.

રૂબેન તરફ નોંધાયેલી રાઈફલ પરનો હાથ હવે તેની આંગળીને ટ્રીગર તરફ સરકાવી રહ્યો હતો. રૂબેન અને તેનો ઘોડો હવે તેના પૂરેપૂરા લક્ષબિંદુમાં આવી ચૂક્યા હતાં.

ધાંય.....

ગોળી છૂટી અને તેનો પડઘો પડે તે પહેલાં તો તે નિશાને રૂબેનના કમરપટ્ટામાં ભરાવેલી રિવોલ્વરને દૂર ફંગોળી દીધી હતી અને લગભગ તેની અર્ધી સેકન્ડ બાદ રૂબેન ઘોડા પરથી હવામાં ઊછળ્યો અને એક વિશાળ વૃક્ષની પાસે પડેલા પથ્થરની આડશમાં જઈ પડ્યો.

અણધાર્યા હુમલાથી રૂબેન સ્તબ્ધ હતો. તેનું શસ્ત્ર ઝુંટવાઈ ગયું હતું. પરંતુ તેની બુદ્ધિ અને હિંમત તો તેની પાસે હતાં ને? કોમ્પ્યુટરની ગતિથી તેનું મગજ ગુણાકાર ભાગાકાર કરી રહ્યું હતું. કોણ હતો એ ચાલાક શત્રુ?

હા...હા...હા...હા...

નજીકની ટેકરી પરથી એક અટ્ટહાસ્ય ગૂંજી ઊઠયું. ઓહ! રૂબેન પળભર ચક્કર ખાઈ ગયો. આ તો તેના ઉપરીએ જે ડાકૂને માટે તેની ખાસ નિમણુંક કરી હતી તે જ હતો.

પળભર અટ્ટહાસ્ય અટકી ગયું અને એક ઘેરો-ઘોઘરો સાદ હવામાં ગૂંજી ઊઠયો.

"ઈન્સ્પેકટર સાબ, ઝાડ અને પથ્થર કાંઈ બખ્તર નથી. મારી ગોળીને રોકી શકે એવી કોઈ વસ્તુ નથી...હા...હા...હા...હા..."

મોટા પથ્થરની આડમાંથી રૂબેને ટેકરી પર ઊભેલા ડાકૂને જોયો અને બીજી નજર તેણે કમરપટ્ટામાંથી ઊડી પડેલી રીવોલ્વર પર નાંખી માત્ર દસ સેકન્ડનો સમય તેને મળે તો તે પોતાનું શસ્ત્ર પાછું મેળવી શકે તેમ હતો અને પરિસ્થિતિ જોતાં તેને તે કાર્ય અઘરું પણ લાગ્યું નહીં. તેના હાથે એક નાના ગોળ પથ્થરને ઊઠાવી લીધો હતો. નિશાન તો સચોટ લાગવાનું છે તેની તેને ખાતરી હતી. રૂબેનના ચહેરા પર ચમક આવી તેના પાતળા હોઠ ભીંસાયા અને ઘા કરવાને તેનો હાથ ઊંચો કરતાં બાળપણમાં સાંભળેલી દાઉદ તથા ગોલ્યાથની વાર્તા તેને યાદ આવી ગઈ.

ધાંય...

એક બીજો ધડાકો થયો, પડઘો શમતાં પહેલાં તો રૂબેનનો હાથ લોહી નીંગળતો થયો હતો. તે ફરીથી આડશમાં બેસી પડ્યો હતો અને હવામાં ફરીથી અટ્ટહાસ્ય ગૂંજતું હતું.

"ઈન્સ્પેક્ટર સાબ, ચાલાકી કરવાની વ્યર્થ કોશિશો મૂકી દો. મુસ્તાફની ગોળીને કોઈ રોકી શકતું નથી, રીવોલ્વર પામવાની ઉમ્મીદ પર પૂળો મૂકી દો. તે તેની જગાએ નથી."

પળમાત્રમાં દુઃખને ભૂલી રૂબેને નજર કરી તો ડાકૂની વાત ખરી હતી. રીવોલ્વર ત્યાંથી હટી ગઈ હતી. મુકાબલો કરવાની રૂબેનની આશા પર પાણી ફરી વળ્યાં હતાં. રૂબેન ઊભો થયો અને હિંમતથી તે પોતાની આડશેથી બહાર આવીને ડાકુની સામે ઊભો રહ્યો.

"મુસ્તાફ, રૂબેન કાયર નથી. હું હજી પણ કહું છું બગાવત છોડીને શરણે થઈ જા. તેમાં તારું ભલું છે."

"ઈન્સપેક્ટર, તારી મર્દાનગી પર હું ખુશ છું." કહેતાં તેના કોઈ ઘાના નિશાનોવાળા ચહેરા પર સ્મિત પથરાયું, "નિઃશસ્ત્ર હોવા છતાં તું જે રીતે વાત કરી શકે છે તેની કદરરૂપે હું તને આજે જીવતદાન આપું છું."

"તારા દાનની મારે કશી જરૂર નથી મુસ્તાફ, મારી વાત સાફ છે શરણાગતિ સ્વીકારી લે નહિ તો..."

રૂબેનની વાત વચ્ચેથી જ કાપતાં ડાકૂ બોલ્યો, "ઈન્સપેક્ટર, શેખી રહેવા દે. જે મિશનેરીની રક્ષા માટે તું જઈ રહ્યો છે તે મારી કેદમાં છે. તારી પાસે કોઈ શસ્ત્ર નથી. તું મારું કશું જ બગાડી શકવાનો નથી. મારે તને મારી નાંખવો જ હોત તો આ બે ગોળી બગાડવાની મારે જરૂર ન હતી. મારી વાત સમજાય છે ? જા..." કહી ડાકૂએ પોતાનો ઘોડો પાછો વાળ્યો.

રૂબેનને આશ્ચર્ય તો થયું. આ ડાકૂએ તેની વિસ્તરતી ધાક પર પથ્થર મૂક્યો હતો અને વળી આ ભયાનક ગાઢ જંગલમાં તેને નિઃશસ્ત્ર કરી મૂક્યો હતો બીજા શબ્દોમાં તેને કબરમાં ધકેલી દીધો હતો. હવે માત્ર માટી વાળવાની જ જરૂર હતી કોઈ હિંસક પ્રાણી કે શત્રુ તે સહેલાઈથી કરી દેશે.

પણ રૂબેને જોયું તો ડાકુ અટકી ગયો હતો.

"ઈન્સપેક્ટર, ડરવાની જરૂર નથી. તારું મોત મારી ગોળીથી જ થશે. પણ મારતાં પહેલાં ચેતવણી આપવાનો મારો નિયમ છે એટલે આજે તને નહિ મારવામાં આવે. જો તારો ઘોડો તારી પાસે પાછો આવી રહ્યો છે. શસ્ત્ર વિના ડરતો નહી મારા માણસો તારું રક્ષણ કરતા હશે. તારી રીવોલ્વર આજની મુલાકાતની યાદગીરીરૂપે મારી પાસે રહેશે, પણ હવેથી મારા માર્ગમાં આવતો નહિ."

રૂબેને જોયું તો તેનો ઘોડો તેની પાસે પાછો આવી રહ્યો હતો. કાંઈપણ બોલ્યા વિના તેને પંપાળ્યો અને પછી તેની પર બેસી ગયો.

"ખુદા હાફીજ" તેની પાછળથી અવાજ આવ્યો.

રૂબેનનો ચહેરો તંગ હતો. તેણે કશોજ પ્રત્યુત્તર વાળ્યો નહી. આજે તે શારિરિક તથા માનસિક રીતે ઘવાયો હતો. કહો કે છંછેડાયો હતો. તેના બીડાયેલા હોઠોમાં ડાકુને પાઠ ભણાવવાનો નિર્ધાર દબાયેલો હતો.

# પ્રકરણ - ૨

રાત્રિનો અંધકાર જામતો હતો. શિયાળુ ઠંડી પણ તેનો પ્રભાવ વધારી રહી હતી. તે નાનકડા ગામના શિક્ષકના ઘરમાં હમણાં જ કૌટુંબિક પ્રાર્થના પૂરી થઈ હતી. બાળકોએ પોતાના રૂમની પથારીમાં લંબાવી દીધું હતું. ત્યારે જ તેમના વાડાની ઝાંપલી ખૂલવાનો અવાજ આવ્યો.

રૂબેન અને જોય ચપળતાથી બારી પાસે સરકી આવ્યા. તેમણે ચંદ્રના ઝાંખા અજવાળામાં જોયું તો તે ગામનો સરપંચ હતો. હવે તે ઘરના મુખ્ય બારણા તરફ આગળ વધી રહ્યો હતો. પણ ઝાંપલી પાસે હજી હિલચાલ જણાતી હતી. જોય તથા રૂબેન સમજી ગયા. સરપંચના માણસો ત્યાં હશે. બંને ઝડપથી મોટાભાઈ કિરણની પાસે ગયા. તે પણ અવાજ સાંભળીને પથારીમાં બેઠો થઈ ગયો હતો. તેમણે કિરણને વાત કરી ત્રણે જણ સમજી ગયા.

ગઈ કાલે જયારે તેઓ મોડી રાત્રે પાછા ફરી રહ્યા હતા ત્યારે મુખી અને સરપંચના માણસો સરકાર તરફથી રાહતકાર્યમાં આપવા માટે મળેલ ઘઉંની બોરીઓની હેરાફેરી કરી રહ્યા હતા. ચકોર કિરણ અને તેના ભાઈઓએ તેમની મેલી યોજનાને ધૂળમાં મેળવવાનું નક્કી કર્યું અને ખૂબ જ સિફતપૂર્વક તેમણે ગામના અન્ય લોકોને જગાડી દીધા. મુખીના માણસોની યોજના ખુલ્લી પડી ગઈ થોડી ધમાલ થઈ. અને ગુનેગારોને પોલીસે પકડી લીધા. સરપંચ અત્યારે તેના અનુસંધાનમાં જ પિતાને મળવા આવી ગયો છે તે સમજવું ત્રણે કિશોરો માટે અઘરૂં ન હતું.

ટક...ટક...ટક...બારણે ટકોરા પડ્યાં.

પિતાએ અવાજ દીધો, "કોણ?"

"એ તો હું સરપંચ છું. દરવાજો ખોલો" ઉત્તર મળ્યો. દરમ્યાનમાં રૂબેન, જોય અને કિરણની ત્રિપુટી તેમની રૂમના દરવાજા પાસે આવી ગઈ હતી. તેમણે દરવાજો ખોલ્યો નહીં પરંતુ ત્યાં જ ઊભા રહીને સાંભળવાનો નિર્ણય કર્યો.

"આવો સરપંચ સાહેબ," કહેતાં પિતાએ દરવાજો ખોલ્યો અને ફાનસની દીવેટને ઊંચી ચડાવી જેથી ઓરડામાં પ્રકાશ વધ્યો. "કેમ આટલા મોડા?"

સરપંચે ખાટલાની નજીક પડેલી ખુરશીમાં બેઠક લીધી અને ઓઢેલી શાલને બરાબર કરતાં કહ્યું.

"માસ્તર, વાત એમ છે તે તમારા ત્રણ છોકરાને તો તમે ઓળખો જ છો."

"મારા પુત્રોના સંસ્કાર પર મને ગર્વ છે." માસ્તરે વચમાં જ કહી દીધું. પણ તેમના શબ્દોનો સરપંચે કોઈ પ્રતિભાવ ન આપતાં પોતાની વાત આગળ ચલાવી.

"જુઓ, ગઈ કાલે જે બનાવ બની ગયો તેમાં પકડાયેલા માણસો મારા છે." સરપંચે રહસ્ય ખોલી દીધું.

"એમ?" માસ્તરના ચહેરા પર આશ્ચર્ય ફેલાયું. "તો ગરીબોના રોટલાને હડપ કરનારા તમારા માણસો હતા?" અને પછી તેમના સ્વરમાં રુક્ષતા આવી. "બોલો, શું કહેવું છે?"

"માસ્તર, તમારા છોકરાને સમજાવી દો. મારે પોલીસ કેસ લૂલો કરવો છે." કહેતાં સરપંચની આંખો ચમકી.

"અને હું તેમ ન કરું તો?" માસ્તરનો પ્રશ્ન સરપંચની સામે શિલાની જેમ મૂકાયો.

"તો જબાનો બંધ કરવાની સામગ્રી લઈને જ આવ્યો છું, માસ્તર." કહેતાં સરપંચના હાથમાં ધારદાર ચપ્પુ ચમક્યું. બારણાની તિરાડમાંથી બાળ ત્રિપુટીએ જોયું તો તેમના પિતા કાંઈ પણ પ્રતિકાર કરે તે પહેલાં જ દુષ્ટે ઘા કરી દીધો હતો. લોહીની છોળ ઊડી જેને સરપંચે તેની મેલી કાળી ચાદરથી લૂછી નાંખી. લોહી જોઈને ખુન્નસે ભરાયેલા જોય તથા રૂબેન પિતાની વહારે અંદર ધસી જવા ચાહતા હતા પરંતુ મોટો કિરણ સમજદાર હતો. હથિયાર ધારી શત્રુ સામે નિઃશસ્ત્રપણે ધસી જવું તે મૂર્ખતા હતી તે તેમને પણ મારી નાખવાના ઈરાદે આવ્યો હતો. તેમાં કોઈ શંકા ન હતી. ને બદલો લેવો જ હોય તો પ્રથમ ભાગી છૂટીને જીવતા રહેવાની અને હથિયાર હાથ કરવાની જરૂર હતી. થોડી જ વારમાં એ દુષ્ટ તેમની શોધ કરતો અહીં આવી લાગવાનો હતો. બંને ભાઈને તેણે ટૂંકમાં પોતાની વાત સમજાવી અને ત્રણે જણ ચૂપકીથી પાછલા બારણે આવ્યા અને અવાજ ન થાય તેવી રીતે તેમણે સાંકળ ખોલી નાંખી પછી ત્રણે બહાર આવ્યા અને પડાળીમાં ઊભા રહ્યા, પણ ઝાંપલીમાંથી બહાર જવાય તેમ હતું નહી કેમ કે ત્યાં શત્રુના માણસો લપાયેલાં હતાં તે તેમણે જોયું હતું. તેઓ ત્યાંથી ખસે તો જ બહાર જવાય કિરણે પળવારમાં યોજના વિચારી લીધી અને બંને ભાઈને સમજાવી દીધી.

કિરણ વળી પાછો બારણું ખોલીને અંદર ગયો. તેણે તિરાડમાંથી જોયું તો શત્રુ તેઓને બીજા જ ઓરડા તરફ શોધી રહ્યો હતો. તેણે બારીમાંથી નજર કરી તો ઝાંપલી પાસેના ઓળા કાંઈક અધીર થયા હોય તેમ લાગતા હતા. વળી તેના બે ભાઈઓ પણ ઝાંપલી પાસેના સીતાફળના આડશે લપાયા હતા. તેણે બારણું ખોલી નાંખ્યું અને જોરથી અવાજ કર્યો. પછી તરત જ બારણાની આડમા લપાઈ ગયો. શત્રુ તરત જ ફાનસ તથા ચપ્પા સાથે ધસી આવ્યો. કિરણના હાથમાં બારણાંની ઓથે પડેલો પાવડાનો દંડૂકો આવી ગયો હતો. શત્રુ સાવધ થાય અથવા કાંઈ વિચારે તે પહેલાં તેના દડૂંકાનો વાર થયો. 'ફટાક્' અવાજ સાથે શત્રુ એક ચીસ પાડીને ધરાશાયી થયો. તેના હાથમાંથી છટકેલું ફાનસ નજીક પડેલા લાકડાના ટેબલને અથડાયું તેમાંથી કેરોસીન છલકાયું અને આગનો ભડકો થયો. કિરણે ઝડપ કરી અને બાજુના બારણાની સાંકળ વાસી દીધી. તમ્મર ખાઈ પડેલા શત્રુને કળ વળી હતી પણ ત્યારે તો કિરણ બારી પાસે પહોચી ગયો હતો. તેણે સ્ફૂર્તિથી બારીમાંથી બહાર કૂદકો માર્યો. બહાર આવવાનો નિષ્ફળ પ્રયાસ કરીને શત્રુ પાછો ફસડાઈ પડ્યો હતો.

કિરણની ગણતરી સાચી પડી હતી, ઝાંપલી પાસે ઊભેલા પેલા માણસોએ આ રૂમમાંથી થયેલો અવાજ સાંભળ્યો હતો અને ભડકો પણ તેમણે જોયો હતો તેથી ત્યાં ઊભેલા ચાર જણ બે દિશામાં વહેંચાઈને રૂમ તરફ દોડ્યા, પણ અંદરથી બારણાં બંધ હતાં તેથી તેઓ બારણાં પર જોર અજમાવવા લાગ્યાં. તે ધમાલમાં રૂબેન તથા જોય તો ઝાંપલીમાંથી બહાર આવી ગયા હતા અને બારીમાંથી કૂદી

પડેલો કિરણ પણ બહાર આવી ગયો હતો. ત્રણે જણ દોડવા લાગ્યા. ગામ તરફ તેમને જવું હતું પણ અંધકાર તથા ઉતાવળમાં તેઓ જંગલની દિશામાં દોડવા લાગ્યા હતા. ઘણા અંતર પછી તેમને પોતાની ભૂલ સમજાઈ પણ હવે ઘણું મોડું થઈ ગયું હતું. હવે પાછા ફરવું એટલે પાછળ પડેલા શત્રુના હાથમાં જવું હતું.

અને ત્યારે જ દૂર દૂર કૂતરાના ભસવાનો અવાજ સંભળાયો. તે સાંભળતા જ કિરણ ચમક્યો આ તો સરપંચે પાળેલા ત્રણ ડાઘિયા કૂતરાનો અવાજ હતો, તો શત્રુ તેમને છોડવા ચાહતો ન હતો. માસ્તરના કુટુંબને મીટાવી દેવાની પૂરતી તૈયારી સાથે જ તે આવ્યો હતો. અને ત્યારે જ તેઓની આગળ રસ્તો ફંટાતો હતો કિરણે જોયને કહ્યું, "જોય, તું આ રસ્તે ભાગ, હું નાના રૂબેન સાથે આ તરફ જાઉં છું. સવારના અજવાળામાં હું તને શોધી કાઢીશ. હમણાં તો શત્રુને હંફાવવાનો આજ એક માર્ગ છે." કહી તેણે નાના રૂબેન સાથે એક માર્ગે દોડવા માંડ્યું.

પરંતુ સવારનું અજવાળું તેને કઈ દિશામાં લઈ જવાનું હતું તેની તેને ક્યાં ખબર હતી?

# પ્રકરણ – ૩

રાત્રિનો અંધકાર સળવળતો હતો. હિંસક નિશાચર પ્રાણીઓ રાતના અંધકારમાં પોતાના ભક્ષની પાછળ પડે તેમ સમાજના શત્રુ સરપંચના માણસો નિર્દોષ હરણાં જેવાં કિશોરોની પાછળ લાગ્યા હતા. ત્રણે કિશોરો નિઃશસ્ત્ર તથા કોઈ પણ પ્રકારની યોજના વિનાના હતા; જ્યારે તેમની પાછળ પડેલ શત્રુ સશસ્ત્ર અને તેમનું નામોનિશાન મીટાવી દેવાની નેમ સાથે બહાર આવ્યો હતો. તેની સાથે ગંધ પારખુ શિકારી કૂતરા પણ હતાં તેથી કિશોરોને માટે રાત્રિના અંધકારમાં કોઈ ઝાડી કે ખાડીમાં લપાઈને બચી જવાની તક ન હતી.

ફંટાતા રસ્તેથી ભાઈઓને છોડીને આગળ વધેલા જોયનું મન અનેક તર્ક વિતર્કો કરતું હતું. પાછળ પડેલા શત્રુ કોની પાછળ જશે? તેની પાછળ આવશે કે તેના ભાઈઓની પાછળ જશે? કિરણ તો ઠીક પરંતુ રૂબેન નહિ દોડી શકે તો શું થશે? અને શત્રુના હાથમાં પડશે તો શું થશે? પોતાની પાછળ જ શિકારી કૂતરા આવે તો શું પોતે બચી શકશે? આવા ઘણાં પ્રશ્નો સાથે જોય અંધકારમાં માર્ગ કાપી રહ્યો હતો. તેનું ધ્યેય નજીકના શહેરમાં પહોંચી જવાનું હતું. ત્યાં ગયા પછી તો સંતાવા વિશે પ્રશ્ન ન રહે પણ ત્યાં પહોંચવું કેવી રીતે?

ત્યારે જ પાછળથી કોઈ વાહન આવવાનો પ્રકાશ દૂરથી દેખાયો. માર્યા ઠાર! તો શત્રુ હવે તેને છોડશે નહીં. વાહનની ગતિ આગળ તેની દોડવાની ગતિની શી વિસાત? આજે શત્રુ વિજયી થવાનો છે. તેનું આવી બન્યું છે. જોયનું

મગજ ઝડપથી વિચાર કરવા લાગ્યું. મુખ્ય માર્ગ પરથી તે નીચે ઊતરી ગયો અને એક ઝાડની ઓથે લપાયો. પછી તેને થયું કે નીચે રહેવા કરતાં ઉપર ચઢી જાઉં તો વધારે સારું રહેશે. અને તે ઉપર ચઢી ગયો. જેવો તે ડાળાં વચ્ચે પહોંચ્યો કે તેણે માર્ગ પરથી પસાર થતી જીપ જોઈ. તેનો ડર સાચો હતો. ફંટાતા માર્ગ પાસે આવીને શિકારી કૂતરા અટકી ગયા હતાં અને બે દિશા બતાવવા લાગ્યા હતા. તેથી એક તરફ જીપને મોકલવામાં આવી અને બીજી તરફ કૂતરાં સાથે બે માણસોને મોકલવામાં આવ્યાં. ત્રણ માણસો જીપ સાથે આગળ ગયાં. જોયે જે વાહનનો પ્રકાશ જોયો હતો તે આ જીપનો જ હતો. જીપનો ડ્રાઈવર રસ્તા પર ધ્યાન રાખતો હતો, જ્યારે તેના બે સાથીના હાથમાં બે પાવરફૂલ ટોર્ચ હતી. તેઓ રસ્તાની બંને બાજુ ધ્યાન રાખતા બેઠા હતા. ઝાડની ડાળીઓની વચ્ચે બેઠેલો જોય પરિસ્થિતિ સમજી ગયો. જો પોતે નીચે જ હોત તો પકડાયા વિના રહ્યો ન હોત. ત્યાં બેઠાં બેઠાં તેણે ઈશ્વરનો આભાર માન્યો અને આમાંથી બચાવવા માટે તેણે પ્રભુની પ્રાર્થના કરી. જો કે હજુ સુધી પરિસ્થિતિમાં કોઈ સુધારો ન હતો. આગળ ગયેલી જીપ થોડી જ વારમાં પાછી ફરશે અને હવે તે વધુ વિગતે તપાસ કરશે જ અને તેમ થાય તો અહીં ઝાડ પર જ બેસી રહેવામાં સલામતી કેટલી? તેણે નીચે જવાનો વિચાર કર્યો પણ ત્યાં જ તેણે દૂરથી જીપનો પ્રકાશ પાછો જોયો. વળી બીજી દિશામાંથી પણ એક ટ્રક આવતી જણાઈ. જોયે જોયું તો પેલી જ જીપ પાછી વળતી હતી. કેમ કે હવે ટોર્ચનો પ્રકાશ માર્ગના વૃક્ષો પર પણ ફેંકાઈ રહ્યો હતો શત્રુ ચાલાક હતો. હવે શું થાય? બંને બાજુના

વાહનો નિકટ આવી રહ્યા હતાં.

જોયનું હૃદય ઝડપથી ધડકી રહ્યું હતું અને એટલી જ ગતિથી તેનું મન પ્રભુની આગળ વિનંતી કરતું હતું. તે જે ઝાડ પર હતો ત્યાં જ નીચે આવીને ટ્રક ઊભી રહી. કેમ કે પેલી જીપ પણ ત્યારે ત્યાં આવી ચૂકી હતી અને તેણે ટ્રકને ઊભી રાખવાનો ઈશારો કર્યો હતો. ટ્રકમાં ઘાસની ગાંસડીઓ હતી.

જીપમાંથી ઉતરેલો માણસ ટ્રક ડ્રાઈવરને પૂછી રહ્યો હતો. "શું તમે માર્ગમાં કોઈ છોકરાને દોડતો જોયો?"

બારીમાંથી ડોકું કાઢી ટ્રક ડ્રાઈવરે કહ્યું, "છોકરો? અરે ભાઈ રસ્તો એવો સાફ છે કે ગધેડું પણ દેખાયું નથી. પણ વાત શું છે?"

"એક છોકરો સરપંચના ઘેર ચોરી કરીને અને સરપંચને ઈજા પહોંચાડીને નાશી છૂટ્યો છે. અમે તેની શોધમાં છીએ."

તેનો ઉત્તર સાંભળી જોયનાં દાંત ભીંસાયા એક તો ચોરી અને ઉપરથી શિનાજોરી? પરંતુ આટલા બધાની સામા એકલા હાથે પડવામાં શાણપણ ન હતું. તેણે ઝડપથી વિચાર કરી લીધો ઝાડની ડાળીઓ પરથી તે ચૂપચાપ સરક્યો અને ટ્રકની ઉપર અવાજ ન થાય એમ કૂદી પડ્યો.

ત્યારે પેલો માણસ ટ્રકવાળાની વિદાય લેતો હતો તેણે સૂચના આવી "જો આગળ જતાં તમને છોકરો દેખાય તો પકડી જ લેજો અને અમને સોંપી દેજો અમે સરપંચ પાસેથી તમને ઈનામ અપાવીશું."

"જરૂર જરૂર" ટ્રકવાળાએ ઉત્તર દીધો અને પછી તેણે એક્સીલેટર આપ્યું અને ગાડી ઉપાડી. ઘાસની ગાંસડીઓ પર પડેલા જોયે વિચાર્યુ હજી પણ પોતે કેટલે દૂર જઈ શકશે? તેણે બે ગાંસડીની વચ્ચે બેઠક નક્કી કરતાં વિચાર્યું. ખેર, પ્રભુની જેવી ઈચ્છા. પણ તેણે બે ગાંસડીની વચ્ચે ઘૂસવાનો જે નિર્ણય કર્યો હતો તે ખૂબ જ સમયસરનો હતો. કેમકે જેવી ટ્રક દૂર ખસી કે પેલી જીપવાળા માણસોએ તેમની ટોર્ચનો પ્રકાશ ગાંસડીઓ પર ફેંકી ખાતરી કરી લીધી હતી કે તેની ઉપર કોઈ છે કે નહીં!

તે જોતાં જોયના મનમાં ખાતરી થઈ કે પ્રભુ તેને બચાવવાના પક્ષમાં છે, તેથી તેણે ફરીથી તેનો આભાર માન્યો પણ હવે શું! જોયે નક્કી કર્યું કે હવે જ્યાં પણ ટ્રક ઊભી રહેશે ત્યાં તે બહાર સરકી જશે કેમકે ટ્રક ડ્રાઈવર તરફથી તેના માટે જોખમ ઓછું ન હતું. ઈનામની લાલચમાં તે તેને પકડીને સરપંચને હવાલે કરે જ. એ જ પ્રમાણે દૈહિક વાનાંઓની લાલચમાં આજે ઘણાંઓએ પોતાના જીવન શેતાનને હવાલે કરી દીધાં નથી શું?

ગમે તેમ પરંતુ વર્તમાન તબક્કે તેને ગામ અને શત્રુથી દૂર જવું હતું અને ટ્રક તે કાર્ય કરી રહી હતી. પોતાની હાજરીની જાણ ન થાય તેવી રીતે જોય ગાંસડીઓની વચમાં પોતાની જાતનું સંતુલન જાળવી રહ્યો હતો. ત્યાં તેણે લાઈટો નજીક આવતી જોઈ. તેણે વિચાર્યું કે હવે ટ્રક ક્યાંક થોડીવાર પણ રોકાય તો પોતે ઊતરી પડશે. પરંતુ શહેર નજીક આવવા છતાં ટ્રકની ગતિ ધીમી પડી નહી તે તો ધોરી માર્ગ પર આગળ જ દોડતી રહી. જોય વિચારતો હતો કે મારા ભાઈઓ મને આ જ શહેરમાં

મળવાના હતા પરંતુ હવે શું થાય? ટ્રક તો થોભતી જ નથી. એકવાર તો જોયને કૂદી પડવાનું મન થયું પણ ટ્રકની ગતિ જોતાં તેણે એવું દુ:સાહસ કરવાનું માંડી વાળ્યું.

લગભગ ત્રણેક કલાક ટ્રક સળંગ દોડતી રહી. અને ત્યારે તો રાત્રિના અંધકાર પણ આછેરો થતો જતો, અને એક મોટા શહેરની હદ નજદિક આવી રહી હતી. ટ્રક ડ્રાઈવરે શહેરના મુખ્ય બજાર તરફ ટ્રક વાળી. જોય સમજી ગયો કે હવે તો ટ્રક ઊભી રહેશે એટલે તે પણ તૈયાર થઈ ગયો, શહેરમાં આછી ચહલપહલ શરૂ થઈ ગઈ હતી.

ટ્રક ઊભી રાખીને ટ્રકવાળો નજીકની નાની હોટલમાં ગયો ત્યાં તેણે ચાનો ઓર્ડર આપ્યો અને ટેબલ પર પડેલા છાપાને જોવા લાગ્યો. દરમ્યાનમાં જોય નીચે ઊતરીને સરકી ગયો હતો.

ટેબલ પર ચાના કપ મૂકાતા સાંભળી ડ્રાઈવરે છાપું એકબાજુ મૂક્યું અને ટેબલ પર જોયું તો બે કપ ચા આવી હતી. તેણે વેઈટરને કહ્યું, “એ ભાઈ, યહાં દો કપ ચાય કૈસે રખા હે?”

વેઈટરે ભીના કપડાથી ટેબલ લૂછતા કહ્યું, “એક આપકે લીયે ઔર એક આપકે સાથ જો લડકા હૈ ઉસકે લિયે.”

“લડકા? કૈસા લડકા? કહેતો ડ્રાઈવર ઊભો થઈ ગયો.”

# પ્રકરણ – ૪

ડ્રાઈવરની નજર સમક્ષ રાતનું દશ્ય ખડું થઈ ગયું. પોતાની ટ્રકને રોકીને જીપવાળા માણસોએ કરેલી તલાશ અને વાતચીત તેને યાદ આવી ગયાં. અને હવે જો કોઈ છોકરો તેની ટ્રકમાંથી નીચે ઉતર્યો હોય તો તે બીજો કોઈ નહી પરંતુ જે છોકરાની પેલા લોકો શોધ કરતા હતા તે જ છોકરો હોવો જોઈએ. એ વાત તેના મગજમાં સ્પષ્ટ થઈ ગઈ હતી. પણ ત્યારે જ તેની બુદ્ધિએ પ્રશ્ન કર્યો. એ છોકરો તેની ટ્રકમાં આવ્યો કેવી રીતે? પેલા જીપવાળાઓએ તેને રોક્યો તે સિવાય તેની ટ્રક ક્યાંય પણ રોકાઈ ન હતી અને વળી જ્યાંથી તેણે ટ્રક ઉપાડી હતી ત્યાંથી તેણે કોઈ પણ છોકરાને ટ્રકમાં બેસાડ્યો ન હતો તે પણ હકિકત હતી. કેમકે ટ્રક ચાલુ કરતાં પહેલાં તેણે જાતે જ ઘાસની જે ગાંસડીઓ હતી તે ચેક કરી હતી. હવે આ હોટલવાળો કહે છે કે તેની ટ્રકમાંથી એક છોકરો પણ ઊતર્યો જ હતો તો શું તે આકાશમાંથી ટપક્યો! અને જો ઊતર્યો તો તે છે ક્યાં? ગમે તે હોય પણ એ છોકરો એક ગુનેગાર હતો અને વળી તે ગુન્હો પણ ખૂનનો હતો. આથી તેને નસિયત થવી જ જોઈએ. આવા વિચારો સાથે એ પઠાણ ડ્રાઈવરની આંખોમાં આશા ઊભરાઈ. તેણે એક નિર્ણય કરી લીધો હતો. ભાગેડું છોકરાને પકડીને તે તેને કાયદાને હવાલે કરશે. તેણે ઝડપથી બહાર ધસતાં પેલા હોટલવાળાને પૂછયું. "કઈ બાજુ ગયો છે તે છોકરો?"

"પણ આ ચાનું શું?" હોટલવાળાને તેની સવારના પહોરમાં ચા બગડે તેની ચિંતા હતી. પેલા ડ્રાઈવરે ઝડપથી

ખીસામાંથી પાંચની નોટ કાડી પેલાના હાથમાં પકડાવતાં કહ્યું "પહેલાં પેલા છોકરાની વાત કર."

"એ આ બાજુ ગયો છે. બહુ દૂર નહિં ગયો હોય." દિશા બતાવતાં હોટલવાળાએ કહ્યું, અને ડ્રાઈવર તરત જ તે દિશામાં ધસી ગયો.

થોડે દૂર જતાં જ તે એવા ભાગ પાસે આવ્યો, જ્યાં ત્રણથી ચાર ગલી પડતી હતી. હવે તે જરા મૂંઝાયો. પેલો છોકરો કઈ ગલીમાં ગયો હશે? અને વળી કદાચ તે તેની પાછળ સાચી ગલીમાં જાય તો પણ પોતે તો તેને જોયો જ નથી તેથી તેને ઓળખી કાઢવો એ પણ મુશ્કેલ કામ તો ખરું જ છે? અહીં તેને લાગ્યું કે પોતે ભૂલ કરી છે. સારું છે કે તેણે કોઈ ગમે તે છોકરાને પકડી લીધો નથી. નહિ તો ગુનેગારને પકડવાને બદલે તે પોતે જ મુશકેલીમાં મૂકાઈ જાત. પણ તે તો છોકરાને છોડી દેવા પણ ચાહતો ન હતો. તેણે નક્કી કર્યું કે પાછો પેલા હોટલવાળા પાસે જઈને એ છોકરાના દેખાવ વિષે પૂછી લે. અને પછી પોતાની શોધ આગળ ચલાવે. તે પાછો વળીને હોટલની દિશામાં ચાલ્યો.

આ બાજુ જોય ખટારામાંથી નીચે ઊતરીને ગલીમાં સરકી તો ગયો પરંતુ આગળ ગયા પછી તે પણ આ ગલીઓ આગળ આવી મૂંઝાઈ ગયો હતો. કઈ તરફ આગળ જવું! એક પ્રશ્ન તેની સમક્ષ આવી ઊભો રહ્યો કઈ ગલીમાં જવું તે વિષે તે કાંઈ જ વિચારી શકતો ન હતો. તેને માટે તો બધી જ ગલીઓ સરખી હતી પણ તેનો મૂળ વિચાર તો પેલી હોટલથી દૂર ચાલ્યા જવાનો હતો જેથી કદાચ ડ્રાઈવરને તેના વિષે જાણ થાય તો પણ તેનો પીછો

પકડીને તેને આંબી શકે નહિ. કેમકે ડ્રાઈવરના હાથમાં પડવું એટલે ફરીથી સરપંચના માણસોના હાથમાં પડવું અને ક્રૂર, કપટી તથા નિર્દયી માણસોના હાથમાંથી લગભગ બે વાર તો છટકી શકાયું હતું પરંતુ હવે કદાચ એવી તક ન પણ મળે. અને એક વાત તો નિર્વિવાદ હતી કે હવે જો તે સરપંચના માણસોના હાથમાં આવે તો જીવનની તમામ તકો ત્યાં જ પૂરી થઈ જવાની હતી. હાલમાં તો પોતાનું જીવન તથા ભાઈઓનું જીવન બચાવવાનો મોટો પ્રશ્ન તેની સમક્ષ હતો.

તે સાથે જ ભાઈઓની યાદ તેને આવી ગઈ. પોતાને અલગ કરીને બંને ભાઈ જુદી જ દિશામાં ફંટાયા હતા પરંતુ તેઓ સલામત હશે કે કેમ? પોતાને તો પ્રભુની સહાયથી હમણાં સુધી કંઈ જ ઈજા થઈ ન હતી. જો કે પોતે ઘણે દૂર આવી ગયો હતો તેથી તેઓની સંતલસ પ્રમાણેના સમયે નિશ્ચિત શહેરમાં મળવામાં વિલંબ થવાનો હતો તે સાચું પરંતુ પોતાને જે પ્રભુએ કટોકટીની પળોમાંથી બચાવ્યો હતો તે જ પ્રભુ તેના સમયે ભાઈઓ સાથે મેળાપ પણ કરાવશે એવો દૃઢ વિશ્વાસ તેને હતો. તેને પોતાના પિતા પણ યાદ આવી ગયા. કેટલા ભલા અને પ્રભુમય હતા બાળકો તરીકે તેમને પણ પ્રભુના ભય તથા યોગ્ય માર્ગમાં ચાલવાનું તે હંમેશા શીખવતા હતા. તેમણે પોતાના જીવનને બાઈબલના વચનો પ્રમાણે તેના પગલે દોર્યું હતું અને જ્યારે પણ પ્રસંગ આવે ત્યારે બાઈબલના જ શિક્ષણને અનુસરવામાં તે કદી પણ પાછી પાની કરતા નહિ. દેખીતી રીતે ભલે નુકશાન વેઠવાનું હોય પરંતુ હંમેશા પ્રભુને ગમતું કામ કરવામાં તે વિશેષ આનંદ અનુભવતા. પ્રભુને માટે

વિરોધનો સામનો કરવામાં એકલા પડી જવાતું હોય તો પણ તેઓ કદી ગભરાતા નહિ અને નીડરતાથી સત્યનો પક્ષ લેતા હતા, અને એમાં જ તો તેમણે સરપંચની ખફગી વહોરી હતી ને? શેતાના સમાન સરપંચે કપટથી તેમનું ખૂન કર્યું હતું નહીં તો તેઓ આમ તદ્દન હાર ખાઈ જાત નહીં. આવા વિચારો સાથે જ જોય આગળ વધતો હતો. આ ગલીનો ત્યાં અંત હશે અને આગળ શું હશે તેની તેને બિલકુલ ખબર ન હતી પણ પ્રતિક્ષિત ક્રિયાની જેમ તેના પગ આગળ વધતા જતા હતા. વલી જોયના વિચારોમાં પિતાની યાદે એક ઝનૂન લાવી દીધું. શયતાન સરપંચ કદાચ મરી ગયો હોય તો સારું પરંતુ પોતે હવે ચૂપચાપ બેસી રહેશે નહી અને ભાઈઓ સાથે મિલન થાય કે ન થાય પરંતુ પોતે હવે બદલો લઈને જ જંપશે.

આવા વિચારોમાં ડૂબેલા જોયને જ્યારે કોઈ અથડાયું ત્યારે જ જાણે કે તેની તંદ્રા તૂટી તેણે નવાઈ સાથે જોયુ તો પોતે પાછો તે જ હોટલ પાસે આવી ગયો હતો જ્યાંથી તેણે શરૂઆત કરી હતી. તેને થયું પૃથ્વી ગોળ છે તે સાચું પણ તે આટલી નાની હશે કે એટલીવારમાં જ તે પાછો મૂળ જગ્યાએ આવી ગયો? તેના ચહેરા પર બીક પથરાઈ પણ તેણે જોયું તો પેલો હોટલવાળો છોકરો તેની સામે સ્મિત ફરકાવતો હતો. “કેમ ઉસ્તાદ, ક્યાં આંટો મારી આવ્યા? તમારા ગુરૂ હમણાં જ ગયા અને હા, તમારે માટે ચાના પૈસા પણ આપતા ગયા છે. બોલો શેઠિયા, કેવી ચા લાવું કડક કે મીઠી?”

જોયને થયું કે આ કેવું? પેલા ડ્રાઈવરે મારી ચાના પૈસા પણ ચૂકવ્યાં! શું તેને મારી હાજરીની જાણ હતી? ગમે

તે હોય પેટમાં કાંઈ નાંખવાની જરૂર તો હતી જ તો પછી આ ચાને જ તક કેમ ન આપવી? તેણે પણ સામે વળતું સ્મિત આપતાં ચા અને બીસ્કીટ લાવવાનો ઓર્ડર આપી દીધો. તરત જ તે ટેબલ પર હાજર થઈ ગયાં એટલે તેણે તો ઈશ્વરનો આભાર માની ન્યાય આપવાનું ચાલુ કરી દીધું.

હજી તો તે બીસ્કીટ પૂરી કરી ચા નો છેલ્લો ઘૂંટડો ભરે છે ત્યાં તેણે પેલા હોટલબોયનો અવાજ સાંભળ્યો. “આવો, શેઠજી, તમારા સાથીદારે તો નાસ્તો પણ કરી લીધો.” જોયના કાન-આંખ સતેજ થઈ ગયાં. તેણે જોયું તો પેલો ડ્રાઈવર પાછો આવી ગયો હતો અને તે દરવાજામાં જ ઊભો હતો. જોય છટકી શકે તેમ ન હતો. પેલા ડ્રાઈવરની પ્રશ્નાર્થ નજરનો ઉત્તર હોટલ બોયે આંગળી ચીંધીને આપ્યો કે ડ્રાઈવર સીધો જોયની પાસે ધસી આવ્યો. જોયને માટે કોઈ જ તક ન હતી. તે કાંઈ કરી શકે તે પહેલાં તો તેની બોચી પેલા ડ્રાઈવરના જરઠ હાથોમાં હતી. જોયના ચહેરા પરથી નૂર ઊડી ગયું હતું.

## પ્રકરણ - ૫

"કહાં ભાગતે થે, બચ્ચુજી? ચલો મેરે સાથ" કહેતાં ડ્રાઈવરે તેને લગભગ ધક્કો જ માર્યો. જોય ચૂપચાપ આગળ થયો. ડ્રાઈવરે તેને ટ્રકના આગળના ભાગમાં બેસાડ્યો અને પછી તેના બંને હાથ પાછળ બાંધી દીધા તથા પગ પણ બાંધી દીધા. તેણે જોયના વાળ પકડી તેનું ઢળી પડેલું માથું ઊંચુ કરીને કહ્યું, "બચ્ચાજી, હવે ભાગવાની કોશિશ કરીશ નહીં, તને પેલા ગામમાં સોંપીને જ મને જંપ વળશે."

કશો જ ઉત્તર આપ્યા વિના જોયે માથું ઢાળી દીધું. ડ્રાઈવર તો પાછો હોટલમાં બેસી ચા-નાસ્તો કરવા જતો રહ્યો. દરમ્યાનમાં તેણે આપેલા નિર્દેશ પ્રમાણે ટ્રકમાંથી ઘાસની ગાંસડીઓ ઊતરતી રહી. જોય ચૂપચાપ પોતાની પરિસ્થિતિ પર વિચાર કરતો બેસી રહ્યો હતો. મનોમન તે પ્રભુ આગળ પોતાનું હૃદય ઠાલવી રહ્યો હતો. પ્રભુ, આ શું? તમે મને આટલા માટે બચાવીને અહીં સુધી લાવ્યા? પરંતુ ત્યારે જ તેના માનસપટ પર પ્રેરિત પાઉલે રોમ નિવાસી મંડળીને લખેલી પંક્તિ યાદ આવી ગઈ. તેના પર પ્રેમ કરનારાઓને માટે સઘળું એકંદરે હિતકારક નીવડે છે. "ઊફ! શું ધૂળ હિતકારક નીવડાવાનું છે? હમણાં પેલો ડ્રાઈવર આવશે અને મને પેલા ઘાતકી હત્યારાઓના હાથમાં સોંપી દેશે પછી..." તેની બુદ્ધિ આવી દલીલોને લઈને વિરોધ કરવા લાગી ત્યારે પણ દેવના વચન પરનો તેનો વિશ્વાસ જળોની જેમ વચનને ચોંટી રહ્યો અને પરિણામે બુદ્ધિના ઊછાળા શાંત પડવા માંડ્યા. તેના

હૃદયમાં એક અજાયબ શાંતિ છવાવા લાગી. તેના હૃદયમાં ચાલતું દ્વંદ્વ ઓછેરું થવા લાગ્યું અને બીકનું ઘેરાયેલું વાદળ દૂર દૂર સરકવા લાગ્યું.

ત્યારે જ ડ્રાઈવર પાછો આવ્યો પોતાની સીટ પર બેસી ટ્રક ચાલુ કરતાં બોલ્યો, "ચલો, બેટે અબ અપની સજા ભુગતને કો ચલો." જોયે તેને કશો જ ઉત્તર આપ્યો નહીં. ટ્રક પાછી વળીને ધોરી માર્ગ પર દોડવા લાગી. પઠાણ ડ્રાઈવર નજરમાં એક ધિક્કાર ભરીને ગાડી ચલાવતો રહ્યો.

રાત્રિના અંધકારમાં જે કુદરતી વન સંપત્તિ જોયની નજરથી છૂપાઈ ગઈ હતી તે સૂર્ય પ્રકાશમાં સોહામણી લગતી હતી. પરંતુ તે સુંદરતા જોવા માટે જોયની આંખો ક્યાં હતી? તેને નજર સમક્ષ તો પેલા સરપંચ તથા તેના સાથીઓના ભંયકર ચહેરા રમી રહ્યા હતા.

ત્યારે જ પેલા પઠાણે મુખ ખોલ્યું "બચ્ચા, ખુદાઈ ઈન્સાફથી માણસ છટકી શકતો નથી તારી ઉંમર શી છે? આ ઉંમરમાં ભણવાને બદલે તું ખૂન-ખરાબા તરફ કેમ વળી ગયો છે? તારી પરિસ્થિતિ પર તરસ આવે છે પણ ગુન્હાની સજા તો મળવી જ રહી."

"ખાન સાહેબ," થોડીવાર મૌન રહી જોય બોલ્યો. "ગુનેગારને સજા કરાવવાની જે ધૂન તમારા મગજ પર સવાર થઈ છે તેને કારણે હું મારી સફાઈ પેશ કરીશ તો પણ તમે માનવાના નથી અને તેથી જ હું ચૂપ છું."

"તારી સફાઈમાં સચ્ચાઈ હશે તો મારો ખુદા તે

માનવા માટે મને દિલ દેશે અને આ તો ખાનચાચા છે, તું સાચી મુશીબતમાં હોઈશ તો હું તને સાથ દઈ બચાવીશ પરંતુ નકલી સચ્ચાઈને ખાન કદી પણ માફ કરતો નથી." ખાને પોતાના કથન પર ભાર દેતાં કહ્યું.

"સચ્ચાઈ તો એ છે ખાનચાચા, હું અને મારા ભાઈઓ ખૂની નથી પરંતુ જેમને તમે મારી સોંપણી કરવા આતુર છો એ લોકો જ છે." જોયે જાણે રહસ્ય પરથી પડદો ઊંચકી લીધો.

"શું?" ખાનના ચહેરા પર આશ્ચર્ય ફરી વળ્યું. તેણે એકદમ જ ટ્રકને બ્રેક લગાવી દીધી. ચુંઉંઉંઉં...ચીસ પાડતી ટ્રક એકદમ રોકાઈ ગઈ. એક વૃક્ષની છાયામાં ટ્રકને સાઈડમાં લેતાં ખાને કહ્યું, "જો છોકરા, મારી સાથે બનાવટ કરીશ તો હું તને છોડવાનો નથી."

"ખાનચાચા, મારા પ્રભુએ મારી પાસે જુઠું બોલાવ્યું નથી અને એ સચ્ચાઈને કારણે જ મારા પિતા સરપંચના દુશ્મન બન્યા અને તક મળતાં એ ક્રૂર હત્યારાએ મારા બેકસૂર પિતાને રહેંસી નાખ્યા. તેના આ બેરહમ કૃત્યના અમે ચશ્મેદીદ ગવાહ (નજરે જોનારા સાક્ષી) છીએ તેથી જ તેના માણસો અમારી પાછળ પડ્યા છે અને અમને મારી નાખવા ચાહે છે." જોયે દઢતાથી પોતાની વાત દોહરાવી.

"સુબ્હાનલ્લહ, શું કહે છે છોકરા?" ખાને ગાડી બંધ કરાં કહ્યું, "જો એમ છે તો તેનું કારણ શું છે?"

"ખાન ચાચા, વાત ઘણી લાંબી છે પણ મારી સચ્ચાઈને પૂરવાર કરવા તે જરૂર તમને કહીશ." જોયે એક નજર પોતાના બંધનો પર નાંખતા કહ્યું. તેની નજરનો અર્થ

ખાન સમજી ગયો. તેણે તેના બંધનો ખોલતાં કહ્યું, "છોકરા, હું તને ખોલીશ પણ તારી કોઈ જ ચાલાકી ચાલશે નહિ. કદાચ તું કોઈ હોંશિયારી વાપરી મારા હાથમાંથી છટકી જઈશ તો સાતમા પાતાળમાંથી પણ હું તને ખેંચી લાવીશ અને કદાચ તું છટકી જવામાં સફળ થઈશ તો પણ કયામતના દિવસે ખુદા તને માફ કરીને છોડશે નહિ." આકાશ તરફ જોતાં ખાને કહ્યું.

"ખાનચાચા, એ જીન્દા ખુદા પરના વિશ્વાસને કારણે જ હું તમને જે કહીશ તે સાચું જ કહીશ. અને કયામતના દિવસે તે મને બેકસૂર જ ઠરાવશે તેવો મારો દૃઢ વિશ્વાસ છે." જોયે કહ્યું. ખાને માત્ર ભવાં ઊંચક્યા પણ કાંઈ બોલ્યો નહિ. જોયે સરપંચના માણસોની ચોરી પકડવાથી માંડીને એ ભયાનક ખૂની રાતની વાત સવિસ્તાર કહી સંભળાવી. ખાન સ્ટીયરીંગ વ્હીલ પર ઝુકીને તે સાંભળી રહ્યો. પછી બોલ્યો.

"યા ખુદા, એક બેગુનાહને હું ગુનેગારોને હવાલે કરવા જતો હતો. તો પણ હું આની ખાતરી મારી રીતે કરી લઈશ. ચાલ હવે ઘણો સમય ગયો છે અને પેટમાં તો બિલાડા બોલવા લાગ્યાં છે માટે કોઈ જગાએ તેમને શાંત કરીએ." કહેતાં ખાને ટ્રક ચાલુ કરીને એક્સીલેટર આપ્યું.

"ખાન ચાચા, તમારી તપાસમાં મારી કોઈપણ વાત ખોટી નીકળે તો તમને ઠીક લાગે તે શિક્ષા તમે મને કરી શકો છો, પણ હું અને મારો પ્રભુ જાણીએ છીએ કે આખી વાતમાં અસત્યને સ્થાન નથી." જોયે દૃઢતાપૂર્વક જણાવ્યું.

## પ્રકરણ – ૯

હાઈવે પર આવેલી એક નાનકડી હોટલ આગળ ટ્રક ઊભી રાખીને ખાન તથા જોય નીચે ઊતર્યા અને બે ભાણાંનો ઓર્ડર આપી બંને વાતે વળગ્યા. તેમની સમક્ષ ખાવાનું આવતાં જ તેઓ વાતોને બાજુ મૂકીને શરૂ થઈ ગયા. જોય કરતાં ખાને વહેલાં પરવારી લીધું અને હાથ ધોઈ તે ઊભો થયો. ગલ્લા આગળ જઈ બીલ ચૂકવ્યું અને વરીયાળી મોંમાં મૂકી તે જોય પાસે આવ્યો અને કહ્યું, "દીકરા, તું પતાવીને ટ્રકમાં આવ હું ત્યાં બેઠો છું." જોયે ઈશારાથી "ભલે" કહ્યું અને વળી પાછો થાળી પૂરી કરવાના કામે લાગી ગયો.

ખાન જેવો હોટલની બહાર મૂકેલી ટ્રક પાસે આવ્યો ને તેણે જોયું કે એક જીપ તેના આગળ જ આવીને ઊભી રહી અને તેમાંથી પેલા જ માણસો ઊતરતા હતા જેમણે જોય વિષે પૂછપરછ કરી હતી. ખાનને થયું જોયની વાતની ખાતરી કરી લેવાની આ જ તક છે. તેથી તે સીધો પેલા લોકોની સામે ગયો. પેલી જીપમાંથી પણ દરેક જણ તેને ઓળખી ગયા અને ચહેરા પર થોડું સ્મિત ફરકાવી પૂછ્યું "કેમ ખાન? પછી કોઈ છોકરો મળ્યો હતો તને?"

પેલાની તોછડાઈ ખાનને ગમી નહિ, પણ ધીરજથી તેણે પૂછ્યું, "ના ભાઈ, પણ મને એમ જાણવા મળ્યું કે એ છોકરાએ કોઈ ખૂન નથી કર્યું, તો સાચી વાત શી છે?"

પેલાના ચહેરા પર કઠોરતા છવાઈ ગઈ, "જો ખાન" કહેતાં પેલાએ આગળ આવી ખાનના ખભાને દબાવ્યો,

"અમારા ગામમાં અને આ હાઈ-વે પર અમે જે કહીએ તે જ સચ્ચાઈ હોય છે. સમજ પડી?" અને પછી ખાનની સામે લાલઘુમ ડોળા કાઢતાં બોલ્યો, "તારે એવી શી પંચાત છે? તને છોકરો મળ્યો હોય તો કહી દે જો અમારાથી કાંઈ છૂપાવીશ તો પછી તારી ખેંર નહી રહે." આમ કહેતાં તેના હાથમાં ધારદાર ચપ્પુ આવી ગયું અને ખાનને પોતાની રૂક્ષતાનો પરિચય આપવા માટે તેણે તેની ધાર તેની દાઢીને અડાડી દીધી.

તેના ઉત્તર તથા વર્તને ખાનના હૃદયમાં બધાં જ ખુલાસા ભરી દીધા. અને ખાનની આંખોના ખૂણામાં આગ ઊભરાવા માંડી. તેણે ખુમારીથી પૂછયું, "તુમ લોગ ખાન બચ્ચાકો ધમકી દેના માંગતે હો?" પેલાના ચહેરા પર એક ઘૃણાયુક્ત હાસ્ય ફેલાયું, "હમ કીસી ખાનસે ડરતે નહી સમઝા?" કહેતાં તે પોતાના હાથમાં રહેલા ચપ્પુની ધારને ખાનની દાઢીમાં દબાવીને સહેજ લોહી કાઢવા જતો હતો પણ ત્યાં જ ખાનની એક જોરદાર લાતે તેને જમીનદોસ્ત કરી દીધો. તેના હાથમાં રહેલું ચપ્પુ હવામાં ઊડીને તેની આગળ હોટલમાં જઈ રહેલા સાથીની પાસે જ પડ્યું. તેણે ચમકીને જોયું તો તેનો એક સાથી ધૂળ ચાટતો હતો. બીજા બે પેલા ખાનની સાથે લડી રહ્યા હતા પરંતુ વાસ્તવમાં તો બંને ખાનના મુક્કાઓનો સ્વાદ ચાખી રહ્યા હતા અને ગડથોલાં ખાતાં સામનો કરવાનો નિર્થક પ્રયાસ કરી રહ્યા હતા. પેલાએ ઝડપથી પગ પાસે પડેલું તેના સાથીનું ચપ્પુ ઉઠાવ્યું અને ધસી ગયો.

તે જ વખતે જોય જમીને હાથ લૂછતો લૂછતો બહાર

આવ્યો. તેણે પણ ધમાચકડીનો અવાજ સાંભળ્યો હતો અને શું થઈ રહ્યું છે તે જાણવા તે ઉત્સુક હતો. બહારના દશ્ય પર નજર પડતા જ તેના પ્રશ્નોનું સમાધાન થઈ ગયું. પરંતુ તે સાથે જ ખાન પરના જોખમને તેણે જોઈ લીધું. હાથોહાથની લડાઈમાં તો જોરાવર ખાન ત્રણને પણ પહોંચી વળે તેવો હતો પરંતુ ત્રીજાના વિષે તદ્દન બેખબર અને અસાવધ હતો. પેલો ગૂંડો પણ કદાવર હતો. અને હવે તો પેલો ખાનની એટલો નિકટ હતો કે જોય પ્રયત્ન કરે તો પણ સમયસર પહોંચી શકે તેમ ન હતો. તેથી તેણે લગભગ ચીસ જ પાડી. "ખાનચાચા...પાછળ..."

તેની ચીસની સાથે જ બે વાત બની. ખાને ચમકીને પાછળ જોયું તેથી પેલા બે મારા ખાનારા ગૂંડાઓને ભાગવાની તક મળી અને તેઓ દોડીને જીપમાં ગોઠવાઈ ગયા. તો તે સાથે જ પેલા ગૂંડાએ જેના હાથમાં ચપ્પુ હતું તેણે પણ ઘા તો કર્યો પણ તેની પાછળનું જોર ઓછું થઈ ગયું અને વળી ખાન ત્વરાથી પાછો ફર્યો હતો એટલે ઘા ઘસાતો વાગ્યો. ખાનના પડખાને તેના ચપ્પુએ ચીરી નાંખ્યું. રક્તધારાઓ વહી નીકળી ત્યારે આજુબાજુ લોકો પણ એકઠા થવા લાગ્યા હતા તે જોઈ ગુંડો બીજો ઘા કરવા રોકાયો નહી પણ તેણે નીચે પડેલા પોતાના સાથીને ઊંચકી લીધો અને જીપ તરફ દોડ્યો દરમ્યાનમાં પેલા બેમાંથી એક જણે જીપ ચાલુ કરી દીધી હતી જેવા પેલા બાકીના બે અંદર ગોઠવાયા કે એક જોરદાર આંચકા સાથે જીપ હાઈવે પર દોડવા માંડી અને તેમનો પીછો કરવાનો કોઈ વિચાર કરે તે પહેલાં તો એ જીપ આંખો આગળથી ઓઝલ થઈ ગઈ હતી.

પડખું દબાવતાં ખાને જીપ પાછળ દોડવાનો પ્રયત્ન કર્યો પરંતુ. થોડે દૂર જતાં જ તે ઠોકર ખાઈને પડી ગયો. જોય દોડીને ખાન પાછળ ગયો. તેણે ગબડી પડેલા ખાનના માથાને પોતાના ખોળામાં લીધું અને 'ખાનચાચા ખાનચાચા...' પોકારવા લાગ્યો પરંતુ રક્ત વહેવાને કારણે ખાનની આંખો મીંચાતી જતી હતી અને તે ભાન ગુમાવતો જતો હતો તેનો હાથ પડખાના ઘાને જોરથી દબાવી રહ્યો હતો તેના હોઠ ફફડતા હતા પરંતુ અવાજ બહાર આવતો ન હતો. જોયની ચિંતાગ્રસ્ત આંખોમાં ખારાં પાણી ધસી આવ્યાં.

ત્યારે જ આજુબાજુ ટોળે વળેલામાંથી કોઈએ કહ્યું, "છોકરા, તારા ખાનચાચાને દવાખાને લઈ જવાની જરૂર છે." તે વાત તો જોયને સમજાતી હતી પરંતુ આ ભારેખમ ખાનને ઉપાડીને દવાખાના સુધી લઈ જવા કેવી રીતે? તેણે તરત જ મસ્તક નમાવી ઝડપથી એક ટૂંકી પ્રાર્થના કરી અને હજી તો તે આમેન કરે ત્યાં તો તેની પ્રાર્થનાના ઉત્તર સમક્ષ હતો.

તે ટોળામાં એક ડોક્ટર પણ હતા. તેણે આગળ આવીને ખાનને તપાસ્યો અને જોય તરફ જોતાં કહ્યું, "દીકરા, ચિંતા ન કરીશ. આ મોટો જીવલેણ ઘા નથી પણ રક્ત વહેવાને કારણે તે બેભાન છે, હું પાટો બાંધી આપું છું. થોડીવારમાં તે ભાનમાં આવી જશે."

થોડા માણસોની મદદથી ખાનના શરીરને એક ખાટલા પર ગોઠવવામાં આવ્યું. તેનું શર્ટ કાઢીને ડોક્ટરને તેમની જીપની ડેકીમાંથી લાવેલી બેગમાંથી દવા અને પાટાં

કાઢીને ડ્રેસીંગ કરી આપ્યું અને એક ઈજેક્શન પણ આપ્યું, દરમ્યાનમાં જોયે ખાનના ખીસામાંથી મળેલા પૈસામાંથી થોડા ડોક્ટરને આગ્રહ કરીને ચૂકવ્યા અને બાકીના યોગ્ય જગાએ મૂકીને ખાનના ખાટલા પાસે બેસી ગયો. તેના મનમાં અનેક પ્રકારના વિચારો આવતા હતા તો પણ પ્રથમ તેણે ઘૂંટણો પર આવી તેની પ્રાર્થનાના ઉત્તર માટે ઈશ્વરપિતાનો આભાર માન્યો.

ઘણીવાર પછી ખાન ભાનમાં આવ્યો ત્યારે તેના ખાટલા પાસે બેઠેલો જોય થાક ઉજાગરાને કારણે માથું ટેકવીને ઊંઘતો હતો. ખાને પોતાને ખાટલામાં જોયો અને પાટો બાંધેલો જોઈ તે કામ જોય દ્વારા થયું હશે તે વાત તે સમજી ગયો. જોયના માસુમ દેખાતા ચહેરાને પિતૃપ્રેમથી ચૂમી લેવાનું તેને મન થયું. જોયના ચહેરા પર ધસી આવેલ વેર વિખેર વાળની લટને તેણે સમારી કે તરત જ જોયની આંખો ખૂલી ગઈ તેણે ખાનના પ્રેમભર્યા ચહેરાને પોતાની પર ઝુકેલો જોયો તેની આંખોમાં પણ આનંદ ચમક્યો.

“ખાનચાચા, કેમ છે તમને?” જોયે પૂછી લીધું.

“બેટા, ખુદાના શુકરથી સારું છે પણ એ બદમાશોને હવે હું છોડીશ નહિ.” કહેતાં ખાને હોઠ ભીંસ્યા.

“ના ખાનચાચા, હમણાં તમારે આરામની જરૂર છે અને આપણે એકલા છીએ. હમણાં આપણે કોઈ સારે સ્થાને જઈને વ્યવસ્થિત યોજના કરવાની જરૂર છે.” જોયે સહેજ વિચારતા જણાવ્યું.

“અરે બેટા. દુશ્મનનો મુકાબલો ખાન ગમે ત્યારે પણ કરી શકે છે. ઊઠ, ઊભો થા, ચાલ મારી સાથે આજે

હું તને બતાવવા ચાહું છું કે ખાન પર હાથ ઉઠાવનારના શા હાલ થાય છે." કહેતાં ખાન ઊભો થઈ ગયો.

"ખાનચાચા, ઉશ્કેરાવાની જરૂર નથી. બદલો તો મારે પણ લેવો છે. એ લોકોએ મારી નજરો સમક્ષ મારા પિતાની છાતીમાં ખંજર હૂલાવ્યું છે. મારા ભાઈઓને મારાથી વિખૂટા પાડ્યા છે અને કદાચ તેમને પણ મારી નાંખ્યા હોય તો કહેવાય નહિ, પણ હમણાં હું બદલો લઈ શકું તેમ નથી..."

"બેટા, બદલો લેવો જ હોય તો આજકાલ જોવાની જરૂર નથી. આગળ પાછળનો હિસાબ તો કાયરો કરે છે. જવાંમર્દો તો કામ કરવા જ ધસી જાય છે. શું તારી હિંમત ચાલતી નથી? તો તું અહીં રહે હું એકલો જ જઈશ."

"ખાનચાચા, ગણતરી એટલા માટે કરું છું કે મારે પૂર્ણ બદલો લેવો છે. માત્ર તેના બેચાર ગૂંડાઓને જ મારવા નથી. તેમના સરદાર સરપંચને પણ એવો પાઠ બણાવીશ અને કૂતરાનું પણ મોત સારું કહેવાશે એવા મોતે હું મારીશ, પણ આજે નહિ..." કહેતાં જોયના મુખ પર પણ કરડાકી આવી ગઈ.

ઘણી દલીલોની આપલે પછી ખાન જોયના વિચારો સાથે એક મત થયો અને બંનેજણા હોટલવાળાનો આભાર માની ટ્રકમાં ગોઠવાયા અને હવે તો ટ્રક જુદી જ દિશામાં દોડવા લાગી.

જોયની વાત અને અંદાજ સાચો હતો. તેમની વિદાય પછી થોડીવારમાં જ થોડા વધુ ગૂંડાઓ સાથેની એક

મેટાડોર ત્યાં આવી અને હોટલવાળાને ધમકી આપી પૂછપરછ કરી અને માહિતી મેળવી તેમણે પણ ટ્રકની દિશામાં જ મેટાડોર મારી મૂકી.

## પ્રકરણ – ૭

માથે પાટો બાંધેલો સરપંચ તકિયાની સહારે પલંગમાં બેઠો હતો. તેના એક ખભા પર પણ પાટા બાંધવામાં આવ્યા હતા કેમકે પેલા માસ્તરના રૂમમાં આગથી તેનો ખભો તથા એક હાથ સખત રીતે દાઝી ગયા હતા. તેના માણસોએ છેવટે બારણાં તોડીને તેને બચાવી લીધો હતો અને અકસ્માત લાગેલી આગને તેમણે જાતે જ ચારેબાજુ ફેલાવી હતી જેથી એ ઘર અને મૃત માસ્તરનો દેહ ભસ્મીભૂત થઈ ગયાં હતાં. લોકો આગના ભડકા જોઈને એકઠાં તો થયાં હતાં પણ તેઓ તેને હોલવવાના કોઈ પ્રયત્ન કરે તે પહેલાં તો આગે તેની લપટોમાં બધું સ્વાહા કરી દીધું હતું, બીજે દિવસે પોલીસ, તપાસ અંગે આવી હતી. પરંતુ અકસ્માતે લાગેલ આગમાં માસ્તર તથા તેનાં છોકરાં બળી મર્યા છે એવાં કાગળો તૈયાર કરી અને સરપંચની મહેમાનગતિ માણીને પાછી ફરી હતી.

ગામમાં સોપો પડી ગયો હતો. મોટાભાગના લોકો સમજી ગયા હતાં કે સરપંચના માણસોની સામા થવાને કારણે માસ્તર તથા તેનું કટુંબ સર્વનાશનો ભોગ બની ગયા હતા. હવે તેના માણસોની સામે થયેલો કેસ પણ લૂલો પડી ગયો હતો. મુખ્ય સાક્ષીઓનું નિકંદન નીકળી ગયું હતું.

અને હવે એવો કોણ બે માથાનો હોય કે સરપંચની વિરૂદ્ધ સાક્ષી આપે? સામાન્ય લોકોને તો "પાણીમાં રહેવું અને મગર સાથે વેર રાખવું" પોસાય તેમ ન હતું. તેની સામે પડીને કશા કાંદા નીકળવાના નથી તેવા તેના હૂંકારને ગામે જાણે કે નીચી મૂડીએ સ્વીકારી લીધો હતો.

તો પણ સરપંચ ખૂબ પહોંચેલો માનવી હતો. તેણે કરેલા ગુન્હાના નજરોનજર જોનાર ત્રણ સાક્ષીઓ હજી બહાર હતા અને જ્યાં સુધી તેમને ઠેકાણે કરવામાં ન આવે ત્યાં સુધી તેઓ ગમે ત્યારે તોફાન કરી શકે તેમ હતા. તેથી શત્રુને ઊગતો જ દાબી દેવા માટે તેણે કમર કસી હતી. તેની આગેવાની હેઠળ માત્ર ગામની સરપંચી જ ન હતી પણ તેના ધંધા તથા હાથ લાંબા હતા. તેના માણસો તેનો માટે અનેક કામો કરી શકતા હતા. તેથી તેણે પેલા ત્રણે છોકરાને શોધવાની સૂચના આપી દીધી હતી અને ત્રણેને શોધી લાવનાર માટે ઈનામની લાલચ પણ આપી હતી. જો તે જઈ શકતો હોત તો પોતે જ કામ હાથમાં લઈ લેત પણ પેલા માસ્તરના ટબૂરિયાઓના પરાક્રમે તેને થોડા દિવસ માટે નકામો કરી દીધો હતો અને ડોક્ટરે તો જણાવ્યું હતું કે કદાચ એક હાથ કાપી નાખવો પણ પડે. હલનચલનમાં થતી વેદના સરપંચને પેલા છોકરાઓની કટુ યાદ આપી દેતી અને તે સાથે જ તેના મનનો રોષ દ્વિગુણિત થઈ જતો. તેના હાથમાં કેસર દૂધનો પ્યાલો હતો અને હુંફાળા દૂધને તે ધીમે ધીમે ગળા નીચે ઉતારી રહ્યો હતો ત્યાં જ બહાર જીપ ઊભી રહેવાનો અવાજ સંભળાયો અને થોડી જ ક્ષણોમાં તેની સામે તેના માણસોએ આવીને સલામો ભરી. એમાંથી બેના મોં ઉપર વિવિધ જગ્યાએ ઢીમણાં ઉપસી

આપ્યાં હતાં અને એક તેની કમર નીચે ભાગને પંપાળતો ઊભો હતો.

સરપંચે દૂધનો ઘૂટડો ગળે ઊતારતાં આંખથી જ પ્રશ્ન ઊછાળ્યો.

"સરકાર, ભાગેડુ એક છોકરાનો પત્તો લાગ્યો છે." એક જણે વાતની શરૂઆત કરી. સરપંચના ચહેરા પર સંતોષ સહિતનું સ્મિત ફેલાયું. "એમ? ક્યાં છે તે? અહીં હાજર કરો." એક જ ઘૂંટડે આખો ગ્લાસ ખાલી કરતાં તેણે હુકમ કર્યો.

"જી...જી...એ શક્ય નથી." પેલાની જીભ થોથવવા લાગી.

"કેમ?" પળવારમાં સરપંચના ચહેરાની પ્રસન્નતા ઊડી ગઈ ને રૂક્ષતા તથા કરડાકી આવી ગયાં. "શું બકે છે?"

"સાહેબ, પ્રસંગ એવો બની ગયો કે અમારે ત્યાંથી ભાગવું પડ્યું. અને એ છોકરાનો પીછો કરી શક્યા નહી." પેલાએ બેચેનીપૂર્વક કહ્યું. એ સાંભળતાં જ સરપંચના ક્રોધનો લાવા ફાટી પડ્યો. "તો અહીં શું ઈનામ લેવા દોડી આવ્યા છો?" કહેતા તેણે હાથમાંનો પ્યાલો પેલાના મોં પર જોરથી છૂટો માર્યો. પેલાના મોં પર તેનાથી ઘા થયો અને લોહી ફરી નીકળ્યું. તે બધા જ મુખ ઢાળીને ઊભા રહ્યા. પરિશ્રમને કારણે સરપંચના શરીરમાં વેદનાનો જોરદાર સણકો ઉપડ્યો અને તે કણસી ઊઠ્યો થોડીવાર તે આંખો બંધ કરીને વેદનાને પીતો રહ્યો. પછી તેણે આંખો ખોલીને

જોયું તો પેલા હજી પણ નત મસ્તકે ઊભા હતા. ફરીથી તેના ક્રોધે ઊછાળો માર્યો "ઓ બેવકૂફો, હવે જલ્દી ભસો તો ખરા શું થયું?"

સરપંચના ક્રોધથી ઘા ખાઈ ગયેલા ચારે ગૂંડઓમાંથી એકે પોતાનું મુખ ધીમેથી ખોલ્યું અને હાઈવેની હોટલ આગળ બનેલા બનાવનું વર્ણન કર્યું અને ત્યાં તેમણે માસ્તરના છોકરાને ખાનની પાછળ બૂમ પાડતો દોડતો જોયો હોવાની વાત પણ કરી. સરપંચ ધ્યાનથી તેની વાત સાંભળતો રહ્યો અને પછી ગરજ્યો.

"મરી જાઓ, નાલાયકો. ચાર ચાર જણ થઈને એક પઠાણનો માર ખાધો અને એક નાના છોકરાને પકડી શક્યા નહી! લોકો જાણશે તો મારી ધાક શી રહે?"

"પણ સાહેબ, લોકોનું ટોળું જમા થઈ રહ્યું, હતું અને પોલીસના લફરાથી અમે દૂર રહેવા ચાહતા હતા. તો પણ પેલો ડ્રાઈવર ઘાયલ છે અને અમને લાગ્યું કે પેલો છોકરો તેની સાથે જ હતો. માટે તેઓ હજી ત્યાં જ હશે અને હવે ટોળાં વિખેરાઈ ગયાં હશે વળી પાછો આટલો જલ્દી હલ્લો આવશે એવી કલ્પના પણ તે ના જ કરે? માટે જ અમે તમારી પાસે રિપોર્ટ આપવા અને થોડી વધુ સહાય માટે આવ્યા છીએ."

સરપંચને આ વિચાર ગળે ઊતર્યો. તેણે ઘૂરકિયું કરતાં કહ્યું, "સારું જાઓ. તમારી સાથે બે રાઈફલ અને તમંચો પણ લઈ જાવ. જીપને બદલે મેટાડોર લઈ જાવ. તપાસ કરવાની હોય ત્યાં એક જ જણ ઊતરજો પણ આજે તો છોકરો જીવતો કે મરેલો મારી આગળ રજુ થવો

જોઈએ. જરૂર પડે તો પેલા ડ્રાઈવરને પણ ખતમ કરી દો પણ હવે છોકરો તમારા હાથમાંથી છટકવો જોઈએ નહિ. શું સમજયાં?" ઉત્તરમાં ચારેનાં ડોકાં ધૂણ્યા અને સલામ ભરી. તેઓ બહાર આવ્યા. તેમણે તેમના દળમાં બીજા બેનો ઉમેરો કર્યો અને મેટાડોર કાઢી પેલી હોટલ તરફ લીધી.

"ગુરુ, મારા તો હોશ ઊડી ગયા હતા. સરપંચ ધડાકે દેશે એમ જ લાગતું હતું." એક જણે તેમના નેતા તરફ જોતાં કહ્યું.

"છટ્" પેલાએ ધૃણાના ભાવ ચહેરા પર લાવતાં કહ્યું "પણ આ વખતે જો નિષ્ફળતા મળી તો ઈનામમાં ધડાકો જ મળવાનો છે એ યાદ રાખજે."

હોટલ આવી જતાં એક જણ નીચે જઈને માહિતી લઈ આવ્યો, "એ લોકો ઊંચી ઘાટીવાળા વિસ્તાર તરફ ગયા છે અને તેમને હજી બહુ વાર થઈ નથી માંડ અડધો કલાક ગયો હશે."

"મૂર્ખ લોકો" બોલતાં પેલા ગુરુના મુખ પર સ્મિત ફરી વળ્યું. "એ તેમની કબર તરફ જ વળ્યા છે ચાલો બંધુઓ, શિકાર માટે તૈયાર થઈ જાઓ. જો કે ખાસ મહેનત કરવી પડે તેવું મને લાગતું નથી." પછી તેણે ડ્રાઈવરની સીટ પર બેઠેલા સાથીને કહ્યું. "ઉસ્તાદ, અબ અપના કમલ દિખાઓ."

પેલાએ કાંઈ પણ બોલ્યા વિના ગાડી સ્ટાર્ટ કરી. એક જોરદાર આંચકા સાથે ગાડી રસ્તા પર દોડવા લાગી અને

એક પછી એક એમ ઘણાં વાહનોને ઓવરટેક કરતી તે પેલી ટ્રકનો કાળ બનીને તેની નિકટ ધસતી રહી.

પહાડી વિસ્તારનો આ રસ્તો ગોળાકાર હતો અને ઉપરની તરફ જતો હતો. આગળ જઈ રહેલી ટ્રકમાં જોય અને ખાન વિચારોની આપલે કરતાં આગળ જતા હતા ત્યાં જ જોયને એક વિચાર આવ્યો તેણે એકદમ જ ખાનચાચાનો હાથ પકડતાં કહ્યું, "ખાનચાચા, ટ્રક રોકો" ખાનના ચહેરા પર આશ્ચર્ય લીંપાયું તો પણ તેણે ચ્યુઉઉઉ...કરતી બ્રેક મારી અને ગાડી ઊભી રાખી.

"ખાનચાચા" જોયે કહ્યું "આપણે પીલનગરથી મારા ત્રણ ભાઈઓને સાથે લઈ લઈએ તેઓ સાથે હશે તો આપણે વધુ સંગઠિત થઈને કામ કરી શકીશું."

"ઠીક બેટા," કહેતાં ખાને ગાડી થોડી રીવર્સમાં લઈને પાછી મોટો યુ ટર્ન લીધો. હવે તેમની ગાડી ઉપર જવાને બદલે નીચે જતી હતી. સામેથી દુશ્મન પૂર ઝડપે આવી રહ્યો હતો. બંને વચ્ચેના અંતરને કપાવાનો સમય ઝડપથી ઘટતો ગયો. થોડી જ વારમાં બંને વાહન પરસ્પરની નિકટ આવી ગયાં, પણ ગૂંડા ટોળીને એવી તો કલ્પના પણ ક્યાંથી આવે કે શિકાર ભાગવાને બદલે સામો આવે છે. અને પરિણામે કશી જ અથડામણ વિના બંને વાહનો એકબીજાની નિકટથી સરી ગયાં.

જો કે મેટાડોરમાં પાછળ બેઠેલા એક જણના ધ્યાનમાં તે ટ્રક આવી. ગઈ પણ આગળ જતો એક શિકાર પાછો કેવી રીતે જાય? એમ માની તે ચૂપ રહ્યો. સમય સરતો રહ્યો પણ શિકાર હાથમાં ન આવતાં તેમનો આગેવાન

ઘૂંઘવાયો, “ઉસ્તાદ, શું વાત છે? શિકાર હજી કેમ દેખાતો નથી?” ત્યારે પેલાએ ઉત્તર દીધો, “ગુરુ, જે ઝડપે આપણે આવ્યા તે ઝડપે તો ૩૦ મીનીટ પહેલાં જ શિકાર પકડાઈ ગયો હોવો જોઈએ. મને નવાઈ લાગે છે એ લોકો ઊડીને જાય છે કે શું?” ત્યારે જ પેલાએ તેને દેખાયેલી ટ્રકની વાત કરી. તે સાંભળીને સરદારના મોંમાંથી ગંદી ગાળ સરી પડી, “મુરખના જામ, તો પછી પહેલાં ભસતાં શું થતું હતું?”

પણ હવે શું થાય? ત્યાં જ તેના મગજમાં બત્તી થઈ. તે જોરથી બોલ્યો, “ગાડી રોકો” ગાડી ઊભી રહી એટલે તે એક ટેલીસ્કોપીક ગન લઈને નીચે ઊતર્યો. તેના હાથમાં એક દૂરબીન પણ હતું. તેના સાથીઓ સમજી ગયા. આ ગોળાકાર રસ્તા પર દરેક પોણા કલાકે દૂર દૂર નીચે જતું વાહન એકવાર તો નજરે ચઢે જ. સરદાર ગોળીથી તેને રોકી દેવા ચહાતો હતો અથવા ફૂંકી દેવા ચાહતો હતો. બીજા પણ તેમની ગન સાથે તૈયાર થઈ ગયા.

તેમને વધુ રાહ જોવી પડી નહીં એક સાથે પાંચ ગન ફૂટી. સાઈલેન્સરને કારણે અવાજ થયો નહી પણ નીચે જતી ટ્રકે અચાનક કાબુ ખોયો અને આંચકા સાથે ખીણમાં ગબડવા માંડી. તેમાં આગ પણ લાગી ચૂકી હતી.

# પ્રકરણ – ૮

જ્યારે જોય તથા ખાનની ટ્રક પેલી મેટાડોર પાસેથી પસાર થઈ ત્યારે તેમના મનમાં પીછો થયાનો સહેજ પણ અણસાર ન હતો. અને વળી ખાન તેના વિચારોમાં તથા જોય પોતાના ભાઈઓના વિચારોમાં ખોવાયેલા હતા. શત્રુ વિષે તેમને કશી જ ખબર ન હતી. અચાનક જ ગોળીઓનો જાણે વરસાદ થયો. એક ગોળી કાચ વિનાની બારીમાંથી ખાનની ખોપરીમાં ઘૂસી ગઈ. ખાન સ્ટીયરીંગ વ્હીલ પર જ ઢળી પડ્યો. બીજી ગોળી ટ્રકના ટાયરમાં વાગી અને પંક્ચર પાડી દીધું. એક જોરદાર ઝટકા સાથે ટ્રક ઉછળી ત્યાં જ ત્રીજી ગોળી તેની પેટ્રોલની ટાંકીમાં વાગી અને તે ધડાકા સાથે ફાટીને આગની લપટો ટ્રકને વીંટળાઈ વળી જોયના નસીબે તે બીજી બારી તરફ ઢળીને બેઠો હતો. તે કાંઈ સમજે તે પહેલાં તો આંચકા ખાતી ટ્રક નીચે ખીણમાં ગબડવા માંડી હતી. જોયને ગોળી વાગી ન હતી તે ખરું પણ બચવાની કોઈ શક્યતા હતી નહી. કેમકે દીવાસળીના ખોખાની જેમ ખીણ તરફ ધસે જતી ટ્રકને આગે ખતમ કરવા માંડી હતી અને જોરદાર લાગતા આંચકાઓ વચ્ચે ખાનનું રક્તભીનું શરીર પણ કોઈવાર તેની પર ધસી આવતું અને કોઈવાર તે પોતે તેની પર ગબડી પડતો. તેના ચીકણા થયેલા હાથો વડે જોય કશું સરખું પકડી શકતો જ ન હતો. ત્યાં વળી દરવાજો તો કેવી રીતે ખોલીને બહાર કૂદે? મૃત્યુ જોયની નજર સમક્ષ આવી ઊભું. આવી પરિસ્થિતિમાં જોય શું કરે? એક જ શ્વાસમાં તેણે સર્વસત્તાધારી ઈશ્વરને બચાવ સંદેશ મોકલી આપ્યો.

ત્યારે જ ગબડતી ટ્રક એક નાનકડી ઝાડીમાં પડી અને શું થયું તેની જોયને સમજ પડી નહીં પરંતુ જે બારી ખોલવાની તે નિષ્ફળ કોશિષ કરી રહ્યો હતો તે ધડામ કરતી ખુલી ગઈ અને જોય બહાર ફંગોળાયો. પણ ત્યા તો તેના શરીરે જવાબ દઈ દીધો હતો અને તે બેહોશીની ગર્તમાં સરી ચૂક્યો હતો. જો કે ઝાડીમાં પડવાને કારણે તેને વાગ્યું ન હતું. તો પણ ટ્રકમાં જે રીતે ભટકાયો હતો તેનો માર તો વાગ્યો જ હતો. બેહોશ જોય ઝાડીમાં પડ્યો ન પડ્યો ત્યાં જ ટ્રકે વળી પાછો ઊછાળો ખાધો અને નીચેના ભાગમાં દડવા માંડી.

ઉપરના ભાગમાં દૂરબીન દ્વારા જોઈ રહેલા ગુંડાઓના મુખ પર સ્મિત પથરાતું જતું હતું. તેમની કામગીરી પૂર્ણ થઈ હતી અને સફળતા મળી હતી. ખૂબ જ ઊંચાઈએથી નીચે પટકાઈ પડેલી ટ્રકમાં કોઈ જીવિત રહે તેવી શક્યતા જ ન હતી અને તેમાંયે કદાચ બચી જવાની તક હોય તો પણ ટ્રકમાં લાગેલી આગ એ કામ પૂરું કરી દેશે એ વાતમાં તો ગુંડાટોળીને કોઈ શંકા જ ન હતી. છતાંય તેમનો સરદાર કોઈપણ જોખમ લેવા ચાહતો ન હતો. દોડતી જતી ટ્રકમાંથી કોઈ કૂદી પડતું તો નથી તેની તેને ખાતરી કરી લેવી હતી તેથી ટ્રકની ઉપર જ તેણે દૂરબીન સેટ કરી દીધું હતું. જ્યારે જોય ટ્રકમાંથી ઝાડીમાં ફંગોળાયો ત્યારે બારીનો ભાગ નીચે હતો તેથી ઉપરથી દૂરબીનમાંથી જોઈ રહેલાં ગૂંડા સરદારને તે વાતની ખબર પડી નહી અને ફરીથી ટ્રક ત્યાંથી ઊથલી ત્યારે દરવાજો પાછો વસાઈ ગયો હતો અને ટ્રક તો આગળ વધી ગઈ પણ જોય ત્યાં જ પડી રહ્યો હતો.

ખૂબ નીચે દડી પડેલી ટ્રક હવે તો થોડી સપાટ ભૂમિ પર અટકી ગઈ હતી અને આગની જ્વાળાઓ તેને ભસ્મીભૂત કરવા માટે જાણે ઊતાવળ કરી રહી હતી. સરદારે આ જોયું. જો કે ટ્રક ઘણી દૂર હતી તો પણ આગમાં ભરખાતી હતી તે દૂરબીન સ્પષ્ટ બતાવતું હતું. સરદારના સાથીએ તેના ખભા પર હાથ મૂકતાં કહ્યું, "મુબારક, ગુરુ, તમારા નિશાન આગળ દુશ્મનની શું તાકાત છે કે છટકે? ચાલો હવે આપણે થોડી મોજ કરી લઈએ." કહેતાં તેની આંખ ઝીણી થઈ.

"નહીં" સરદારના ચહેરા પર હાસ્ય ન હતું "પેલા ખાનનું જે થયું હોય પણ કદાચ છોકરો બચી ગયો તો આપણી ખુશીને શોકમાં લપટાતાં વાર નહીં લાગે માટે આપણે ખાતરી કરી લેવી જોઈએ." જો તું અહીં જ ઊભો રહી દૂરબીનમાંથી નજર રાખ અને જોજે કે ટ્રકમાંથી કોઈ બહાર આવે છે? હા, અમે જ્યારે ત્યાં પહોંચી જઈએ ત્યારે તું અહીંથી કોઈ પણ રીતે નીચે આવીને અમને 'શેરે પંજાબ' હોટલમાં મળજે. ત્યાં આપણે મોજ માણીશું." કહેતાં તેણે દૂરબીન પેલાના હાથમાં પકડાવ્યું અને મેટાડોર તરફ વળ્યો. તેના અન્ય સાથીઓ પણ તેને અનુસર્યા. તેણે ઝડપથી મેટાડોર ઉપાડી અને નજર કરી તો તેનો સાથી દૂરબીન આંખે માંડી તેને સોંપવામાં આવેલી ફરજનું પાલન કરી રહ્યો હતો. તેણે રાહતનો દમ ખેંચ્યો અને પછી આગળના વળાંકો પર તેનું ધ્યાન કેન્દ્રિત કર્યું. મેટાડોર પૂરવેગે નીચે ધસવા લાગી તો પણ તેને ખબર હતી કે જ્યાં ટ્રક પડી હતી તે જગા પર પહોંચતા ઓછામાં ઓછા બે કલાક તો લાગશે જે અને તે દરમ્યાન તો આગે તેનું કામ

પતાવી દીધું હશે માત્ર રાખનો ઢગલો જ રહ્યો હશે. તો પણ તેને ખાતરી કરી લેવી હતી કારણ કે તે જાણતો હતો કે કોઈ પણ રીતે જો પેલો છોકરો બચી જાય અને સરપંચને ખબર પડે તો એ છોકરાનું તો જે થવાનું હોય તે થાય પરંતુ તેમણે તો બેનાળીનો જ સામનો કરવો પડે. સરપંચ બહુ જ કિન્નાખોર તથા ક્રૂર માણસ હતો અને તેમાં પણ છટકી ગયેલા આ ત્રણ છોકરાઓને કારણે તો તે ખૂબ જ ચિડાયો હતો. માટે હવે કોઈ જ પ્રકારનું જોખમ તે લેવા માગતો ન હતો ને કદાચ એ છોકરાનો મૃતદેહ મળી આવે તો તે પણ સરપંચ સમક્ષ રજુ કરી શાબાશી મેળવવા ચાહતો હતો. એટલે મૂંગે મોઢે તે જાતે જ પૂરઝડપે મેટાડોર દોડાવતો રહ્યો. તેના ચહેરા પરના ભાવ જોતાં તેના સાથીઓ પણ કોઈ પ્રશ્ન કરવાની કે મજાક મશ્કરી કરવાની હિંમત કરતા ન હતા.

છેવટે એ જગા આવી પહોંચી. રસ્તાની કિનારીથી થોડે દૂર સપાટ જગ્યાપર અંગારાનો ઢગલો પડ્યો હતો અને બળી ગયેલા માંસની વાસ પણ આવતી હતી. હવાની લહેરો અંગારા પરની રાખને ઊડાડીને તેમાની ચમક થોડી વાર માટે ખૂલ્લી કરતા હતા. ટોળકી મેટાડોરમાંથી ઊતરીને તે જગાએ આવી. આખું દ્દશ્ય સ્મશાન જેવું હતું. જાણે ચિતાની આસપાસ અગ્નિદાહ દેવા આવેલા સ્વજનો એકઠા થયા હોય તેવું દેખાતું હતું. ટ્રકની આસપાસનું સૂક્કું ઘાસ પણ બળી ગયું હતું.

"બધું પતી ગયું છે, સરદાર," એક જણે હવે મોં ખોલ્યું, "રાખ વિના હવે કશું જ બાકી રહ્યું નથી."

"હમ્મ..." અદબ ભીડીને ઊભેલા સરદારે માત્ર હોંકાર જ કર્યો.

"સરદાર, આપણી ગોળી પેટ્રોલની ટાંકીને એવી રીતે વાગી છે કે તેનું પેટ્રોલ ચોતરફ ફેલાયું અને આગ ટ્રક તથા તેમાં બેઠેલા બંને શેતાનોને ભરખી જ ગઈ છે. જુઓ કેવી દુર્ગંધ આવે છે નહીં?" બીજા સાથીએ તેના મનની શંકાનું સમાધાન કરવા માટે કહ્યું.

"તો પણ," છેવટે સરદારનું મુખ ખુલ્યું "કદાચ બેમાંથી એક પણ જીવંત હોય તો? જાવ નીચેના ભાગમાં જઈને થોડી તપાસ કરી લો ત્યાં સુધીમાં પેલો ઉપરવાળો સુલતાન પણ આવી પહોંચશે. દરેક જણ જુદી જુદી દિશા લો અને અડધા કલાક પછી અહીં જ પાછા આવો તે દરમ્યાન હું અહીં ઊભો છું."

તરતજ સરદારની સૂચનાનો અમલ થયો. તેના સાથીઓ તપાસમાં વહેંચાઈ ગયા. સરદારે અંગારાના ઢગલા આગળ જાણે ચોકી કરતો હોય તેમ પહેરો દેવા માંડ્યો. તે લાકડાની એક ડાળી તોડી લાવ્યો અને રાખ તથા અંગારાને ઢગલાને આમતેમ કરવા માંડ્યો. ત્યાં જ તેની લાકડીમાં કશું ભરાયું હોય તેવું તેને લાગ્યું. તેણે તે બહાર ખેંચી કાઢ્યું અને તે જોતાં જ તેની આંખોમાં ચમક આવી ગઈ.

તે તો એક સ્ટીલની પહોંચી હતી. જેમાં ક્રોસ લટકતો હતો માસ્તરનો છોકરો તે તેના હાથમાં પહેરી રાખતો હતો. તેને ખાતરી થઈ ગઈ કે તે છોકરો હવે ખતમ થઈ ગયો હતો. સરપંચને બતાવવા તેણે તે ઠંડી થયા પછી

ખીસામાં સરકાવી દીધી. દરમ્યાન તેના સાથીઓ પાછા આવી જતાં તેણે મેટાડોરને 'શેરે પંજાબ' તરફ લેવાની સૂચના આપી. કામ પાર પાડ્યાની ખુશાલીમાં તે સાથીઓને મોજ કરાવવા ચાહતો હતો.

## પ્રકરણ – ૯

રાતની ઠંડી હવાઓના સ્પર્શે જોય ભાનમાં આવ્યો હતો. તેના આખા શરીરમાં કળતર થતું હતું, ટ્રકની સાથે પછડાવાથી તેને માર વાગ્યો હતો અને ખાનના ઘામાંથી વહેતા રક્તને કારણે તેનું શરીર ચીકણું થયું હતું અને તેના વસ્ત્રો પણ ખરડાયાં હતા; જો કે તે પણ સુકાઈ ગયાં હતાં તો પણ વિચિત્ર વાસ તેમાંથી આવતી હતી.

ધીમે ધીમે તેને બધું યાદ આવતું હતું. અચાનક જ ગોળી વાગતાં ખાનનું તત્કાળ મૃત્યું. ટ્રકનું રસ્તાની ધાર પરથી ખીણ તરફ ગબડવું, પેટ્રોલની ટાંકીની આગ અને પોતાનું બેભાન બની જવું તેને જીવતા રહેવા બદલ આશ્ચર્ય થતું હતું. ક્ષણ ભર તો તેને થયું કે તે મરી ગયો હોત તો સારું હતું. ગુંડાગીરી, મતલબ અને ખૂનના દૂષણોથી બદબદતી આ દુનિયામાં જીવવાનો શો અર્થ હતો? વળી ભાઈઓની સાથમાં જીવનનો જે આનંદ તેણે માણ્યો હતો તેમના વિના પણ જીવવાનું પ્રયોજન શું? એના કરતાં મરણ જ તેમને આવી ગયું હોત તો અત્યારે શું તે પિતાના સાનિધ્યમાં ન હોત? કેવી શાંતિ હોત! નહીં? પિતા ત્યાં હોત, પ્રભુ પણ હોત, અને સંસારની તમામ સમસ્યાઓથી

પર તે હોત! પણ ના તે જીવંત હતો. પ્રભુએ તેને બચાવ્યો હતો. શા માટે? શા માટે? શા માટે?

આ પ્રશ્ન તેના મગજમાં ઘણની જેમ અફળાતો હતો. તે ત્યાં જ અને એમ જ પડી રહ્યો હતો. વળી તેને પ્રસંગોની યાદ ઘેરી વળી. કેવી ભયંકર આગ હતી? પણ નવાઈ તો એ હતી કે પોતાને આગનો સ્પર્શ પણ થયો ન હતો. તે ક્યાંય દાઝયો ન હતો અને તેના વાળને પણ કશી ઈજા થઈ ન હતી. કેવું અજાયબ? તેને પવિત્રશાસ્ત્ર બાઈબલમાં વાંચેલી દાનિયેલના સાથીઓની વાર્તા યાદ આવી ગઈ. અગ્નિની ભઠ્ઠીમાંથી ત્રણે જણ તદ્દન સુરક્ષિત બહાર આવ્યા હતા તેમજ તે પણ બચી ગયો હતો. શત્રુએ તેને ભસ્મ કરી દેવા વિચાર્યું પણ દેવે તેને તદ્દન સલામત રાખ્યો. આ વિચારે તે એકદમ ઊભો થઈ ગયો. પ્રભુ તેને બચાવવા ચાહતો હોય તો તેણે શા માટે મરવાના વિચારો કરવા જોઈએ? તેને જીવિત રાખવા પાછળ પ્રભુનો જરૂર કોઈ ઈરાદો હશે! માટે તે પ્રભુની ઈચ્છાને જ આધીન થશે. તે પોતાના ઘૂંટણો પર પડ્યો અને ઈશ્વરપિતાનો આભાર માનવા લાગ્યો અને હવે તેને ગમતું જીવન જીવવા માટે તેણે પોતાનું જીવન તેને સોંપી દીધું. જયારે તે ઊભો થયો ત્યારે જાણે કે હળવો બની ગયો હતો. હવે શું?

પ્રશ્ન તો હતો પણ તેનો ઉત્તર તેની પાસે ન હતો. તો યે તેણે વિચાર્યું કે આ પ્રશ્નો ઉત્તર આપવાની તેને જરૂર પણ નથી. હવે જે કાંઈ કરવાનું છે તે તો ઈશ્વરે જ કરવાનું છે. વળી જે પ્રભુ પર તેનો વિશ્વાસ હતો તે તો જીવિત તથા પરાક્રમી પ્રભુ હતા. તે આશ્ચર્યકર્મોના કર્તા પ્રભુ છે અને તે

આવા ભયંકર જંગલમાં પણ તેની સાથે, તેની પડખે હતા. તો પછી શત્રુથી કે કોઈ જંગલી પશુથી તેને ડરવાની શી જરૂર હતી? જોયે આસપાસ નજર ફેરવી તો માત્ર અંધકાર જ હતો. ઉપર આકાશ તરફ નજર કરી તો ઘોર અંધકારમાં ટમકતા તારલા સ્મિત વેરી રહ્યા હતા. જોયે વિચાર કર્યો કે પેલા ટબુકડા તારાઓને પ્રભુએ ચમકવાનું કાર્ય આપ્યું છે માટે તે ચમક્યા કરે છે પછી રાત્રિ ભલે ને ચાંદની ભરી અજવાળી હોય કે આંધી-અંધકારથી ભેંકાર હોય તે તો ચમક્યા જ કરે છે. જો પ્રભુ તેને જીવંત રાખવા ચાહે છે તો પોતે પણ જીવશે જ. ભલે સુખના તેજ હોય કે દુઃખનો અંધકાર. વળી પ્રભુને પસંદ પડે તેવું જ જીવશે. હવે આ તેનો દૃઢ નિર્ધાર હતો.

ત્યાં જ વાતાવરણમાં એક ત્રાડ ગૂંજી. અને એ તો એક વાઘની હતી. ક્ષણભર જોયના શરીરમાં કંપારી છૂટી ગઈ. વાઘ તેની આસપાસ જ ક્યાંક હતો. હવે શું? જો હવાની દિશા વાઘની તરફ હશે તો માનવ ગંધ તેને જરૂર અહીં દોરી લાવશે તેમાં કોઈ શંકા ન હતી. તો હવે શું કરવું જોઈએ? જોયે તરત જ બાજુના ઝાડ પર ચઢી જવાનો નિર્ણય કર્યો અને વળી અમલમાં પણ મૂક્યો. થોડી જ વારમાં એક વિકરાળ વાઘ તેના ઝાડ નીચે આવી ઊભો, જોય તે જોઈને વિચારમાં પડી ગયો. જો તે હજી નીચે જ હોત તો? પણ હવે વધુ વિચારને તક ક્યાં હતી? થોડે દૂર કશો અવાજ આવતો હતો. જોયે જોયું તો વાઘ હવે પોતાના શરીરને સંકોચી રહ્યો હતો. જોય સમજી ગયો કે વાઘ પોતાના શિકાર ઉપર ત્રાટકવાની તૈયારી કરી રહ્યો છે. પણ શિકાર ક્યાં હતો? શું તેનો ઝાડ પર રહેલા

માનવબાળની ખબર પડી ગઈ હતી? શું તે ઝાડ પર રહેલા જોયને ઝડપી શકશે? આ વિચારે જોયનું હૃદય ધડકી ગયું તો ખરું, પણ થોડીવાર પહેલાં જ કરેલી પ્રાર્થનાએ તેને જાણે કે ધરમૂળથી નવો બનાવી દીધો હતો. "ભલે પ્રભુ, તારી ઈચ્છા" એવા શબ્દો તેના મુખમાંથી નીકળ્યા. ત્યાંજ વાઘ જાણે કે હવામાં ઊડ્યો અને થોડીવાર પહેલાં જ જે બાજુથી જોયે અવાજ સાંભળ્યો હતો તે તરફ કૂદ્યો. બીજી જ ક્ષણે તો જોયના કાને કોઈ ભેંસની મરણ રાડ સંભળાઈ પણ તરત જ વાઘની ત્રાડ સંભળાઈ. આ તો તેના વિજયની ગર્જના હતી. હવે વાઘ પોતાના ભોજનને ન્યાય આપવામાં પડ્યો હતો.

જોય ઝાડ ઉપર બેસીને વિચારી રહ્યો હતો. પોતે ક્યાં સુધી ઝાડ પર બેસી રહેશે? પછી તરત જ તેણે એક જોખમી નિર્ણય કર્યો, તે ઝાડ પરથી ઊતરી ગયો અને પેલો વાઘ જ્યાં ભોજન આરોગી રહ્યો હતો તે તરફ જવા લાગ્યો. વાઘ તો બેફિકર રીતે ભેંસનું માંસ ખાઈ રહ્યો હતો. પવનની દિશા વાઘ તરફથી જોયની તરફ હતી તેની જોયને થોડી શાંતિ વળી. ઝાડીમાં લપાઈને જોય વાઘની ક્રિયાઓને ધ્યાનપૂર્વક જોઈ રહ્યો ભોજન પતાવવાની વાઘને કોઈ ઉતાવળ ન હતી. તે તો શાંતિથી શિકાર આરોગી રહ્યો હતો. ઝાડીમાં જોય પણ ચૂપચાપ બેસી રહ્યો હતો. બેદરકારી કે આશાવિનાની નિરાશા જોયની જીંદગી પર પૂર્ણવિરામ મૂકી દે તેમ હતું.

થોડીવાર પછી વાઘ ઊભો થયો અને આછો ઘૂરકાટ કર્યો. હવે તે ધરાઈ ગયો હતો. પછી તે ધીરે ધીરે રાજવી

ચાલે એક તરફ જવા લાગ્યો. જોય પણ તેની પાછળ પાછળ જવા લાગ્યો. તેનો વિચાર બરાબર હતો. વાઘ નદી તરફ જઈ રહ્યો હતો. તેની ચાલ શાંત અને બેફિકર હતી. તેનું પેટ ભરેલું હતું તેથી તે હૂમલો કરે તેવી શક્યતા ઓછી હતી. હિંસક પ્રાણીઓ અસલામતિ લાગે તો અથવા ભૂખ્યા હોય તો જ આક્રમણ કરતા હોય છે. તેની સામે માણસ? બીજા બધાં કરતાં તેની પાસે વધુ હોય તો પણ અન્યનું પડાવી લેવા માટે તે પ્રયત્ન કરતો હોય છે. માનવીનો આ દુષ્ટતાભર્યો સ્વભાવ બદલાય ખરો? પવિત્રશાસ્ત્ર બાઈબલ આ પ્રશ્નનો ઉત્તર આપી શકે છે પણ તેની સામે જોવાનીય ફૂરસદ આજે કોને છે?

વાઘ નદી પાસે આવી ગયો હતો. તેણે એક આછી ઘૂરકાટી કરી અને પાણી પીવા લાગ્યો. દરમ્યાનમાં જોય નજીકના એક ઝાડ તરફ સરકી ગયો હતો. હમણાં નદી તરફ જવું યોગ્ય ન હતું. કેમકે આ વાઘ તો પાણી પીને ચાલ્યો જશે પણ અન્ય હિંસક પ્રાણીઓ પણ પાણી પીવા માટે આવતા હશે જ ને? તેમાંનું કોઈ ભૂખ્યુ હોય તો? નિ:શસ્ત્ર જોય તેનો મૂકાબલો કરી શકે ખરો? માટે જોયે સવાર પડતાં સુધી એ ઝાડની ઉપર જ રાહ જોવાનું નક્કી કર્યું. તેને ઝોકાં આવવાં લાગ્યા. ત્યાં તો બંદૂકમાંથી ગોળી ફૂટી હોય એવો જોરદાર અવાજ તેના કાને પડ્યો. નિદ્રાવશ પંખી પણ ચિત્કારી ઊઠ્યાં. શું હશે? એવા પ્રશ્ન જોયને ઊઠ્યા તો ખરા પણ આ સલામત જગા દિવસના અજવાળામાં જ તે છોડવા ચાહતો હતો. તેથી તે સતર્ક થઈ રાહ જોતો રહ્યો.

# પ્રકરણ – ૧૦

ધીમે ધીમે સમય સરતો ગયો. રાત્રિના અંધકારની ઘનતા ઓછી થતી ગઈ અને નદી કિનારે આવતાં વન્ય પશુઓની સંખ્યા પણ ક્રમશ ઘટતી ગઈ. પ્રભાતના કિરણોના સ્પર્શે જાગી ગયેલાં પંખીઓએ તેમનાં મીઠા રાગે ગીતો આલાપવા માંડ્યા હતા. જોયે પણ ઈશ્વરપિતાનો આભાર માન્યો અને વૃક્ષ પરથી ઊતરીને નદી-કાંઠા તરફ આગળ વધ્યો રાત્રિભરની તરસને કારણે તેનું ગળું સૂકાતું હતું.

સૌ પ્રથમ તેણે પેટ ભરીને પાણી પીધું. ખાવાનું તો કોણ જાણે ક્યારે મળશે એ પ્રશ્ન હતો. પણ હમણાં તો જોય સ્વચ્છ થવા ચાહતો હતો. તેણે રક્તના ડાઘા પડેલાં અને દુર્ગંધ મારતા તેનાં વસ્ત્રો ઊતાર્યાં અને પાણીમાં ધોઈ નાખ્યાં. પછી તેમને નજીકના ઝાડની ડાળીઓ પર ભરાવી દીધાં જેથી પવન તથા તાપ તેમને વહેલાં સૂકવી નાંખે. પછી તો તેણે નદીનાં પાણીમાં કુદકો માર્યો અને ભરપૂર નહાવાનો તથા તરવાનો આનંદ માણ્યો. તેને થયું તેના વસ્ત્રો હમણાં તત્કાળ તો સૂકાવાનાં નથી તો લાવને નદીના વહેણમાં થોડું ફરી આવું, એટલે તેણે તો આંટો મારવાનો શરૂ કર્યો, અને તેનાથી થોડે દૂર દેખાતા વળાંક આગળ જતાં જ તેની આંખો નવાઈથી ફાટી ગઈ! અરે, ત્યાં તો નાનકડો પૂલ હતો અને ત્યાં વાહનો પણ જતાં આવતાં હશે જ ને? જોયે ઈશ્વરપિતાને આભાર માનતાં રાહતનો દમ લીધો. તે દૂરથી જ પાછો વળી ગયો.

કિનારે આવીને થોડીવાર તે મોટા પથ્થર પર બેઠો. તે વિચારતો હતો કે હવે તેનો પ્રશ્ન થોડો સરળ બન્યો હતો. આ ઘોર જંગલમાંથી બહાર કેવી રીતે જવું તે પ્રશ્ન તો જાણે ટળી ગયો હતો. તે પૂલ પર જઈને મોટી સડક પર ચાલશે તો કદાચ કોઈ પસાર થતું વાહન તેને મળી જાય. અને વળી પાછો કોઈ શહેરમાં તે પહોંચી શકશે. તેણે સૂકાઈ ગયેલાં વસ્ત્રો પહેરી લીધાં અને કિનારે કિનારે તે પૂલ તરફ ચાલવા લાગ્યો. નદીના પાણીમાં આગળ વધવું અને આમ કિનારેથી આગળ જવું તે બંને કામમાં ઘણો ફેર હતો. ત્યાં કોઈ કેડી જેવું તો હતું જ નહી માટે ઝાડી-ઝાંખરામાં થઈને આગળ વધવાનું હતું. કોઈ ઝેરી સર્પ કે જંતુની અડફેટે ચઢી ગયા તો પછી? જીંદગી ખલાસ જ સમજવાની. જોયને થયું આમ મૂંગા મૂંગા આગળ જવું તેના કરતાં કોઈ ગીત ગાઈએ તો કેવું? અને એ વિચારનો અમલ કરવા માટે તે પોતાના મુખને ખોલે તે પહેલાં જ તેના કાને ગીતનો અવાજ પડ્યો. તેના પગ થંભી ગયા. ગીત બહુ જ સ્પષ્ટ હતું.

પરમ પિતાકી હમ સ્તુતિ ગાએં

વોહી હે જો બચાતા હમેં...

ગીતનો અવાજ મોટો હતો અને ઘણાં અવાજો મિશ્ર થઈને આ ભેંકાર જંગલમાં ઈશ્વરનો મહિમા કરતા હતા. કોણ હશે આ લોકો? ગમે તે હશે પણ શત્રુ તો નથી જ. તે તો પ્રભુની સ્તુતિ કરે છે માટે પ્રભુએ જ તેમને અહીં મોકલ્યા છે અને તેઓ જરૂર તેને સહાય કરશે. ક્રમશઃ તે અવાજ મોટો થતો ગયો અને તેની તરફ આગળ વધી

રહેલા જોયના પગોમાં તે નવું જોમ રેડતો ગયો.

ઝાડીઓમાંથી બહાર આવી ગયેલા જોયે જોયું તો એક મેટાડોર ત્યાં પડી હતી જેનું પૈડું કાઢી નાખવામાં આવ્યું હતું. જેક ચઢાવાયેલો હતો. તેનાથી થોડે દુર પથ્થરો પર ચાનું વાસણ હતું અને નાસ્તો પણ તૈયાર હતો. એક નાનકડી શેતરંજી પર છ-સાત જણા હાથમાં બાઈબલ તથા ગીત પુસ્તિકાઓ લઈને તન્મયતાથી ગીત ગાતા હતા. એક ભાઈ ઊભો ઊભો વાયોલીન વગાડી રહ્યો હતો. તેની હાજરીની જાણ હજી કોઈને થઈ ન હતી. જોય પણ ઊભો રહી ગયો અને તેણે પણ ગીતની ધૂનમાં સૂર પૂરાવવાનું શરૂ કર્યું.

તેનો સ્વર સાંભળતાં જ એકધારા સ્તુતિ ગાનમાં થોડી જ શિથિલતા આવી પરંતુ તરત જ બધાં સાથે મળીને એક તાલથી ગાવા લાગ્યાં. ગીત પૂરું થયા પછી વાયોલીન વગાડતા યુવકે તેનું બાઈબલ હાથમાં લઈ દેવનું વચન વાંચ્યું. અને ટૂંકો પરંતુ હૃદયસ્પર્શી સંદેશો આપ્યો. હેબ્રીઓના પત્રના ત્રીજા અધ્યાયના એ વચનો જોય ને પડકારી રહ્યાં હતાં. "સ્વર્ગીય તેડાના ભાગીદાર...ઈસુ પર લક્ષ રાખો. જો આજ તમે તેની વાણી સાંભળો તો તમારા હૃદય કઠણ...કરો મા...જ્યાં સુધી આજ કહેવાય છે ત્યાં સુધી તમે દિન પ્રતિદિન એકબીજાને ઉત્તેજન આપો...આપણે અંત સુધી હિંમત તથા આશાનું અભિમાન દૃઢ રાખીએ..." જોય ના આંતરમનમાં ખાત્રી થઈ રહી હતી કે પ્રભુ તેની સેવાને માટે તેને તેડી રહ્યો હતો, તેના માટે દ્વાર ખોલી રહ્યો હતો, પરંતુ તેનું દૈહિક મન શત્રુતાને

માટે, વૈર લેવા માટે, ભાઈઓને પામવાને માટે, આધીન ન થવાને માટે જોરશોરથી દલીલો કરી રહ્યું હતું. તેના હૃદયમાં તુમુલ યુદ્ધ ચાલતું હતું.

ત્યાર પછી પ્રાર્થનાનો સમય આવ્યો બધાંએ ઉત્સાહથી તેમાં ભાગ લીધો અને ત્યારે જ જોય ને ખ્યાલ આવ્યો કે રાત્રે તેણે જે મોટો ધડાકો સાંભળ્યો હતો તે તો આ લોકોની ગાડીનું ટાયર ફાટવાનો હતો. તેઓને ફરજીયાત અહીં રોકાઈ જવું પડ્યું હતું. આ વિસ્તારમાં સુવાર્તાકાર્ય પૂર્ણકરીને તેઓની ટીમ તેમના મુકામ તરફ પાછી વળી રહી હતી. ત્યારે આ ટાયર ફાટવાને કારણે તેમણે રોકાવું પડ્યું હતું. એક ભાઈ નજીકના શહેરમાં ટાયર સંધાવવા તથા નવી ટ્યુબ લેવા માટે ગયો હતો. તે હજી આવ્યો ન હતો. તેને માટે પણ પ્રાર્થના થઈ. આ બીહામણા જંગલમાં દેવે તેમને સહિસલામત રાખ્યા માટે સૌએ ઉપકારસ્તુતિ કરી અને પછી ચા-નાસ્તાને ન્યાય પણ આપ્યો. જોયને પણ તેનો હિસ્સો મળ્યો. ટીમના આગેવાન ભાઈ જેમણે સંદેશો આપ્યો હતો. તેમણે જોય સાથે વાતચીત કરી અને તમામ વિગતો જાણી લીધી. તેમણે કહ્યું, "ભાઈ, એવું લાગે છે કે પ્રભુ તમને આ બધામાંથી બચાવી દૂર લઈ જવા ચાહે છે અને તમારો ઉપયોગ કરવા ચાહે છે. જો તમે ચાહો તો અમારી સાથે આવી શકો છો. તમે પ્રભુના હાથમાં સઘળું મૂકી દો."

"પણ મારા ભાઈઓનું શું?" જોયે પોતાના મનમાં ઘોળાતો પ્રશ્ન રજુ કર્યો. તેના માટે તે પ્રશ્ન જ મહત્વનો હતો. પેલા ભાઈએ જોયના હાથમાં બાઈબલ પકડાવ્યું અને

લૂકની સુવાર્તાનો ૯ મો અધ્યાય કાઢી તેની ૬૨મી કલમ વાંચવા કહ્યું.

"કોઈ માણસ હળ પર હાથ દીધા પછી પછવાડે જુએ તો તે દેવના રાજ્યને યોગ્ય નથી."

"હવે માર્ક ૧૦:૨૯-૩૦ વાંચો."

"હું તમને ખચીત ખચીત કહું છું કે જે કોઈએ મારે લીધે તથા સુવાર્તાને લીધે પોતાના ઘરને કે ભાઈઓને કે બહેનોને કે માને કે બાપને કે છોકરાંને કે ખેતરોને મૂકી દીધાં હશે, તે હમણાં આ કાળમાં સોગણાં ઘરોને તથા ભાઈઓને તથા બહેનોને તથા માને તથા છોકરાને તથા ખેતરોને સતાવણી સુધ્ધાં, તથા આવતા કાળમાં અનંતજીવન પામ્યા વગર રહેશે નહિ."

"ભાઈ, તમારા પ્રશ્નના ઉત્તરમાં તમે પ્રભુ ઈસુના પોતાના શબ્દોને જોયાં છે માટે હવે અમે તમને કશી સલાહ આપી શકતા નથી. નિર્ણય તમારો છે. ચાલો આપણે પ્રાર્થના કરીએ,"

જ્યારે બંને પ્રાર્થના કરીને ઊભા થયા ત્યારે જ એક ટ્રક ત્યાં આવીને અટકી જેમાંથી એક ભાઈ નવા ટાયર-ટ્યુબ સાથે ઊતર્યા. મીનીટોમાં જ મેટાડોર તૈયાર થઈ ગઈ અને ફરીથી ઈશ્વરપિતાની સ્તુતિ સાથે તેઓ આગળની સફરને માટે તૈયાર થઈ ગયા. જોય પણ તેમની સાથે હતો તેના હૃદય પરથી જાણે એક મોટો બોજ હટી ગયો હતો. ટીમ મુકામ પર પહોંચી ત્યારે તેમને માટે મુખ્ય કાર્યાલયથી

સૂચના આવી હતી કે ટીમે તત્કાળ ત્યાં પહોંચી જવું. જોય પણ હવે તૈયાર હતો. તે પણ તેમની સાથે ગયો.

તેમના મુખ્ય કાર્યાલયમાં જે આગેવાન હતા તેઓને જોયની પરિસ્થિતી વાકેફ કરવામાં આવ્યા. તેમણે પણ જોયને માટે પ્રાર્થના કરી અને તેના જીવન માટે પ્રભુની ઈચ્છા શોધી. ત્યાં ત્રણ દિવસની પ્રાર્થના પછી એવું નક્કી થયું કે લોગોસ વહાણ પર જોયને મોકલવામાં આવે. જયાં પ્રભુની ઈચ્છા પ્રમાણે વપરાવા માટે તેને ઘનિષ્ટ તાલિમ મળે. પ્રાર્થના દ્વારા શાંતિ મળી અને જોયને બેંગ્લોર પહોચાડવામાં આવ્યો.

લોગોસમાં પ્રભુના લોકોની સાથે રહી જોયે દેવના વચનનો ખૂબ અભ્યાસ કર્યો. તેના ચરણોમાં રહી પ્રાર્થના દ્વારા પ્રભુની ઈચ્છા શોધવી વિ. બાબતો તેના જીવનનું પરમ ધ્યેય બની ગયું. તેની સુવાર્તાને માટે તેના હૃદયમાં બોજ વધતો ગયો. આત્મિક રીતે ખોવાયેલાઓ માટે તે પ્રતિદિન ઘૂંટણો પર આંસુઓ સહિત પ્રાર્થનામાં લાગુ રહેતો. તો પણ પોતાના વિસ્તારમાં સુવાર્તા માટે તેને હંમેશ બોજ રહેતો. વર્ષોની પ્રાર્થના પછી પ્રભુએ તેને તે વિસ્તારમાં જવાની સંમતિ આપી અને સુવાર્તા તથા સાહિત્ય સાથે તે ભારત આવ્યો અને તે વિસ્તારમાં આવી પહોંચ્યો. સર્વ પ્રથમ તે પોતાને ગામ જવા ચાહતો હતો. તેથી ટ્રેઈન દ્વારા તે આગળ વધવા માંડ્યો.

# પ્રકરણ – ૧૧

વહેતી જતી નદીની જેમ ટ્રેન તેનો માર્ગ કાપી રહી હતી. જોય ખૂબ લાંબી મુસાફરી કરી ચૂક્યો હતો. વતનની યાદ તેના હૃદયમાં એક અનોખો રોમાંચ ઉત્પન્ન કરી રહી હતી તેના ભાઈઓનું શું થયું હશે? શું તેઓ જીવિત હશે? કદાચ પ્રભુએ તેમને બચાવ્યા હોય તો શું તેમને તે મળી શકશે? ધારો કે તેઓ મળે તો પણ વર્ષોના વીતવા પછી તેઓ કે પોતે પરસ્પર ઓળખી શકશે? આવા બધા પ્રશ્નો જોયના મનમાં ઊઠતા હતા. પણ તેણે તો મનમાં વિચાર્યુ કે જો પ્રભુની ઈચ્છા હશે તો પણ શું? પોતે તો ઈશ્વરનો પ્રેમ પ્રગટ કરવા જ અહીં આવ્યો નથી?

હાથમાં બાઈબલ સાથે જોય વિચારતો હતો. તેની નજર સમક્ષ ભૂતકાળ ખડો હતો તેને જોતાં લાગતું હતું કે તે ઊંઘી રહ્યો છે. ત્યારે જ તેની વિચાર ધારાને તોડતો એક અવાજ તેને સંભળાયો, “શ્રીમાન આપ લેશો કે?”

જોયે આંખો ખોલીને જોયુ તો સામેની બર્થ પર બેઠેલો સહ પ્રવાસી તેની સમક્ષ સીગારેટ ધરી રહ્યો હતો અને પૂછી રહ્યો હતો.

જોયના ચહેરા પર સ્મિત ઊગી નીકળ્યું. “ના જી, આભાર હું સીગારેટ પીતો નથી.”

“ઠીક,” કહી પેલાએ એ સીગારેટ મોંમાં મૂકીને તેનું ઈમ્પોર્ટેડ લાઈટર ક્લિક કર્યું. એક ઊંડો દમ લીધા પછી ધૂમાડો બહાર કાઢતાં તેણે બીજો પ્રશ્ન કર્યો, “તમે પાદરી છો?”

"ના જી, કોઈ પગારદાર પાદરી તો નથી પરંતુ જીવંત પ્રભુની સેવા માટે જ આ તરફ આવ્યો છું." જોયે સસ્મિત વળતો ઉત્તર દીધો.

"ઠીક" કહી વળી પાછો પેલો સીગરેટ ફૂકવા લાગ્યો. દરમ્યાનમાં જોયે એક ટૂંકી પ્રાર્થના કરી અને બાઈબલનાં પૂંઠા સાથે મૂકી રાખેલી એક ટ્રાક્ટ બહાર કાઢી અને પેલા ભાઈની સમક્ષ ધરી.

"શું તમે આ વાંચી છે કદી?"

પેલા માણસના મુખ પર સહેજ તિરસ્કાર છવાયો. "તમે ખ્રિસ્તીઓ સમજો છો શું? શું તમે મને ખ્રિસ્તી બનાવવા ચાહો છો?"

"ભાઈ, તમારી પાસે જે હતું તે તમે મને આપવા ચાહતા હતા તો મારી પાસે જે છે તે જ હું તમને આપવા ચાહું છું," જોયે તેનું સ્મિત જાળવી રાખતા કહ્યું.

"એ માની લઉં છું. પરંતુ સ્વર્ગે જવા માટે મારો ધર્મ પણ સુકર્મોનો જ માર્ગ બતાવે છે. જો હું સારાં કામો કરું તો હું જરૂર સ્વર્ગે જવાનો, બોલો તેમાં ઈસુની જરૂર ખરી?"

"મિત્ર, આપણાં પૂણ્યકર્મોને બાઈબલ મેલાં ચીંથરા સમાન દર્શાવે છે તેથી તે માર્ગે સ્વર્ગ મળવું મુશ્કેલ છે તે સમજવા માટે આપણે એક નાનું ઉદાહરણ લઈએ. એક મર્યાદિત આવકવાળી વ્યક્તિને માથે ઘણું દેવું થઈ ગયા પછી તે વિચારે છે ક હવે પછી પોતે કદી જ ઉધાર લેશે

નહી અને પછી તે પ્રમાણે તે કરે છે પણ ખરો અને દેવું ન કરવામાં તેની તમામ આવક ખર્ચાઈ જાય છે. તો શું તે દેવામુક્ત થઈ શકે ખરો?"

"જ્યાં સુધી તે પહેલાંનું દેવું પણ વાળી ન રહે ત્યાર સુધી તો નહિ જ વળી." પેલા ભાઈએ સરળતાથી ઉત્તર દીધો.

"પાપ વિષે પણ એવું જ છે. આપણએ જીવનના કોઈક દિવસથી પાપ ન કરવાનો સંકલ્પ કરીએ અને શક્ય નથી તો પણ માનો કે જીવનના અંત સુધી એક પણ પાપ કર્યા વિના જીવીએ તો પણ પહેલાંના પાપ વિષે શું? તો પછી એ પુણ્યકર્મોના સંચયનો શો અર્થ?" જોયે પ્રશ્ન કર્યો.

"એ વાત ખરી, પણ તો પછી પૂણ્યકર્મો દ્વારા તો સ્વર્ગ પામી ન જ શકાય ને?" પેલા ભાઈએ પ્રશ્ન મૂક્યો. પણ જોયે આગળ કહ્યું,

"ખરું, હવે ધારો કે કોઈ વ્યક્તિ પેલા ભાઈને બદલે તેના તમામ દેવાની ચૂકવણી કરી દે તો તે ઋણમુક્ત થાય કે નહી?"

"જરૂર એમાં શંકાને સ્થાન છે જ નહીં." પેલા ભાઈનો ઉત્તર હતો.

"પ્રભુ ઈસુએ પણ એ જ કર્યું. જ્યારે માનવી પોતે જ પોતાના પાપના બોજથી છૂટવાને અસમર્થ હતો ત્યારે તેમણે માનવદેહ ધારણ કરી પૃથ્વી પર જન્મ લીધો અને આપણાં સર્વનાં પાપો પોતાને માથે લીધાં અને વધસ્તંભ

પર તેની ચૂકવણી કરી દીધી. જ્યારે આપણે પાપી અને અપરાધી હતાં ત્યારે યોગ્ય સમયે તેણે આપણે સારું પોતાનું બલિદાન આપ્યું. તેણે આપણા દેવાને ચૂકવી દીધું છે અને હવે પછી તેના પવિત્ર સ્વભાવ પ્રમાણે વર્તવાને તે આપણને સહાય કરે છે. સ્વપ્રયત્નોના મેલાં ચીંથરા દૂર ફગાવી આપણને તારણના નવા વસ્ત્ર આપે છે આ પાપી માણસને તારવાની ઈશ્વરની યોજના છે.''

"કેવું અજાયબ?'' પેલા ભાઈના મુખના ભાવો પલટાઈ રહ્યા હતા.

"હવે, સર્વ સ્થળે સઘળાં માણસોને પસ્તાવો કરવાની તે આજ્ઞા આપે છે. આ દેવનું વચન છે. માટે હવે પૂણ્યકર્મો દ્વારા આપણે અનંતજીવન પામવાનું નથી પરંતુ હવે તો પશ્ચાતાપ કરીને તેના પુત્ર ઈસુનું રક્ત જે સઘળાં પાપથી શુદ્ધ કરે છે તેને વિશ્વાસથી આપણા હૃદય પર લેવું જોઈએ તેથી જ આપણે આપણાં પાપ કબૂલ કરીએ તો તે આપણાં પાપ માફ કરવાને તથા આપણને સઘળા અન્યાયથી શુદ્ધ કરવાને તે વિશ્વાસુ તથા ન્યાયી છે. તો શું તમે પસ્તાવો કરશો? ખ્રિસ્ત ઈસુ પર વિશ્વાસ લાવશો?'' જોય અધીર મુખે પૂછી રહ્યો હતો.

પેલા ભાઈએ નમ્રતાથી મસ્તક ઝુકાવી હા ભણી અને થોડી જ વારમાં બંને તેમના ઘૂંટણો પર પડી પ્રાર્થના કરી રહ્યા હતા જ્યારે તેમણે આમેન કર્યું ત્યારે બંનેના ચહેરા કોઈ અજબ તેજથી ચમકી રહ્યા હતા. થોડીવાર બંનેમાંથી કોઈ બોલ્યું નહી.

ત્યાં તો બહાર ભારે પગલાંનો ઉતાવળો અવાજ આવ્યો. બંને કાંઈ વિચાર કરે તે પહેલાં બંને હાથમાં રિવોલ્વર સાથે એક બૂકાનીધારી ધસી આવ્યો અને બંનેને હાથ ઊંચા કરવાનો હુકમ આપ્યો એટલામાં જ તેનો એક સાથી પણ ત્યાં આવી પહોંચ્યો અને તેણે જોયના હાથ પગ મુશ્કેટાટ બાંધી દીધા અને પછી એક કોથળા જેવું કાઢીને તેને કોઈ વસ્તુ હોય તેમ તેમાં ભરી દીધો.

બીજાએ હજી પેલા મુસાફર સામે તેની રિવોલ્વર ધરી રાખી હતી. પેલો ડાકુ જયારે જોયનો કોથળો ઊંચકી દરવાજા તરફ ચાલ્યો ત્યારે પેલા મુસાફરે બહાર જોયું તો ટ્રેઈનની ગતિ સાથે જ એક અસવાર વિનાનો ઘોડો દોડી રહ્યો હતો અને એટલી સ્ફૂર્તિથી કૂદકો મારીને તે ડાકુ ઘોડા પર જઈ પડ્યો કે જો આ તેણે નજરોનજર જોયું ન હોત તો આવું બની શકે તેમ તે માનત જ નહિ. હવે તેની દૃષ્ટિ બીજા ડાકુ પર પડી જેના હાથમાં રિવોલ્વર હતી.

"જો આગલા સ્ટેશને આ મિશનેરીને ઊતરવાનું હતું. તારે ત્યાં ઊતરીને પોલીસને જાણ કરવાની છે કે મિશનેરી હવે ડાકુ મુસ્તાફની હિફાજતમાં છે. તને એટલે જ જીવતો જવા દઉં છું. સમજયો?" કહેતાં ડાકુ વીજળીવેગે દરવાજા તરફ કુદકો મારીને જમીન પર જઈ પડ્યો જયાં એક બીજો ઘોડો તૈયાર હતો. પળવારમાં તો તે પણ અદૃશ્ય થઈ ગયો. મુસાફર સ્તબ્ધ હતો.

# પ્રકરણ - ૧૨

રાત્રિના અંધકારમાં ભાઈને વિદાય કર્યા પછી કિરણની કામગીરી અથવા જવાબદારી વધી હતી. તેમણે ક્યાં જવાનું છે તે વિષે તેમને કશી ખબર ન હતી પરંતુ સૌ પ્રથમ વાત તો શત્રુના હાથમાં પડતા બચવું તે હતી. શત્રુ પાસે ગંધપારખુ કૂતરા હતા અને તેથી કોઈ જગાએ લપાઈને બચી જવું શક્ય ન હતું. વળી પોતે તો ભાગી શકે પણ તેના સાથે નાનો ભાઈ રૂબેન પણ હતો અને તે કાંઈ તેના જેટલું અને ઝડપી દોડી શકે નહીં. કેટલાક અંતર પછી આ સમસ્યાનો સામનો તેણે કરવા પડશે તે કિરણ જાણતો હતો અને તેથી જ તેણે જોયને એકલો જવાદીધો હતો. બંને ભાઈ એકબીજાના હાથ પકડીને દોડતા હતા અને કિરણ નાના રૂબેનને દોડવા માટે પોરસ ચઢાવતો જતો હતો.

તો પણ તેનું કામ કઠિન થતું જતું હતું કેમકે રૂબેનની ઉંમર તેને રોકી રહી હતી. લાંબી દોડ બીકને કારણે તેણે કરી તો હતી પરંતુ હવે થાક વર્તાતો હતો. પગમાંનું જોર હણાતું જતું હતું અને મંઝિલ તો ઘણી દૂર હતી દેખાતી પણ ન હતી. કિરણ હવે તો રૂબેનને જાણે કે ઢસડાતો જ હતો. પણ ક્યાં સુધી? કિરણે જોયું તો રૂબેન હવે આગળ દોડી તો શું ચાલી પણ શકે તેમ ન હતો. તેથી તેણે પોતાના નાના ભાઈને ખભે ઊંચકી લીધો અને આગળ વધવા લાગ્યો હવે દોડવું શક્ય જ ન હતું તેથી તેણે ઝડપથી ચાલવા માંડ્યું.

ફંટાતા રસ્તે શત્રુને નિર્ણય કરવા થોભવું તો પડ્યું હતું પરંતુ તેઓ ઝડપથી નિર્ણય કરી શકતા હતા. તેમણે

તરત જ એક જણને પાછો મોકલી જીપ મંગાવી અને ત્રણ જણને એક બાજુ જીપમાં રવાના કરી બાકીના બે કૂતરાની પાછળ જવા લાગ્યા. કૂતરા આગળ નીકળી ગયા હતા પણ તેમના ભસવાના અવાજને તેઓ અનુસરી રહ્યા હતા.

કિરણ પોતે પણ થાકી રહ્યો હતો પરંતુ શત્રુથી બચી જવાની તેની જીજીવિષા પ્રબળ હતી. હિંમતથી તે આગળ વધતો રહ્યો. થોડો સમય બંધ થયેલો કૂતરાના ભસવાનો અવાજ દૂર દૂર પાછો સંભળાવા માંડ્યો હતો. કિરણે ઝડપ વધારવાનો પ્રયત્ન કર્યો. હવે તેની નજરે દૂર વસ્તીના દીવા દેખાવા લાગ્યા હતા. તે શહેર સુધી પહોંચી જવાય તો પછી વાંધો નહિ પણ આ કૂતરાં! તેમનો અવાજ ધીરે ધીરે નજીક આવતો હતો તેમની વચ્ચેનું અંતર ઘટતું જતું હતું તો પણ મરણિયો બનીને આગળ વધવા લાગ્યો હતો.

છેવટે કિરણે જોયું તો હવે તો કૂતરાં લગભગ તેમને આંબી ગયા હતા. જો કે શહેરથી ઘણાં નજીક તેઓ આવી ગયા હતા તો પણ હજી અંતર હતું જે કૂતરાથી બચીને કાપવું શક્ય ન હતું તેથી કિરણે એક ઝડપી નિર્ણય લીધો તેણે રૂબેનને ઝડપથી નીચે ઉતાર્યો તેણે કહ્યું "ભાઈલા જો હિંમત રાખ સામે જ શહેર છે. તું આગળ જા અને બને તો કોઈની મદદ લઈ આવ. હું કૂતરાંને અહીં જ રોકી લઈશ."

"પણ ભાઈ, કૂતરા શિકારી છે. તમને ફાડી ખાશે હું તમને એકલા મૂકીને નહિ જાઉં." રૂબેનને વિરોધ કર્યો.

"ભઈલા અત્યારે દલીલો કરવાનો સમય નથી મારી વાત સમજ, એમાં આપણ બે માટે બચાવ છે વળી આપણે

જોયને પણ મળવાનું છે. તું જલ્દી કર." કહેતાં કિરણે ઝડપથી બાજુના બોરડીના ઝાડ પરથી એક લાંબી કાંટાળી ડાળી તોડી લીધી.

"તું જા. કૂતરાને તો હું પહોંચી વળીશ." રૂબેને ફરીથી કહ્યું, રૂબેનને માટે હવે કોઈ અવકાશ ન હતો. તેણે દોડવા માંડ્યું અને નજીક ધસી રહેલા કૂતરાની સામે દૃષ્ટિ સ્થિર કરતો કિરણ દૃઢતાથી બે પગ પહોળા કરી ઊભો રહ્યો. તેના હોઠ ભીંસાયેલાં હતા અને તેના ચહેરા પર એક કરડાકી આવી ઊભી હતી. હાઉ...હાઉ...હાઉ.

શિકારને જોઈને કૂતરા જાણે કે જોશમાં આવી ગયા હતા. સ્થિર ઊભેલા કિરણને પછાડી દેવા માટે જાણે કે તેઓ આતુર હતા. તેમણે કિરણ પર એકદમ જ તરાપ મારી. પરંતુ કિરણ અસાવધ ન હતો. તે ઝડપથી ખસ્યો અને સાથે જ તેના હાથમાંની સોટી વીંઝાઈ. હવામાં સમ્મ...અવાજ થયો અને સોટીનાં કાંટાએ ત્રણમાંથી બે કૂતરાના શરીર પર ઊઝરડા કરી દીધા.

તેથી કૂતરા થોડા પાછા તો પડ્યા પરંતુ તેઓ એમ કાંઈ હાર માને તેવા ન હતા. વળી શિકાર એકલો અટુલો હતો અને શિકારી ત્રણ હતા તો વળી પાછળ રહી ગયેલા માણસો તેમની મદદે આવવાના હતા તેની તેમને ખાતરી હતી તેથી હવે તેમણે વળતો હૂમલો કરવા માટેની તૈયારી કરી.

ત્રણે થોડા દૂર ગયા અને એકીસાથે તેમણે હલ્લો કર્યો. આ વખતે સરકી જવા માટે કિરણને કોઈ તક ન હતી

અને તે માટે કિરણે પ્રયાસ પણ કર્યો નહી ઊલટાનો તે તો સામે ધસ્યો. કૂતરાઓ માટે આ નવું હતું. અત્યાર સુધી નિશસ્ત્ર માણસો પરના તેમના હૂમલામાં માણસો નાસતા અથવા શસ્ત્રધારી હોય તો મુકાબલો કરતા પરંતુ કોઈ તેમની સામે ધસ્યું ન હતું કિરણે સામે ધસીને ઝડપથી તેની સોટી વીંઝી. તેના ઘામાં એક કૂતરાની આંખ આવી ગઈ તો બીજા કૂતરાની ચામડી પર લાંબો લીસોટો પાડી દીધો અને ત્રીજો કૂતરો કિરણના શર્ટનો લીરો ઉડાડવામાં સફળ થયો પણ કિરણને વિશેષ નુકશાન થયું નહી હવે ત્રીજો પ્રયત્ન હતો. કૂતરા ઘણે દૂર ગયા નહી પરંતુ બે બાજુથી તેમણે હલ્લો કર્યો. દેખીતી રીતે જ થાકેલો કિરણ બંને તરફ ધ્યાન આપી શકે નહી તેથી તેનો હાથ ઊંચો રહ્યો નહી. આ વેળાં કૂતરાં તેના મોં પર તથા શરીર પર ઊઝરડા કરવામાં સફળ રહ્યા. તેથી કૂતરાઓમાં ઉત્સાહ વધ્યો અને બમણાં જોરથી તેમણે હૂમલો શરૂ કર્યો. ઘાયલ કિરણ પણ ઝનૂનમાં આવીને સોટી વીંઝતો રહ્યો. તેના કાંટા તેમના શરીર પર નિશાનીઓ બનાવી દેતા પણ સામે કૂતરાઓનો ત્રિપાંખિયો હૂમલો તેના શરીરના કોઈપણ ભાગમાંથી માંસ નોચી લેવામાં સફળ થતો. આડેધડ વીંઝાતા સોટીના પ્રહારમાંથી કૂતરા બચી શકતા ન હતા તો તેઓ પણ મમત છોડે તેમ ક્યાં હતા? કિરણને તો સમય વીતાવવો હતો. જેટલો વધારે સમય પસાર થાય તેમ રૂબેનનો બચી જવાની સુવિધા વધી જતી હતી. તેથી તો તે મરણિયો બનીને વાર કરતો હતો. પરંતુ એક સોટી ત્રણ ડાઘિયા સામે કેટલી ટકે? તે તો ભાંગી ગઈ. હવે કિરણ નિશસ્ત્ર હતો અને ડાઘિયો જોરમાં હતો કિરણે આગળ આવી ગયેલા એક ડાઘિયાનાં આગલા

પગ પકડી લીધા અને પછી ઝડપથી ચકરડી ફરવા લાગ્યો તેની ઝડપમાં પેલા બાકીના કૂતરા આવતાં તેઓ ગડથોલાં ખાઈ ગયાં. હવે જો કે તેઓ હૂમલો કરવા પાસે આવી શકતા ન હતાં પરંતુ કિરણ એવી ચકરડી ક્યા સુધી ફરતો રહે. ઘાયલ કિરણ એકલે હાથે ઝઝુમતો રહેતો તેનાં મોં પરથી અને શરીરના જુદા જુદા ભાગોમાંથી રક્ત ઝરી રહ્યું હતું. છેવટે તે થાકીને ધબ દઈને ઢળી પડ્યો. અને ત્યારે જ કૂતરાંના સાથીઓ તેમની ટોર્ચ સાથે આવી લાગ્યા તેમણે ઘાયલ કિરણને જોયો અને તેને રગદોળી રહેલા કુતરાઓને તેમણએ શાંત પાડ્યાં. તેમાંના એકે એના હાથમાં રહેલી કુહાડી ઊગામી...

પણ ત્યારે જ શહેર તરફથી જીપની ઘરરાટી સંભળાઈ અને પ્રકાશ પાસે આવતો જણાયો પેલો અટકી ગયો તેણે પ્રશ્નાર્થ નજરે પોતાના સાથીઓની સામે જોયું તેમના આગેવાને કૂતરાઓને ઝાડીમાં સંતાવાનો આદેશ દીધો અને તેઓ પણ રસ્તાની બીજી બાજુની ઝાડીમાં સંતાઈ ગયા.

ચ્યુંઉંઉંઉં...કરતી જીપ ઉભી રહી અને તેમાંથી એક ઈન્સ્પેક્ટર નીચે ઉતર્યો.

# પ્રકરણ – ૧૩

જીપમાંથી નીચે ઉતરીને ઈન્સપેક્ટર કિરણની પાસે ગયા. ઘાયલ કિરણ બેભાન પડ્યો હતો. કિરણનું ગામ આ જ ઈન્સપેક્ટરના તાબામાં હતું અને તેથી ઝાડીમાં છૂપાયેલા સરપંચના માણસો તેને ઓળખતા હતા. ઈન્સપેક્ટર નીચે વળીને કિરણને તપાસતો હતો ત્યાં જ તેઓ ઝાડીમાંથી બહાર આવ્યા. સતર્ક ઈન્સપેક્ટરનો તાલીમ પામેલો હાથ કમરપટ્ટામાં ભરાવેલી રીવોલ્વર પર ગયો અને બીજી જ ક્ષણે તો તેના હાથમાની રીવોલ્વર ઝાડી તરફ તકાયેલી હતી. ગોળીની જેમ જ તેના મુખમાંથી પ્રશ્ન છૂટ્યો, "કોણ છે?"

"એ તો સાહેબ, અમે છીએ." કહેતાં બંને જણ આગળ આવ્યાં. ઈન્સ્પેક્ટરની તેજ નજરે ગાડીની લાઈટથી જ તેમને ઓળખી લીધા. "કોણ રઘુ અને ભગત? તમે અહીં શું કરો છો? આ કોણ છે?"

"સાહેબ, અમે આની જ પાછળ અહીં આવ્યા છીએ. આ તો સાપનો કણો છે. સરપંચને ઘાયલ કરીને આ બદમાશ ભાગ્યો હતો."

આ જુગલજોડી સરપંચની ગુલામ હતી અને તેઓ જ્યારે પણ હાથમાં આવે ત્યારે પોલીસખાતાને વકરો થતો હતો તે વાત ઈન્સ્પેક્ટરથી અજાણી ન હતી તેથી પોતાનો હાથ ઉપર રાખવા તેણે કહ્યું, "અચ્છા, પણ તેની આવી હાલત કેવી રીતે થઈ? તેને તો હોસ્પીટલમાં દાખલ કરવો પડશે."

"પણ સાહેબ, સરપંચ એને ખતમ કરવા ચાહે છે. તમે..."

"કેમ? તમારા સરપંચના બાપનું રાજ ચાલે છે? તમારે જે કાંઈ ફરિયાદ હોય તે પોલીસચોકીમાં કહેજો હમણાં તો આને ઊંચકીને મારી જીપમાં મૂકો અને તમે બંને પણ ચાલો મારી સાથે." તેમની વાત અડધેથી જ રોકી દેતાં ઈન્સ્પેક્ટરે હૂકમ કર્યો. પેલાંઓ માટે હવે અન્ય કોઈ ઉપાય ન હતો.

કિરણની આંખો ખૂલી ત્યારે તેણે પોતાને હોસ્પીટલમાં જોયો. તેને આશ્ચર્ય થયું પણ ત્યારે જ તેની નજર પલંગની પાસે બેઠેલા ઈન્સ્પેક્ટર પર પડી. તેના મુખ પર સ્મિત ફેલાયું પણ સ્નાયુઓના હલન ચલનથી તેના મુખ પર પડેલા ઘાઓએ તેને રોકી લીધું તેણે માન્યુ કે ઈન્સ્પેક્ટરે તેને બચાવી લીધો છે પણ ઈન્સ્પેક્ટરના ખીસામાં કેદ થયેલી લીલી નોટોએ તેને જુદો રોલ આપી દીધો હતો.

"કેમ છોકરા, મગજમાં બહુ રાઈ ભરાઈ છે? ચોકીમાં એક રાત રહેવાથી બધી જ રાઈ નીકળી જશે. બોલ તેં શું કર્યું છે?"

કિરણે સચ્ચાઈ પેશ કરી પરંતુ વેચાઈ ગયેલા ઈન્સ્પેક્ટરે તે માનવા ઈન્કાર કર્યો અને તેની વાતના પૂરાવા માગ્યા, જે આપવા માટે કિરણ અસમર્થ હતો. રજા મળે એટલે ચોકી પર હાજર થવાનું કહી ઈન્સ્પેક્ટર વિદાય થયો પણ તેણે કિરણને વિચાર કરતો કરી દીધો હતો.

કિરણ પોતાની પરિસ્થિતિ સમજી ગયો હતો. તો હોસ્પીટલમાંથી રજા મળતાં જ તેને ચોકી પર હાજર થઈ રીપોર્ટ / ફરિયાદ આપવાનાં હતાં. પણ તેના પક્ષમાં કોણ?

કિરણ વિચારતો હતો જો તેના પક્ષમાં કોઈ જ ન હોય તો પછી તેને માટે બે જ માર્ગ રહેતા હતા. જો તે યોગ્યપૂરાવા રજુ ન કરી શકે તો કાયદાના ધોરણએ તેણે જે શિક્ષા થાય તે વેઠવાની હતી. અથવા તે છૂટી જશે તો પણ સરપંચના માણસો તેને પરેશાન કર્યા વિના રહેવાના નથી તો હવે શું કરવું જોઈએ? અહીં પથારીમા પડ્યો પડ્યો તે વિચારો સિવાય કાંઈ પણ કરી શકવાને અસમર્થ હતો. તેની સામે જે બે વિકલ્પ હતા તે બંને તેને નાપસંદ હતા પરંતુ ત્રીજો કોઈ માર્ગ તેને દેખાતો ન હતો તે મગજ કસતો રહ્યો અને જેમ બાઈબલમાં લખ્યું છે કે "જે શોધે છે તેને જડશે" તેમ તેને પણ એક વિચાર આવ્યો જેમાં ન તો કાયદાની શિક્ષા હતી કે ન સરપંચના માણસોનો ભય. તેણે હોસ્પીટલમાંથી જ નાસી છૂટવાનો નિર્ણય કરી લીધો હતો.

ઊજળાં દૂધ જેવાં વસ્ત્રો પરિધાન કરેલી નર્સને તેની પાસે આવતી જોતાં જ કિરણ સમજી ગયો કે તે આજની દવાનો ડોઝ આપવા માટે આવી રહી છે. કિરણે આંખો બંધ કરી લીધી. પણ નર્સના અવાજે તે ફરીથી ખોલી અને મોં પણ પહોળું કર્યું. ગોળી અંદર મૂકાતાં જ તે ડબ કરીને ગળી ગયો અને તરત જ ઊભો થઈને પલંગ પરથી નીચે ઊતરી ગયો. તે જોઈ નર્સે પૂછયું, "કેમ ભાઈ ક્યાં ચાલ્યાં? હજી તમને રજા મળી નથી." સહેજ અચકાતાં કિરણે બે આંગળીઓ બતાવી. નર્સના મુખ પર સંમતિ

સૂચક સ્મિત રેલાયું અને કિરણ આગળ વધ્યો. પણ હજી જોખમ ઘટ્યું ન હતું. બહાર એક પોલીસ સાદા વેશમાં તેની ચોકી કરતો હતો. કેમકે કિરણ આરોપી હતો. ઘણાં વખતથી વિચારી રાખેલ, અનેકવાર મનમાં ગોખેલા શબ્દોને મોઢે લાવતાં કિરણને તકલીફ પડતી હતી. છેલ્લી ઘડીએ કિરણે વિચાર બદલ્યો અને પેલા પોલીસની પૃચ્છા કરતી આંખો સામે ફરીથી બે આંગળી બતાવી. પેલાએ ડોકું ધૂણાવ્યું અને પછી ખીસામાંથી બીડી કાઢી સળગાવી.

કિરણે જાજરુમાં પ્રવેશ કર્યો અને સપાટાબંધ પાછલી બારીની સ્ટોપર ખોલી નાંખી ઉપર ચઢીને તેમાંથી તે પોતાનું શરીર સંકોચી બહાર આવી ગયો. આ ભાગમાં માત્ર ગલી હતી અને લોકોની અવરજવર નહિવત હતી તેથી કિરણને પાછળની બારીએથી ઊતરતાં કોઈએ જોયો નહિ. હવે તે સાવચેતીપૂર્વક હોસ્પીટલના દરવાજા તરફ આગળ વધવા લાગ્યો. જો કે તે ભાગેડુ છે તેમ કોઈ જાણતું ન હતું પરંતુ તેના ચહેરા પર ઘા અને ઊઝરડાને કારણે તેનો દેખાવ વિચિત્ર હતો અને તેથી ઘણાં તેની તરફ કુતૂહલથી જોઈ રહ્યા હતા. પરંતુ કિરણને લાગતું હતું કે બધાં તેની જ નોંધ લઈ રહ્યા છે. એક વિચાર તેને આવ્યો કે પાછા ફરી જવું પણ તેમાં સલામતિ ક્યાં હતી? તેને દૂર દૂર નાસી જવું હતું જયાં પેલો ઘૂવડ સરપંચ અને તેના ભાડૂતી માણસો ન હોય. વેર તથા બદીઓથી ખદબદતા જગતથી નાસીને તેણે પ્રેમ તથા ભાઈચારાની દુનિયામાં ચાલ્યા જવું હતું પણ એવું કોઈ સ્થાન હશે ખરું? કિરણ હોસ્પીટલના દરવાજામાંથી બહાર આવી ગયો હતો. તેના પગ ચાલતા હતા પણ તે કઈ દિશામાં આગળ જઈ રહ્યો

હતો તેનું તેને ભાન ન હતુ.

શૂન્ય મને તે આગળ વધી રહ્યો હતો. તેના મનના પડદા પર ચિત્રો બનતાં હતા. અને ભૂંસાતા હતા. સરપંચની ચોરી પકડાવી અને સરપંચની ધમકી તથા પિતાની છાતીને વીંધતો સરપંચનો છરો હજી પણ કિરણને જાણે કે સ્પષ્ટ દેખાતો હતો. પોતે અને ભાઈઓનું નાસવું, કૂતરાઓનો હૂમલો, બધું જ તેની આસપાસ ભમતું હતું.

હાઉ...હાઉ...હાઉ...હાઉ...

કૂતરાના ભસવાના અવાજ જાણે કે તેના સ્પપ્નને તોડી દીધું કિરણે જોયું તો તેના ચહેરાના વિચિત્ર દેખાવને કારણે કોઈ કૂતરાને આકર્ષી લીધો હતો. તેના અવાજને સહારે બીજાં પણ બે કૂતરાં તેની તરફ આવી રહ્યાં હતાં. કિરણે પથ્થર લઈ તેમને નસાડવાનો પ્રયત્ન કર્યો પરંતુ તેથી તો કૂતરાંને વધારે જોશ ચઢ્યું અને વધુ જોરથી ભસવા લાગ્યાં. કિરણને લાગ્યું કે અહીં જોર કામ લાગે તેવું નથી, તેથી મૂઠીઓ વાળીને તેણે દોડવા માંડ્યું એ રસ્તો તો ગામની બહાર જતો હતો. પણ કિરણને એથી કોઈ જ મતલબ ન હતો. તેને તો કૂતરાંથી છૂટવું હતું અને કોઈ જગાએ છૂપાઈ જવું હતું. જ્યાંથી લાગ મળે દૂર દૂર જતા રહેવાય. પણ અત્યારે તો કિરણ એક અજબ મુશીબતમાં ફસાયો હતો તે બેફામ દોડી રહ્યો હતો.

ત્યાં જ તેને ઠોકર વાગી અને ધડામ, દઈને તે ઊંધા મોંએ પછડાયો.

જ્યારે કિરણને કળ વળી ત્યારે કૂતરાંનો ઘૂરકાટ દૂર

દૂર જતો હતો અને કોઈ તેને ઊઠાવી રહ્યું હતું. કિરણે આંખો ખોલીની જોયું તો તેની આંખો પહોળી જ રહી ગઈ તેને મદદ કરનાર એ જ ઈન્સ્પેક્ટર હતો.

## પ્રકરણ – ૧૪

કિરણને ઓળખતાં જ ઈન્સ્પેક્ટર આખી વાત પામી ગયો. તેની આંખોમાં સહાનુભૂતિને સ્થાને રૂક્ષતા આવી ગઈ. "અચ્છા તો બેટમજી, નાસવાની તૈયારી હતી ખરું?" કિરણનો કોલર પકડી તેને ઊંચો કરતાં ઈન્સ્પેક્ટરે કહ્યું, કિરણમાં પોતાનો બચાવ કરી શકે તેવી કોઈ ગુંજાશ ન હતી. તેણે આંખો ઢાળી દીધી. ઈન્સ્પેક્ટરે તેને કોથળાની જેમ ઉપાડીને એક બાજુ પાર્ક કરેલી જીપમાં નાંખ્યો અને પછી ધારદાર અવાજે ચેતવણી ઉચ્ચારી, "હવે જો ચૂં કે ચાં કર્યું છે તો ખેર નથી તારી. સીધો ભડાકે જ કરી દઈશ" અને પાછી તેણે સ્ટીયરીંગ વ્હીલ પાછળ બેસીને જીપ સ્ટાર્ટ કરી.

તેની જીપ જ્યારે પોલીસમથકે ઊભી રહી ત્યારે એક પોલીસ દોડતો આવ્યો અને સલામ કરી સમાચાર આપ્યા, "સાહેબ, એસ.જી. હોસ્પિટલથી હમણાં જ કોન્સટેબલ રાવજીનો ફોન હતો. પેલો છોકરો નાસી છૂટ્યો છે."

ઈન્સ્પેક્ટરે શાંતિથી પોતાનો બેલ્ટ ઠીક કરતાં કહ્યું, "ઠીક, જાઓ એ છોકરો મારી જીપમાં પાછળ છે. તેને લાવીને કોટડીમાં મૂકી દો અને પેલા બે બેંક લૂંટારૂ ક્યાં છે?"

"એ લોકો તો અંદર જ છે." કહેતાં પોલીસે ફરી સલામ ભરી ઈન્સ્પેક્ટર આગળ વધી ગયો. પોલીસે કિરણને અંદર લઈ લીધો અને તાળું ભરાવી દીધુ કિરણને નિરાશા ઘેરી વળી હતી. એક માત્ર ઉપાય તેને હાથ લાગ્યો હતો તેનો પણ ફિયાસ્કો થયો હતો. હવે શું? હવે તો જે થાય તે સહન જ કરવાનું હતું હવે તો તેની સાચી વાત પણ કોણ માનવાનું હતું? તેના નાસી છૂટવાના પગલાંઓ તેને અપરાધી ઠરાવી દીધો હતો. હવે તો કાયદાની સજા ભોગવ્યા વિના અન્ય કોઈ માર્ગ જ ક્યાં હતો?

કિરણ આવા વિચારોમાં ખોવાયેલો હતો ત્યારે ચાર આંખો તેને તાકી રહી હતી અને પરસ્પર ઈશારા કરી કોઈ ગુપ્ત વાત કરી રહી હતી. પરંતુ કિરણ તો તેથી તદ્દન બેખબર હતો.

વિચારોમાં ખોવાયેલા કિરણને તો ક્યારે તેની કોટડીનો દરવાજો ખૂલ્યો અને ક્યારે ઈન્સ્પેક્ટર અંદર આવી તેની સામે ઊભો રહી ગયો તેની ખબર જ ન હતી.

"કેમ? હવે જેલ તોડવાની યોજનાઓ ચાલે છે કે શું?" કહેતાં ઈન્સ્પેક્ટરે પોતાના હાથમાં રહેલ હંટરનો ફટકો બોલાવ્યો. કિરણ ચમકી ગયો. તેણે ઊંચે જોયું તો ઈન્સ્પેક્ટરના એક હાથમાં હંટર તથા બીજા હાથમાં એક કાગળ લઈને ઊભો હતા.

"ઊભો થા ડુક્કર," ઈન્સ્પેક્ટરે તેના હાથમાંનો કાગળ બતાવતાં કિરણ સામે જોરથી ઘૂરકિયું કર્યું, અને "અહીં સહી કરી આપ" પણ ઈન્સ્પેક્ટરને ખબર ન હતી કે

બની ગયેલા બનાવોએ કિરણના નાનકડા મન ઉપર કૂઠરાઘાત કર્યો હતો અને હવે તેના હૃદયમાં એક જબરુ પરિવર્તન આવ્યું હતું અને છેલ્લા દિવસોમાં બનેલી ઘટનાઓએ તેને પથ્થર દિલ બનાવી દીધો હતો.

પ્રતિશોધની આગ, અન્યાય સામે લડવાની આગ તેના સીનામાં જાગી ઊઠી હતી . અને હવે એ પથ્થરદિલ કિરણ સમાજને માટે એક ભયંકર નરાધમ બનવાનો હતો. કિરણ તેના વિકૃત ચહેરાને ઈન્સ્પેક્ટરની સામે ધરીને ઊભો રહ્યો અને કાંઈક સ્મિત સાથે તેણે પેલો કાગળ હાથમાં પકડ્યો અને વાંચવા લાગ્યો. ઈન્સ્પેક્ટરનો પિત્તો જતો હતો પણ શાંતિ રાખી તે તેના હાથમાંના હંટરના હેન્ડલને રમાડવા લાગ્યો.

કિરણે કાગળ પૂરો કરી ઊંચે જોયું. "સહી કર એમાં..." ઈન્સ. ગર્જ્યા, સામે કિરણે એવો જ જોરદાર બરાડો પાડ્યો, "એમાં સચ્ચાઈ નથી. હું સહી નહીં કરું" અને ઈન્સ્પેક્ટરનો ક્રોધ ફાટી પડ્યો. તેના હાથમાં રહેલું હંટર હવામાં વીંઝાયું, પાસેની કોટડીમાંથી ચાર આંખો આ દૃશ્યને કૂતુહલતાથી જોઈ રહી હતી પણ તેમણે જોયું તો વીંઝાયેલું હંટર પેલા વિચિત્ર ચહેરાવાળા કિશોર પર પડ્યું ન હતું. પરંતુ ઈન્સ્પેક્ટર જ તેની જગ્યાએથી ઊથલી પડ્યો હતો અરે, હજી શું બન્યું છે તે સમજાય તે પહેલાં તો તે જ હંટર ઈન્સ્પેક્ટરના ગળે વીંટળાઈ વળ્યું હતું અને તેના કમરપટામાં ભરાવેલી રિવોલ્વર પેલા છોકરાના હાથમાં હતી. "ઈન્સ્પેક્ટર, તું બેઈમાનોનો સાથી બની ગયો છે. અન્યાયના પક્ષમાં વિજય હોતો નથી. શું? તારા પેલા

ઉંદરડાઓને કહે મારા માર્ગમાંથી હટી જાય નહિંતર...''
કિશોરનો અવાજ ધારદાર હતો અને તેના અવાજમાંથી એક પ્રકારની નિશ્ચયતા ટપકતી હતી. તેનો ઈશારો બહારથી દોડી આવેલા બે પોલીસો તરફ હતો.

ઈન્સ્પેક્ટર દિગ્મૂઢ હતો. તેની કલ્પનાથી વિપરિત બની ગયું હતું. પરંતુ જે કાંઈ બની ગયું તેમાં કશી જ ચાલાકી કરવી પોસાય તેમ ન હતી. તે વાત તે સમજી ચૂક્યો હતો. તેણે પોલીસોને ઈશારો કર્યો બંને એકબાજુ ખસી ગયા. કિરણ ઈન્સ્પેક્ટરને એ હાલતમાં લઈને બહાર નીકળ્યો જયારે તે બહાર આવ્યો ત્યારે જ પેલી ઓરડીમાંથી આવાજ આવ્યો, "શાબાશ...!" અને કિરણે પળભર માટે તેનો ચહેરો તે તરફ ફેરવ્યો. બે ઘાતકી અને ક્રૂર દેખાતા ચહેરાઓએ માત્ર ઈશારાથી તેના કાર્યને બીરદાવ્યું.

પરંતુ અહીં કિરણની ભૂલ હતી. ઈન્સ્પેક્ટર કાબો હતો. તક મળે તો છોડે તેવો ન હતો. તેને જોઈતી તક પેલા બે બેંક લૂંટારૂએ પૂરી પાડી અને કિરણ હજી તો છોકરું જ હતો ને? પૂરા જોશથી ઈન્સ્પેક્ટર એકદમ આગળ ઝૂકી ગયો. તેના ગળાને વીંટળાયેલ હંટર કિરણના હાથમાં હતું તેથી તેને પણ જોરદાર ઝટકો લાગ્યો. ઈન્સ્પેક્ટરની પીઠ ઉપર થઈને તે હવામાં ફંગોળાયો પકડ છૂટી ગઈ અને કિરણ ચત્તોપાટ પછડાયો. ઈન્સ્પેક્ટરે ગળે પીંટાએલું હંટર હાથમાં લઈ લીધું અને પેલા બંને પોલીસો પણ પળનો ઉપયોગ કરી લેવા માટે દોડ્યાં તો ખરા પરંતુ કિરણને તત્કાળ ઊભો થઈ તેને રિવોલ્વર સાથે પોઝીશન લેતો જોઈ

અટકી ગયાં.

"ઈન્સ્પેક્ટર, આમાં છ ગોળી છે. અને તમે ત્રણ જણ એક બે ખાલી જાય તોયે વાંધો શો છે!" કહેતાં તેણે ટ્રીગર દબાવ્યો અને ધાંય... અવાજ સાથે એક ગોળી ઈન્સ્પેક્ટરના માથા પરથી પસાર થઈ પાછળની દીવાલમાં ઘૂસી ગઈ. અહીં કિરણની બીજી ભૂલ હતી. રિવોલ્વરમાં છ ગોળી હોય છે તે ખરું પણ આ રિવોલ્વરમાં તો માત્ર એક જ ગોળી હતી અને તે પણ હવે તો વપરાઈ ગઈ હતી. એટલે આ પછી આ રિવોલ્વરનું મહત્વ રમકડાની રિવોલ્વર કરતાં વધારે રહેતું ન હતું, અને જે વાતથી કિરણ બેખબર હતો તે વાત ઈન્સ્પેક્ટર જાણતો હતો. તેના ચહેરા પર સ્મિત અંકાયું અને તે તો બેશક વિજયનું જ હતું.

"નાદાન છોકરા, હવે રમત છોડી દે. તારા હાથમાં રહેલા રમકડાથી હું ડરતો નથી." કહેતાં ઈન્સ્પેક્ટરે ઈરાદાપૂર્વક હાથમાંનું હંટર હલાવ્યું અને તે આગળ વધ્યો.

"ઈન્સ્પેક્ટર, મારે નાસવું છે જરૂર પણ ખૂન કરવું નથી. હાથે કરીને મોતને પોકારીશ નહી. આ તારી સગી નહી થાય." કિરણે નિશાન લેતા કહ્યું અને પોતાની પકડને મજબૂત બનાવી.

"છટ્, એવો ડર હોત તો હું ઈન્સ્પેક્ટર જ ન હોત." કહી બેધડકપણે ઈન્સ્પેક્ટર આગળ વધ્યો. ઉત્તરમાં કિરણે ટ્રીગર પરની આંગળી દબાવી પણ તેના આશ્ચર્ય વચ્ચે તેમાંથી ગોળી છૂટવાને બદલે માત્ર ક્લિક ક્લિક એવો અવાજ જ આવ્યો. નિરાશ કિરણ દરવાજા તરફ ધસ્યો તો

ખરો પરંતુ તે થોડો મોડો હતો. દરવાજા પાસેના બે પોલીસોને ચાલાક ઈન્સ્પેક્ટરનો ઈશારો પહોંચી ગયો હતો. શારીરિક રીતે કિરણ પેલા બે પોલીસોને પહોંચી વળી શકે તેમ ન હતો. થોડી જ વારમાં બંને જણની મજબૂત પકડમાં કિરણ છટપટાતો હતો. તેની કોઈ કારી ફાવતી ન હતી.

"કેમ છે દોસ્ત," ઈન્સપેક્ટરનો સૂસવતો અવાજ કિરણના કાનમાં ધારદાર તરવારની જેમ ભોંકાયો. ત્યારે જ બહાર એક જીપ ઊભી રહેવાનો અવાજ આવ્યો. પણ ઈન્સ્પેક્ટરના હાથમાં ક્રુર રમત કરવાનું એક રમકડું આવ્યું હતું. તેથી તેણે તે વિષે સહેજ પણ દરકાર કરી નહિ. "રિવોલ્વરમાં માત્ર એક જ ગોળી હું રાખું છું. બીજું નિશાન લેવાની મારે જરૂર રહેતી નથી સમજયો? તારી શેખાઈમાં છોડેલી ગોળીએ તારી જ કબર ખોદી છે એ તને થોડીવારમાંજ સમજાઈ જશે. જોરૂભા અને કાળુભા છોડી દો કૂતરાને, તેને મારા હાથે મઝા ચાખવી છે."

બંને પોલીસો કિરણને છોડી જરા આઘા ખસ્યા અને ઈન્સ્પેક્ટરે હવામાં હંટર ઊઠાવ્યું ત્યારે જ બારણામાં બે આકાર દેખાયા અને એક જોરદાર કરડો અવાજ સંભળાયો. "હેન્ડઝ્ અપ."

બધાં જ ચોંકી ગયા અને સ્તબ્ધ થઈ ગયા. આજનો દિવસ કિરણ માટે નવો જ હતો. જે કાંઈ બની રહ્યુ હતું તેતો કોઈ પરીકથા કે રહસ્યકથા કરતાં પણ વધુ આશ્ચર્યજનક અને રોમાંચક હતું.

ત્યારે જ જેલની પહેલી કોટડી તરફથી એક સીટીનો અવાજ આવ્યો અને સાથોસાથ શબ્દો પણ સંભળાયા "ચાલ્યા આવો દોસ્તો શાબાશ, દોસ્તી તો આનું નામ"

પેલા બુકાનીધારીઓમાંથી એક આગળ આવ્યો અને તેણે પોલીસો તથા ઈન્સ્પેક્ટર તથા કિરણની તલાશી લીધી પણ હથિયાર તો હંટર વિના કશું જ ન હતું. પેલી રિવોલ્વર નીચે પડેલી હતી તે ઊઠાવી લીધી અને પોલીસ ચોકીની ખીંટીએ લટકતી હાથકડીઓ ઈન્સ્પેક્ટર તથા પોલીસોને પહેરાવી દીધી કિરણને પણ તે પહેરાવવા જતો હતો પણ પેલી કોટડીમાંથી અવાજ આવ્યો "એને નહિ દોસ્તો, એ તો આપણો મિત્ર છે."

બેડીવાળા હાથે જ પોલીસો પાસે જેલની કોટડીનું દ્વાર ખોલાવામાં આવ્યું. એ જેલનું એક જ પંખી આઝાદ થવા તરફડિયાં મારતું હતું પણ હવે તો ત્રણ કેદી છૂટા થયા હતા. ઈન્સ્પેક્ટર તથા પોલીસોને એ જ રૂમમાં પૂરીને તાળાં મારી દેવામાં આવ્યાં. થોડી જ ક્ષણોમાં આ બધું બની ગયું.

મુક્ત થયેલા એક કેદીએ કિરણને ખભે હાથ મૂકતાં કહ્યું, "દોસ્ત, હવે તું આઝાદ છે. શું તું મારી સાથે આવશે?"

"તમે?...તમે કોણ છો?" કિરણના હોઠ પર પ્રશ્ન આવ્યો.

"તારા પ્રશ્નનો ઉત્તર આપવાનો સમય અમારી પાસે નથી." કેદીએ મુખ બીજી તરફ ફેરવીને કહ્યું, "પણ અમારે તો હા કે ના નો જ જવાબ જોઈએ છે."

કિરણ કશો ઉત્તર આપે તે પહેલાં જ પેલો ઝડપથી જેલ કોટડી પાસે ગયો અને ઈન્સપેક્ટરને કહેવા લાગ્યો, "કેમ? મનની મનમાં રહી ગઈને? અમારો સામનો છોડી દે નહિ તો..." પછીના શબ્દો તે ગળી ગયો અને કિરણ તરફ આવી પ્રશ્નાર્થ નજરે જોયું અને પછી તેના સાથીઓની સાથે પગથિયાં ઉતરવા લાગ્યો.

"હું તમારી સાથે આવું છું." કહી કિરણ પણ ઝડપથી પગથિયાં ઊતરી ગયો.

# પ્રકરણ - ૧૫

રાત્રિનો અંધકાર બીહામણો હતો. ભાઈને શિકારી કૂતરા તથા દુશ્મનોના હાથમાં છોડીને ભાગી જવાનું રૂબેનને મંજુર ન હતું પરંતુ કિરણની વાત સાચી હતી જો બંને સાથે રહે તો બંનેના માથે જોખમ હતું પણ થોડીવાર માટે છૂટા પડે તો બેમાંથી એક અથવા કદાચ બંને પણ બચી શકે તેમ હતું દૂર દેખાતો દીવાઓનો પ્રકાશ જાણે તેમના માટે મુક્તિની દીવાદાંડી હોય તેમ એક ધ્યાનથી લથડતા પગોમાં જોર ભરીને રૂબેન દોડવા લાગ્યો.

દોડતા રૂબેનના મનમાં વિચારોનું પૂર ઊમટ્યું હતું શહેરમાં તો પહોંચી જવાશે પણ ત્યાં હું કોને મળીશ? ને દોસ્ત હશે કે દુશ્મન? મારી વાત કોણ માનશે? કોણ મને મદદ કરશે? અને ભાઈને સમયસર મદદ ન મળે તો? તો..તો... એ પરિસ્થિતિની કલ્પના કરવી જ રૂબેન માટે મુશ્કેલ હતી એ તો... પછી વિચારી શકતો જ ન હતો. કોઈ અજ્ઞાત ભય તેને દબાવી રહ્યો હતો. તેના પગમાં જાણે કોઈ ખીલા મારતું હોય તેમ તે ભારે થતા જતા હતા. તેને થતું હતું કે, મારે પાંખો હોત તો કેવું સારું? આ તાકાત વગરના પગોને રૂખસદ આપી દઈને, તે પાંખોથી ઊડીને પહોંચી જાત પછી તેને પાછા ફરી ભાઈ કિરણ પાસે પહોંચવાનો વિચાર થઈ આવ્યો. પણ એ તો કેમ બને? તેને પોતાના ભાઈની બહાદુરી પર વિશ્વાસ હતો. તેની હોંશિયારી પર ભરોસો હતો. તે અત્યારે ઝુઝતો હશે અને મારા સફળ થવાની રાહ જોતો હશે. પેલા ડાઘિયાઓ સાથેના જંગમાં પણ તેની ઉત્સુક આંખો મારા દ્વારા આવતી

સહાયને નીરખી લેવા તડપતી હશે અને આ વિચારે જાણે કે રૂબેનને નવું બળ આવ્યું, તેના ભારે લાગતા પગોમાં એક હળવાશ આવી. તેના પગમાં જોમ આવ્યું અને મંઝિલની નજીક તે સરતો ગયો.

શહેરમાં તે પ્રવેશી ગયો હતો પણ રસ્તાઓ તો સૂમસાન હતાં ફરીથી નિરાશાના વાદળે તેને ઘેરી લીધો ક્યાં જવું? એ પ્રશ્ન પહાડ બનીને તેની સામે ઊભો રહ્યો ક્ષણેક વિરામ લીધા પછી તેણે પાસેની ગલીમાં વળી જવાનો નિર્ણય કર્યો.

જેવો તે વળ્યો કે તરત જ એક જીપ તેની પાસેથી માર માર કરતી આગળ વધી ગઈ. તેનો ડ્રાઈવર કોઈ ઈન્સપેક્ટર હોય તેમ લાગ્યું. રૂબેનનું હૃદય થડકી ઊઠ્યું. તે જીપને તેણે પોતે જે માર્ગે આવ્યો હતો તે તરફ જ જતાં જોઈ. તે જીપમાં જો ઈન્સપેક્ટર જ હોય તો તેની મદદ શા માટે ન લેવી? રૂબેને જોરથી જીપની પાછળ બૂમ પાડી પણ પૂરવેગે જતી જીપ સુધી તેનો અવાજ પહોંચ્યો કે કેમ તે પ્રશ્ન હતો. તેની બૂમનો ધ્વનિ જાણે કે દૂરના અંધકારને ટકરાઈને પાછો વળ્યો. વેરાન ગલીઓમાં તેનો ધ્વનિ ગાજ્યો તો ખરો પણ નીરવતાએ જાણે કે તેને કચડી નાંખ્યો. દૂર દૂર નાની થતી જતી લાલ બેકલાઈટ પણ દેખાતી બંધ થઈ ગઈ. રૂબેનની છાતીમાંથી એક નિસાસો સરી પડ્યો તેના પગોમાંથી જોર હણાઈ ગયું. તેની આંખોની આસપાસ અંધારા ફરી વળ્યાં. રસ્તાની વચ્ચે જ તે ઢળી પડ્યો. તેના પછડાવાના અવાજે સન્નાટાને ચીરવાનો અસફળ પ્રયાસ કર્યો અને એ વેરાન સડકો પર

ફરીથી ખામોશી ફરી વળી.

યરેખોથી યરૂશાલેમ તરફ જતા યાત્રીના જેવો રૂબેન પડ્યો હતો. તે થાકેલો, હારેલો હતો. પેલા યાત્રીની જેમ કણસવાનું પણ તેનાથી બનતુ ન હતું. બેહોશીની ગર્તામાં તે ખૂબ ખૂબ ઊંડો ઊતરી ગયો હતો. શું અહીં કોઈ લેવી, યાજક કે ભલો સમરૂની આવવાનો હતો?

ઠક...ઠક...ઠક...ઠક...

કોઈના આવવાનો અવાજ હતો. ચૂપકીદી તૂટતી જતી હતી. બત્તીના રેલાતા અજવાળામાં શ્વેત વસ્ત્રધારી એક પાદરી આવતા દેખાતા હતા. તેમના હાથમાં ટોર્ચ હતી. આવી મોડી રાત્રે તે શહેરની બહારથી આવી રહ્યા હતા. તેમણે રૂબેનના અચેત શરીરને રસ્તા વચ્ચે પડેલું જોયું. તે પાસે ગયા અને તેના મુખ પર ટોર્ચનો પ્રકાશ પાડ્યો. રૂબેનના નિર્દોષ સોહામણા મુખને જોતાં તેમના હૃદયમાં પ્રેમનો ઊભરો આવ્યો. તેમણે તેને પોતાના ખભા પર ઊંચકી લીધો અને વળી પાછો તેમના બૂટનો ઠક...ઠક... અવાજ શાંતિને ટકોરા મારતો હોય તેમ તેમના નિવાસસ્થાન તરફ આગળ વધવા માંડ્યો. આખું દૃશ્ય એવું લાગતું હતું જાણે ખોવાયેલા ઘેટાને તેનો માલિક વગડામાંથી શોધી લાવ્યો હતો અને વાડામાં પાછો લઈ જઈ રહ્યો હતો. ઘરે જઈને પેલા પાદરીસાહેબે રૂબેનને સુંદર પથારી પર સુવાડી દીધો અને પોતે પણ બીજા રૂમમાં આરામ કરવા માટે ચાલ્યા ગયા.

રૂબેનની આંખ ખૂલી ત્યારે તો અંધકાર જતો રહ્યો

હતો અને સૂર્યના હૂંફાળા કિરણો ફેલાઈ રહ્યા હતા. તેને આશ્ચર્ય થયું અને સડાક કરતો તે બેઠો થઈ ગયો. તેણે જોયું તો સામેના ટેબલ ખુરશી પર બેઠેલ પાદરી સાહેબ બાઈબલના પાના મંદ ગતિએ ફેરવી રહ્યા હતા અને ટેબલ પરની કીટલીમાંથી ઊકળતી ચાની વરાળ બહાર નીકળી રહી હતી. હવે બે કપ તથા બ્રેડની પ્લેટ પણ ગોઠવાઈને પડ્યા હતા.

"ડરીશ નહિ દીકરા," તેના કાને મધૂર શબ્દો પડ્યા. "અહીં પ્રભુનું ઘર છે. તું ઘણો ગભરાયેલો લાગે છે. જા, પહેલા બ્રશ કરીને સ્વસ્થ થા." પાદરી તેની પથારીની બાજુમાં પડેલા સ્ટુલ પરના બ્રશ તથા પેસ્ટ તરફ સંકેત કરતા હતા.

"પણ મારો ભાઈ..." કહેતાં રૂબેનની આંખોમાં પાણી આવી ગયાં ગળું ભરાઈ ગયું અને ડૂમો લાગી ગયો. "બેટા, તારા ભાઈની પણ પ્રભુ રક્ષા કરશે. તેની ઈચ્છા તથા યોજનાનો કોણ જાણી કે સમજી શકે?" કહેતાં પાદરી સાહેબનો પ્રેમભર્યો હાથ રૂબેનના વાંસા પર ફરતો હતો. રૂબેન વધારે જોરથી રડી પડ્યો. અને ક્યાંય સુધી રડતો જ રહ્યો. પાદરી સાહેબે એક પણ અક્ષર બોલ્યા વિના તેના વાંસે હાથ ફેરવ્યા જ કર્યો. તેમના શબ્દો કરતાં પણ એ ક્રિયામાં વધુ દિલાસો, આશ્વાસન તથા હિંમત હતા. પછી રૂબેન ઊભો થઈને બ્રશ લઈને બાથરૂમ તરફ વળ્યો ત્યારે પાદરી સાહેબે ચાની કીટલી ફરીથી ગરમ કરવા માટે નોકરને હાંક મારી અને વળી પાછા બાઈબલના પાનાઓમાં ખોવાઈ ગયા.

રૂબેનને ભાઈ કિરણની ચિંતા હતી તેના વિષે તે જાણવા ચાહતો હતો પરંતુ પાદરી સાહેબે તેને કાંઈ જ બોલવા દીધો નહિ, અને પહેલાં ચા-નાસ્તો કરવા માટે કહ્યું, ઈશ્વરપિતાનો આભાર માનીને તેમણે તે પૂરો કર્યો.

ત્યારપછી રૂબેને પાદરી સાહેબને મોકળા મને બધી જ વાત કરી, તેની વાત સાંભળી પાદરી સાહેબના મુખ પર ચિંતાની રેખાઓ ઉપસી આવી.

"બેટા, તેનો અર્થ એ થયો કે દુષ્ટ સરપંચ તમને બધાંને જાનથી મારી નખવા ચાહે છે. પરંતુ મારો સર્વશક્તિમાન પ્રભુ તને બચાવી લાવ્યો છે. જો તું અહીં જ રહે. હું આજે થોડા દિવસ માટે બહારગામ જાઉં છું અને વળતાં તારા ભાઈના સમાચાર લેતો આવીશ હો, તું જાતે કશી જ તપાસ કરવા જતો નહી કદાચ કોઈ મોટી મુશ્કેલીમાં તું આવી જાય તો? બનશે તો હું તારા ભાઈને જ સાથે લેતો આવીશ" પાદરી સાહેબે વળી તેના માથે હાથ મૂકતાં કહ્યું.

રૂબેને સંમતિસૂચક માથું હલાવ્યું. પાદરી સાહેબે તેની સાથે ઘૂંટણે પડીને પ્રાર્થના કરી અને વિદાય લીધી રૂબેન આતૂરતાપૂર્વક તેના પાછા આવવાની વાટ જોતો હતો. પોતાના ભાઈઓ વિષે જાણવાની તેને ખૂબ જ ઉત્કંઠા હતી. તે છાંપાં વાંચીને તેનો સમય પસાર કરવા માંડ્યો અને એક દિવસ તે છાપાના સમાચાર વાંચીને ચોંકી ઊઠ્યો. અરે! આ તો તેના ભાઈના જ સમાચાર હતા!

## પ્રકરણ – ૧૯

રૂબેન ખૂબ ધ્યાનપૂર્વક વાંચતો હતો -

**"ખૂંખાર બેન્ક લૂંટારૂઓને છોડાવી જતા તેમના સાથીઓ."**

થોડા જ દિવસો પૂર્વે બેન્ક લૂંટને સાહસપૂર્વક પકડવામાં સફળ થયેલી પોલીસને ત્રાસવાદી લૂંટારાઓનો તમાચો. પોલીસ ચોકીમાંથી સાથીઓને છોડાવીને બેન્ક લૂંટરું ફરાર.

હજી થોડાં જ દિવસો પર ભારે જહેમતથી પકડવામાં આવેલાં બેન્ક લૂંટારુંઓને તેમના સાથીઓ ભગાડી જવામાં સફળ થયા છે. આ સંબંધે જાણવા મળે છે કે રાત્રિના સમયે પોલીસ પહેરો જરા હળવો હોય છે તેવા સમયમાં ત્રાસવાદી બેન્ક લૂંટારૂઓ મશીનગનો સાથે પોલીસ ચોકીમાં પ્રવેશી ગયા હતા અને ઈન્સપેક્ટર તથા અન્ય પોલીસને નિઃશસ્ત્ર કરીને આ ત્રાસવાદીઓ તેમના સાથીને હિંમતભેર છોડાવી ગયા હતા.

વિશેષમાં જણવા મળે છે કે આ ત્રાસવાદી લૂંટારૂઓ એક અન્ય કેદી છોકરાને કે જેનું નામ કિરણ હતું તેને પણ પોતાની સાથે નસાડી ગયા છે.

જાણવા મળ્યા પ્રમાણે આ કિશોર નજીકના ગામનો રહેવાસી હતો. પોલીસ રેકર્ડ પ્રમાણે તેણે તેના ગામના સરપંચ પર ખૂની હૂમલો કર્યો હતો ત્યારે સરપંચના વફાદાર કૂતરાઓએ તેનો પીછો પકડીને તેને મરણતોલ

ઘાયલ કરી દીધો હતો, પરંતુ ઈન્સપેક્ટરની દરમિયાનગીરીથી તેને છોડાવવામાં આવ્યો હતો. તે પછી તેની પર કેસ ચલાવવામાં આવનાર હતો. આ માથા ફરેલ કિશોરે હોસ્પીટલમાંથી પણ નાસી જવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ ઈન્સપેક્ટરના હાથે ઝડપાઈ ગયો હતો. જ્યારે ઈન્સપેક્ટર તેની વિસ્તૃત તપાસ કરી રહ્યા હતા ત્યારે એ કિશોરે જેલમાં ધમાલ મચાવી દીધી હતી જેનો લાભ લઈને ત્રાસવાદી લૂંટારૂઓ તેમના સાથીઓને છોડાવવામાં સફળ થયા હતા અને પછી તો એ કિશોરને પણ તેમની સાથે જ લઈ ગયા હતા. તેના બે ભાઈઓનો હજી પત્તો મળ્યો નથી. પોલીસ સતર્કતાથી ફરાર આરોપીઓની તલાશ કરી રહી છે.

રૂબેન વાંચી રહ્યો. તેમાં આગળ તો નાસી ગયેલા બે લૂંટારાઓનું વર્ણન તથા પાછલો ઈતિહાસ હતો. તેમાં રૂબેનને રસ ન હતો પરંતુ પોતાના ભાઈના સગડ તેને મળ્યા હતા. જો કે તે ન મળવા બરાબર જ હતા. લૂંટારૂઓની સાથે કિરણ ક્યાં ગયો હતો તે જાણવું મુશ્કેલ હતું. આ જ શહેરની અંદર તેનો ભાઈ હતો પણ તેને વિષે તેને ખબર પણ પડી નહી અને હવે તો તે ક્યાં હશે તેની કલ્પનાઓ જ કરવાની રહી. વળી કિરણનો પરિચય છાપામાં જે રીતે આવ્યો હતો તે પ્રત્યે રૂબેનને ભારે ચીઢ ચઢી. જે અપરાધી હતો તે ફરિયાદી બની ગયો હતો અને જેમના માથે જુલમ ગુજારવામાં આવ્યો હતો તેઓ તો ગુનેગાર બની ગયા હતા. પોલીસ અપરાધીની તરફદાર બનીને જેઓ નિર્દોષ હતા તેમને દોષિત માની તેમની શોધ કરી રહી હતી.

રૂબેનનું માથું ભમતું હતું. ક્રોધની જ્વાળાઓ તેના હૃદયમાં ભટકવા લાગી. તેના પાતળા હોઠ મક્કમતાથી બીડાયેલા હતા તેની આંખોમાંથી જાણે તણખા ઝરતા હતા. તેનું હૃદય જોરશોરથી પોકારતું હતું, "ઓ ઈશ્વર! આ કેવું અંધેર છે? નિરપરાધીની પાછળ પોલીસ લાગેલી હતી અને અપરાધી? પણ હવે શું? ક્યાં ગયો હશે મારો ભાઈ? નિર્દોષ અને જખ્મી એવો મારો ભાઈ ક્યાં ભટકતો હશે? પેલા લૂંટારૂઓ તેની શી દશા કરશે? શું તેઓની સાથે તે પણ લૂંટારો બની જશે?" ભાઈના પ્રેમની યાદે રૂબેનની આંખો ભીની કરી અને પછી તો ખારા જળની ધારાઓ બેરોકટોક વહેવા માંડી.

રૂબેનને ખબર ન હતી તે કેટલો સમય રડતો રહ્યો પરંતુ જ્યારે તેને ખ્યાલ આવ્યો કે તેની પાછળ કોઈ ઊભું રહીને કોઈ તેની પીઠ થપથપાવી રહ્યું હતું ત્યારે તો તે રીતસર ધ્રુસ્કેજ ચઢી ગયો. તેને માટે આશ્વાસનનો એક શબ્દ પણ બોલાતો ન હતો પણ એ સ્પર્શ તેને ઘણું બધું કહેતો હતો જ્યારે રૂબેનના ડૂસકા થોડાં ઓછાં થયાં ત્યારે જ વાતાવરણમાં પ્રેમાળ મીઠો સ્વર ઊભરાયો, "દીકરા, હવે તું બધું જ જાણી ગયો છે. જે તપાસ કરવા માટે હું રોકાયો હતો તેનો રિપોર્ટ મારા આવતાં પહેલાં જ તેં જાણી લીધો છે એક રીતે તો સારું જ થયું છે કેમ કે તને ખબર આપતાં તું જે રીતે ભાંગી પડવાનો હતો તેની કલ્પના કરીને તે કહેવાની જ હું તો હિંમત કરી શક્યો ન હોત."

"પરંતુ આ કેવો ન્યાય છે? નિર્દોષને સજા અને અપરાધીને મજા? આ તો સરાસર અન્યાય છે." રૂબેનના

હોઠ ભીંસાતા હતા.

"દીકરા, અન્યાય છે ખરો; પરંતુ કાયદો આપણા હાથમાં લેવો એ પણ એક અન્યાય જ છે ને? પ્રભુ પર વિશ્વાસ રાખ પ્રભુ સઘળાં સારા વાનાં કરશે."

"ફાધર, એ હવે બને તેમ નથી, વિશ્વાસ રાખીને હાથ જોડીને બેસી રહેવાનું મને પોસાતું નથી, હું જ કાનુની અધિકારી બનીશ અને ગુનેગારને સમય આવે સખત નસિયત કરીશ" રૂબેને મક્કમતાથી કહ્યું.

"ઠીક બેટા, પ્રભુને એ મંજૂર હશે તો તારી ઈચ્છા પૂરી થશે પણ હમણાં તારે એ માટે યોગ્યતા પ્રાપ્ત કરવી જરૂરી છે." ફાધરે તેને પોતાની પાસે ખેંચતા કહ્યું.

"જરૂર, કોઈ પણ કિંમતે એ યોગ્યતા હું મેળવીને જ જંપીશ" રૂબેનના દબાયેલા પાતળા હોઠોની વચ્ચે એક મક્કમ નિર્ધાર ભીંસાયેલો હતો.

અને એ કોઈ ક્ષણિક ઉશ્કેરાટમાં ઉચ્ચારાએલું વાક્ય ન હતું તે દિવસથી જ રૂબેન શરીરની કઠોરતા અને દિમાગી સ્ફૂર્તિ માટેની કસરતોનો અભ્યાસી બની ગયો. તેના દઢ મનોબળને કારણે તેની જીવન ગાડીને નિશ્ચિત દિશા સાંપડી ચૂકી હતી અને પરિણામે સમય વહેવાની સાથે રૂબેન પોતાના એ સ્વપ્નને સાકાર કરીને જ રહ્યો.

જ્યારે રૂબેન પુખ્ત ઊંમરે પહોચ્યો ત્યારે તે એક વિખ્યાત પોલીસ અફસર બની ચૂક્યો હતો. હર એક અન્યાયની સામે તે પહાડ બનીને ટકરાતો અને જુલ્મીઓનો

ખાતમો બોલાવવામાં તે બેરહમ બનીને ત્રાટકતો હતો. પોલીસ અફસર તરીકેની કારકિર્દીમાં સફળતા હંમેશા તેના ખિસ્સામાં આવી લપાઈ જતી, ગમે તેવા કુખ્યાત ડાકૂઓ હોય કે ગૂંડાટોળી હોય પણ રૂબેન લાજવાબ હિંમત તથા સાહસનો સાથ લઈને તેમનો મુકાબલો કરતો અનેક શહેરોના અંધારી આલમના ખેરખાંઓ રૂબેનના માર્ગમાં આવવાનું ટાળતા હતા. તેની આવી ધાકના કારણે જ તેને આ ઘાટીઓમાં ફરજ સોંપવામાં આવી હતી. તેણે પોતાની વિશિષ્ટ કામગીરીથી આ વિસ્તારમાં પણ એક નવી જ છાપ ઉપસાવી હતી. તેનો સિક્કો જામતો જતો હોય તેવું તેને લાગતું હતું. પરંતુ ત્યારે જ કોઈ મિશનેરી આ વિસ્તારમાં સુવાર્તા પ્રગટ કરવા માટે ચાલી નીકળ્યા અને તેના ઉપરી અધિકારીઓએ તેની સુરક્ષાની જવાબદારી રૂબેનને સોંપીને હળવાશનો દમ લીધો હતો.

રૂબેનને ઉપરી અધિકારીનો તાર-સંદેશ મળ્યો ત્યારે તેના ચહેરા પર અણગમો પથરાઈ ગયો હતો. આ વિસ્તાર જ એવો સવંદનશીલ હતો જ્યાં હર એક કલાકે એક ધડાકો થતો, ગોળી ચાલતી અને ક્યાંક નિર્દોષનું રક્ત પડતું અથવા દોષિતને તેના ગુનાઓની સજા મળતી, પણ પોલીસને તો તેમાં સંડોવાઈને કાર્યવાહી કરવી જ પડતી હતી. તેવામાં આ વધારાની જવાબદારીનો બોજ શા માટે? રૂબેને મિશનેરીને સ્ટેશન પર જ સમજાવીને પાછો વાળી દેવાનો નિર્ણય કરી લીધો. પોતાના પ્રિય ઘોડા પર સવાર થઈને તે જતો હતો ત્યારે જ ડાકુ મુસ્તાફ તેની સામે આવ્યો. તેણે રૂબેનની ઈચ્છા પર પાણી ફેરવ્યું તો ખરું પણ કદાચ તેને એક મોટો અને ખોટો પડકાર આપી બેઠો હતો.

# પ્રકરણ – ૧૭

ધૂંધવાઈ રહેલા રૂબેનના મગજમાં વિચારો તો તેના અશ્વ કરતાં કેટલીય ગણી ગતિથી દોડી રહ્યા હતા. રૂબેન વિચારતો હતો કે આવનાર મિશનેરી ડાકુ મુસ્તાફ પાસે પહોચ્યો કેવી રીતે? ડાકુ મુસ્તાફ પણ આ વિસ્તારમાં તેની રીતે ધાક જમવી બેઠો હતો. રૂબેને આ વિસ્તારમાં જેટલા પણ ડાકુઓની સાથે કામ કર્યું તેના કરતાં આ વિચિત્ર હતો. અન્ય ડાકૂઓ કાં તો વગર વિચાર્યે રૂબેનનો સામનો કરતાં અને તેમની સામે રૂબેનની ધીરજ તથા હિંમત જીતી જતા હતાં અથવા તો તેઓ તેનાથી છટકવા અથવા તેને ટાળવાના પ્રયત્નમાં નિષ્ફળ જતાં અને રૂબેનની પકડમાં આવી જતાં. પરંતુ આ મુસ્તાફ, ભારે ખેપાની હતો. તે માત્ર રૂબેનના કાંટાને માર્ગમાંથી હટાવવા ચાહતો હતો એટલું નહિ પણ તેને બેઈજ્જત પણ કરવા ચાહતો હતો. રૂબેનની પ્રવર્તી રહેલી ધાકને ધૂળમાં, રગદોળવા ચાહતો હતો અને તેથી જ ખૂબ યોજનાબધ્ધ રીતે તેણે કામ કર્યું હતું. તેણે મિશનેરીનું અપહરણ કર્યું હતું. રૂબેનને સોંપવામાં આવેલી જવાબદારીને ઊઠવવામાં તે કેવો નિષ્ફળ રહે છે તે મુસ્તાફે સિદ્ધ કર્યું હતું.

યુદ્ધમાં આગલ-પાછળ કે ઉપર-નીચે તો થવું જ પડે છે પણ વિજય તો અંતે જ નક્કી થાય છે. મુકાબલાના પ્રથમ રાઉન્ડમાં રૂબેન ચિત્ત થયો હતો. મુસ્તાફે ખૂબ જ ગણત્રીપૂર્વક રૂબેનને મહાત કર્યો હતો તો પણ રૂબેને હાર માની ન હતી તે તેણે મનોમન આખી પરિસ્થિતિનું વિશ્લેષણ કર્યું. મિશનેરી ડાકૂના હાથમાં હતો. પોતે

નિઃશસ્ત્ર હતો અને ડાકૂએ તેને પડકાર્યો હતો. રૂબેનની માટી એમ ડરે તેવી ન હતી. અચાનક તેને યાદ આવ્યું કે ડાકૂએ છૂટા પડતાં કહ્યું હતું કે પાછા વળતાં જંગલી પ્રાણીના હુમલાથી તેણે ડરવાની જરૂર નથી. કેમકે તેના માણસો તેનું રક્ષણ કરવાના છે. તો શું હમણાં તેની ઉપર ડાકુના માણસો હશે ખરા? રૂબેને તેના ઘોડાની ગતિ ધીમી કરી અને દૃષ્ટિ ચોતરફ દોડાવી ઊંચા-નીચા વૃક્ષો તથા પર્વતો સિવાય તેની નજરે કાંઈ પડ્યું નહી વળી એક વિચાર તેના મગજમાં જમક્યો તેણે અશ્વની ગતિને તેજ કરી અને થોડાં સમય પછી એકદમ જ તે અટકી ગયો. અને સરવા કાને સાંભળી રહ્યો તેની ધારણા સાચી હતી. ડાકૂ વચનનો પાકો હતો. એક ખાસ અંતરે કોઈ બીજો ઘોડો તેની પાછળ પગલાં દબાવતો આવી રહ્યો હતો તે પણ હવે અટકી ગયો હતો.

રૂબેનના ચહેરાની તંગ રેખાઓ હળવી થઈ. એક નાનું શું સ્મિત તેના હોઠો પર ફરકી ગયું. એક વિચાર પાછો ફરી તેનો પીછો કરનારને આંતરી લેવાનો આવ્યો પણ ડાકૂની દિલેરીએ તેના હૃદયમાં એક માન ઊભુ કર્યું. તો પણ શું થઈ ગયું? આખર તો મુસ્તાક એક ડાકૂ હતો. અને પોતે સમાજનો રક્ષક. તે ડાકૂની ગુસ્તાખીને ચલાવી લેશે નહિં અને સમય આવે તેને ઝબ્બે કરીને જ જપંશે.

મોટાભાગનો રસ્તો તો કપાઈ ચૂક્યો હતો. હવે એક નાની પહાડીને પાર કરતાં જ રૂબેનનો મુકામ આવી જવાનો હતો ત્યાં જ તેની નજર એક ગ્રામીણ પર પડી. પેલો પણ જાણે તેની રાહ જોઈને જ ઊભો હોય તેમ લાગ્યું

રૂબેને તેના અશ્વની લગામ ખેચી પેલા ગ્રામીણએ સલામ ભરીને તેની સમક્ષ એક ચિઠ્ઠી ધરી.

"સલામ ઈન્સપેક્ટર સાબ,"

સહિસલામત પરત આવવા બદલ અભિનંદન. મૂસ્તાફનો મુકાબલો કરવો હોય તો દાદુ સરપંચને ત્યાં મળીશું. પરંતુ આપણી મુલાકાત ન થાય તેમાં જ તમારી ભલાઈ છે સમજી ગયાને? - મુસ્તાફ.

રૂબેન ચિઠ્ઠીમાંથી માથું ઊઠાવે ત્યાં તો પેલો ગ્રામીણ ગૂમ. એ જ વખતે થોડે દૂર તેને ઘોડાની ટાપ સંભળાઈ. રૂબેન સમજી ગયો. ડાકૂ મુસ્તાફનો જ એ માણસ હતો. વીજળીવેગે તેણે અશ્વને પાછો વાળ્યો અને પીછો કરવાનો શરૂ કર્યો. થોડું અંતર કપાયું હશે ત્યાં જ તેને તેની પાછળથી પણ ઘોડાની સવારીનો અવાજ આવ્યો ઓહ, હવે તો તે બે શત્રુની વચ્ચે હતો. અને વળી પાછો નિઃશસ્ત્ર શત્રુનો પીછો કરવાના તેના નિર્ણયની પાછળ કેટલું ડહાપણ હતું? ધારો કે ઘોડાની દોડમાં તે આંબી જાય તો પણ સશસ્ત્ર ડાકૂ સામે તે હથિયાર વિના શું કરવાનો હતો? ત્યાં જ....

ધાંય...

એક ધડાકા સાથે રૂબેનના માથા પરથી એક ગોળી પસાર થઈ ગઈ. રૂબેન થંભી ગયો. ત્યાં સામેથી કોઈ ઘોડેસ્વાર તેની તરફ આવતો સંભળાયો રૂબેન સ્તબ્ધ હતો પણ ડર્યો ન હતો. તેણે બે ફિકરાઈથી સામનો કરવાનું નક્કી કરી લીધું હતું. તે જોઈ રહ્યો આવનાર હવે સ્પષ્ટ

દેખાતો હતો.

એ તો ડાકૂ મૂસ્તાફ હતો.

"ઈન્સ્પેક્ટર મુકાબલો કરવાનું સ્થળ મેં તને જણાવી દીધું છે. નાહક હમણાં નિઃશસ્ત્ર પર વાર કરવાને મને મજબૂર ન કર." ધારદાર અવાજ રૂબેનને ડારતો હતો.

"ભલે," અશ્વ પાછો વાળતા રૂબેને કહ્યું, "પણ મુસ્તાફ તારા કફનની તૈયારી કરતો આવજે."

હા...હા...હા...હા... મુસ્તાફનું અટહાસ્ય ફાટી પડ્યું. રૂબેનના પડકારને ડાકુએ આપેલો ઉત્તર રૂબેનના માથામાં ઘણની જેમ વાગતો હતો. રૂબેન હવે શબ્દોની રમત કરવા માગતો ન હતો. ચૂપચાપ તેણે ઘોડાને પરિચિત એડી અડાડી અને તીરની જેમ તેનો ઘોડો પોતાના સ્થાને જવા જાણે કે ઊડવા લાગ્યો.

રૂબેને થાણામાં આવી જેવી જગા લીધી કે તરત જ કોન્સ્ટેબલ મલેક આવીને ઊભો રહી ગયો. રૂબેને પ્રશ્નાર્થ નજરે તેની સામે જોયું કે તે બોલી ઊઠ્યો, "સાહેબ, દાદૂ સરપંચનો ફો હતો." રૂબેન ચમક્યો. આટલી ઝડપથી દાદૂ સરપંચનો કેસ શરૂ થશે તેની તેને કલ્પના ન હતી. તો પણ તેણે કોઈ પ્રશ્ન કર્યો નહી, માત્ર મેલકની સામે જ જોતો રહ્યો.

"સાહેબ," મલેકે ફરીથી શરૂ કર્યું, "દાદૂ સરપંચનું ગામ આપણા ઈલાકાના છેવાડે છે. ડાકુ મુસ્તાફે તેમને જાસો દીધો છે. પરમ દિવસે તે ત્યાં ત્રાટકવાનો છે."

"મને ખબર છે." કહેતાં રૂબેને ખુરશીને અઢેલી દીધું, "પણ દાદૂનું કેવું છે?"

"સાહેબ, આમ તો દાદૂ ડાહ્યા માણસ છે. તેના ધંધા સારાં નથી, તેનું પોતાનું પણ એક દળ છે. પણ આ તો ડાકુ મુસ્તાફ છે. તેથી તે આપણી મદદ માંગે છે."

"અચ્છા, તો પછી તેના વિષેની ફાઈલ આપણાં દફતરમાં હશે તો ખરીને?" રૂબેને સવાલ કરતાં મલેક સામે નજર માંડી. મલેકે હકારમાં મસ્તક ધૂણાવ્યું અને પછી યાદ આવ્યું હોય તેમ શરુ કર્યું, "અને સાહેબ, સ્ટેશન પરથી ફોન હતો."

"મલેક, જે મિશનેરીને હું લેવા ગયો હતો તેનું ડાકુ મુસ્તાફે અપહરણ કર્યું છે. અને સરપંચને ત્યાં પણ તે જ છાપો મારવા ચાહે છે. મને લાગે છે કે ઘો મરવાની થઈ છે...ઠીક મને દાદુ સરપંચની ફાઈલ તથા નકશો આપો."

"જી." કહી મલેક સરકી ગયો અને થોડી જ વારમાં બંને વસ્તુ સાથે તે પાછો ફર્યો ત્યારે રૂબેન તેની જ રાહ જોઈને બેઠો હતો. ડાકુના પડકારને તેણે સ્વીકારી લીધો હતો અને હવે તે ડાકુને ભીડાવીને તેને જેર કરવા માટે દૃઢનિશ્ચયી હતો.

ફાઈલ પર ગામનું નામ જોતાં જ રૂબેન ચમક્યો એ તો તેના જ ગામનું નામ હતું અને રૂબેનની નજર સમક્ષ એ કાળરાત્રિ ફરીથી ઉપસી આવી જ્યારે સરપંચના કારણએ ત્રણે ભાઈઓને તે ગામ છોડવું પડ્યું હતું અને બદલો લેવાના હેતુસર જ રૂબેને આ કારકિર્દીનો સ્વીકાર કર્યો

હતો. તો શું આ દાદૂ સરપંચ તે જ હશે? વીતેલા વર્ષોમાં સરપંચ પરના વૈરની યાદ રૂબેનના હૃદયમાં સળગતી જ રહી હતી. સમય તેને હોલવી શક્યો ન હતો પરંતુ અભ્યાસ તથા નોકરીની બદલીઓ અન્વયે તે પોતાના જીવન ધ્યેયની દિશામાં આગળ વધી શક્યો ન હતો તો પણ આજે સદ્‌ભાગ્યે તેને ત્યાં જ લાવી મુક્યો હતો. જેમ જેમ ફાઈલ વંચાતી ગઈ તેમ તેમ રૂબેનની શંકાઓ હટવા લાગી વર્ષોથી જેની તલાશ હતી તે સરપંચ આ જ હતો તેમાં હવે કોઈ શક ન હતો.

હવે વિચિત્રતા એ હતી કે તેનો જાની દુશ્મન સરપંચ શત્રુના હુમલા સામે તેનું રક્ષણ માંગી રહ્યો હતો. રૂબેને હવે શું કરવું? જો તે દાદૂની અરજ ધ્યાનમાં ન લે તો તેના શત્રુનો અંત હતો જ પોતે સીધી રીતે સંડોવાયા વિના જ બદલો વાળવાનો હતો. ડાકૂ મુસ્તાફને લૂંટ કરતાં પણ સરપંચ દાદૂની હત્યામાં વધુ રસ હતો તેવી છાપ રૂબેનના મનમાં ઉપસી રહી હતી. પરંતુ તો પછી ડાકુએ તેને આપેલાં પડકારનું શું? તેણે સરપંચને ડાકુના હાથમાંથી બચાવવો જોઈએ? પિતાના હત્યારાને પોતાના ભાઈઓ ને વિખૂટા પાડી દેનારને બચાવવાનો? શા માટે? રૂબેનનું માથું ભમતું હતું, તે દુષ્ટ સરપંચને બચાવવા ચાહતો જ ન હતો તો સાથે સાથે ડાકૂ મુસ્તાફ તેને પડકારીને પણ સફળ રીતે પોતાનું ધ્યેય પાર પડી જાય તે તેને જરા પણ મંજુર ન હતું તેના મનમાં ભારે મંથન ચાલી રહ્યું હતું. શું કરવું?

ઘણાં વિચાર પછી તેણે નિર્ણય કર્યો કે સરપંચનું વેર તે પોતાના હાથે જ વાળશે ડાકુને તે પહેલાં હરાવશે ભલે

હમણાં સરપંચ બચી જાય. પછી તેણે નકશાનો અભ્યાસ શરૂ કર્યો અને પછી તેણે મલેકને બૂમ પાડી. "મલેક આપણી જીપ તૈયાર કરો હું દાદૂ સરપંચને મળવા માંગુ છું."

## પ્રકરણ – ૧૮

સૂરજના કિરણોએ જંગલની વનરાજી પર સોનાની ચાદર પાથરી દીધી હતી. પંખીઓનો સ્તુતિગાનનો કલરવ હમણાં જ પૂરો થયો હતો. નિત્યકર્મથી પરવારીને મિશનેરી એક મોટા પથ્થર પર બેસી ગયો હતો. તેના ખોળામાં બાઈબલ પડ્યું હતું. હમણાં તેણે પોતાનું દૈનિક વાંચન પૂરું કર્યું હતું. રૂમીઓના પત્રનો ૮ મો અધ્યાય તેણે વાંચ્યો હતો. "તેના પર પ્રેમ કરનારાઓને માટે એકંદરે સઘળું હિતકારક નીવડે છે." દેવની વાણી તેના કાનોમાં ગૂંજી રહી હતી. અગાઉ પણ અનેક પ્રકારની પરિસ્થિતિમાં આ વચન દ્વારા તેમને આશ્વાસન મળ્યું હતું અને દેવના વચનની સત્યતા વિષે તેના મનમાં કોઈ જ પ્રકારનો સંદેહ કે શંકા ન હતાં. પરંતુ તેને આશ્ચર્ય જરૂર થતું હતું કે ડાકૂએ તેનું અપહરણ શા માટે કર્યું હશે? ખેર, ડાકુનો જે પણ ઈરાદો હોય, પરંતુ પોતે તો પ્રભુના મહિમાને સારૂ વપરાવા માટે અહીં આવ્યો હતો અને પ્રભુ કદાચ તેનો ઉપયોગ ડાકુઓ મધ્યે જ કરવા માંગતો હોય તો તેમ થાઓ. તેણે ત્યાંજ ઘૂંટણો પર આવી આ પરિસ્થિતિ માટે ઈશ્વરપિતાનો આભાર માન્યો અને હવે પછીના સમય માટે તેની દોરવણી પણ માગી.

કેટલીકવાર પછી તેણે આંખો ખોલી તો સામેની શિલા પર એક પડછંદ તથા કરડો ડાકુ બેઠેલો જોયો. તેના ચહેરા પર વિચિત્ર ઘાઓનાં નિશાન હતા. તે તેની તરફ જ જોઈ રહ્યો હતો. તેના ભયંકર દેખાતા ચહેરા પર સ્મિત લહેરાવવાનો પ્રયત્ન કરતાં તેણે પૂછયું, "કેમ રે ભગત! તારા ખુદાને શું કહેતો હતો? મારા હાથમાંથી તને બચાવે તેની અરજ હતી કે?"

પુષ્પની પ્રથમ પાંખડી જેવું સ્મિત ફરકાવતાં જોયે ઉત્તર દીધો, "શ્રીમાન, આપણા જીવનની હરપળ ખુદાના હાથમાં જ હોય છે. અને હું તેનો જ છું તેણે મને તમારી પાસે આવવા દીધો તો પછી છૂટવાની અરજ શા માટે કરવી? અને જો તે છોડાવવા ચાહે તો માનવી તાકાતની મગદૂર પણ શી કે બાંધી રાખે?"

"ઓહો, લાગે છે ખુદા પર તમારો ઈમાન કાંઈ વધુ પડતો જ છે." કહેતાં તેના ચહેરાના ભાવ કાંઈ બદલાયા, "પણ યાદ રાખ દોસ્ત, આ ઈલાકામાં મારી હકુમત છે. મારી ઈચ્છા વિના ખુદા પણ કાંઈ કરી શકવાનો નથી. ખેર, તને નુકશાન કરવાનો મારો કોઈ ઈરાદો નથી પણ પેલા નાદાન ઈન્સ્પેક્ટરને થોડો સબક શીખવવા માટે જ મેં તને અહીં રાખ્યો છે."

"અચ્છા?" જોય વિગતો જાણવા ઈંતેજાર હતો તો પણ તેણે વધુ પ્રશ્નો કરવા મુનાસીબ માન્યા નહિ.

"ભગત," અચાનક જ ડાકુના સ્વરમાં છૂરાની ધાર આવી ગઈ, "પરમ દિવસે હું તથા મારા સાથીઓ એક

ખાસ મકસદથી બહાર જઈશું દરમ્યાન અહીં તારી તહેનાતમાં માણસો તો હશે પરંતુ કોઈ પણ ચાલાકી કરવાની કોશિષ કરી છે તો..." ડાકુના હાથમાં મશીનગન રમી રહી હતી.

"ભાઈ, મેં પહેલાં જ તમને જણાવ્યું છે કે મારો પ્રભુ જો મને અહીં લાવ્યો છે તો નાશી જવાને માટે મારી પાસે કોઈ કારણ નથી. વળી મારે માટે આ અજાણ્યો વિસ્તાર છે તો મારે જવું ક્યાં?" જોયે એટલી જ ઠંડકથી ઉત્તર દીધો અને સાથે સાથે પ્રશ્ન પણ કર્યો, "પરંતુ શું તમારી મકસદ ખૂનખરાબાની છે?"

"ખૂન?" ડાકુનો સ્વર થોડો ઉશ્કેરાયેલો હતો. સૂર્યના તાપની રતાશ તેની આંખોમાં ઉતરી આવી હતી, "ખૂન તો કોઈનું પડાવી લેવા કે જબાન બંધ કરવા માટે, થતી હત્યા છે પરંતુ અમારી ડાકુઓની કિતાબમાં કોઈના બૂરા કામોની નશ્યત કરવી તે ખૂન નથી માત્ર હક જ છે."

"તો તમે એ હક ભોગવવા જઈ રહ્યા છો?" જોયે ધીરજથી પૂછયું.

"હા, ભગત," ડાકુની આંખો જાણએ ભૂતકાળને નિહાળી રહી હતી, "વર્ષો જુનો હિસાબ પતાવવાની તક ખુદાએ હમણાં આપી છે અને સાથે સાથે પેલા નાદાન ઈન્સ્પેક્ટરની સાન પણ ઠેકાણે આવી જવાની છે."

"પણ હું તો એમ કહીશ કે ખુદાના ન્યાય કરવાના હકને તમે છીનવી લેશો અને એમ તમને તેના અપરાધી થશો." જોયે ધડાકો કર્યો,

"કેમ?" સહેજ અચકતાં ડાકુએ પ્રશ્ન કર્યો.

"ગુનેગારને સજા કરવી એ ખુદાનું કામ છે. તેના સમયમાં તે કરે છે પણ તે કામ આપણે આપણા હાથમાં લઈ લઈએ તો શું આપણે તેના ગુનેગાર બનતા નથી?"

"ના ભગત, ના." ડાકુએ મસ્તક ધુણાવ્યું, "ખુદા ગુનેગારને સજા કરતો નથી, મેં જોયું અને અનુભવ્યું છે કે ગુનેગાર ફૂલેફાલે છે જ્યારે બેગુનાહ હોય તેને બેરહમીથી પીડવામાં આવે છે. કોઈ તેના પક્ષમાં હોતું નથી, ખુદા તો ખામોશીથી જોયા જ કરે છે."

"એવું નથી ભાઈ," જોયે તક ઝડપી, "ખુદા ગુનેગારોને નસિયત કરવાનું જાણે છે અને ઠીક સમયે તે કરશે પણ ખરો જ પરંતુ સાથે સાથે તે પ્યારનો સાગર છે. તેના હૃદયનો સઘળો પ્યાર તેણે ખુદાવંદ યીશુ મસીહના રૂપમાં આ સંસારને આપી દીધો. જેમણે સઘળા પાપીઓના પાપનો ભાર પોતાને માથે ઊઠાવ્યો અને ગુનાહોની સજા એ-મોત તેમણે પોતે વેઠી લીધી છે."

"કેવો પ્યાર છે ખુદાનો? મુજરિમો અને કાતિલો એશઆરામ તથા અમનચમન કરે, તેઓ ગરીબોનું લોહી ચૂસે અને ઘરો તથા જીવોને બરબાદ કરી નાંખે તો પણ કાંઈ ન કરે એને તમે પ્યાર કહો છો? મારા જેવા કોઈ અન્યાયની સામે બગાવત કરે તો તેને અપરાધી ઠરાવે તે તેનો પ્યાર છે?"

"ભાઈ નિયમનો ભંગ એ જ ગુનાહ છે અને ખુદા ન્યાયી હોવાથી તેણે ગુનાહની સજા કરવી જ પડે. કોઈ પણ

ગુનો પછી તે ચોરી, હત્યા કે વ્યભિચાર જેવો મોટો હોય કે જુઠું બોલવું, છેતરવું એવો નાનો હોય પરંતુ તેની સજા, તેનું પરિણામ તો મોત જ છે. વળી પવિત્ર બાઈબલ પોકારીને કહે છે કે ખુદાની નજરમાં સઘળાં ગુનેહગાર છે અને તેની સજાના અધિકારી છે. તો તેના પ્રેમે ઈન્સાનને મોતથી બચાવવાનો માર્ગ બતાવવાને મજબૂર કરી દીધો અને એ માર્ગ છે યીશુ મસીહ. હર કોઈ જે તેમના નામ પર ભરોસો કરે છે તેને તે મોતની સજાની માફી બક્ષે છે, અને તેને અનંતકાળની જિંદગી આપે છે. જેને આ જિંદગી મળે છે તેનું હૃદય પણ પ્યારથી ઉભરાય છે. તેમાંથી સર્વ વેર-ઝેર, કડવાશ, શત્રુતા વિ. દૂર થાય છે તે જ મસીહ યીશુ આજે તમારા જીવનને બદલી નાંખવા ચાહે છે. શું તમે તેને તમારા દિલમાં જગા આપશો?"

"ભગત, તેં બહુ લાંબો ઉપદેશ આપી દીધો." ડાકુએ અણગમો ઠાલવતાં કહ્યું, "એક ચોપડીના અભ્યાસ પાછળ તેં તારી જીંદગી બગાડી નાંખી છે. તારા ચહેરા પર મારા જેવા ઘાના નિશાન હોત, ગરમગરમ રક્તની ધારા વહેતી તેં જોઈ હોત, દુશ્મનની ખતમ કરી નાંખનારી ચાલબાજીઓ તેં જોઈ હોત, જીંદગીના જોખમો માથે લઈને આવી ગૂફાઓમાં પથ્થરના ઓશિકાં બનાવી જંગલી પ્રાણીઓના સાથમાં તેં રાતો વીતાવી હોત અને પછી ખુદાના પ્રેમની વાત મારી આગળ કરત તો હું માનત. હમણાં તું અમારો મહેમાન છે ત્યારે એ બધું જો અને પછી ખુદાના પ્યારની વાતો કેટલી બચે છે તે આપણે જોઈશું. તો પણ ફરીથી એક વાત કાન ખોલીને સાંભળી લે મારી સાથે

ચાલાકી કરવાનો પ્રયત્ન કર્યો તો અંજામ સારો આવશે નહિં."

"ભાઈ, નાસી જવાને માટે પ્રભુ મને અહીં લાવ્યો છે તેવું હું માનતો નથી પણ મારા દિલની દુઆ છે કે તમારું જીવન પરિવર્તન થાય અને આ ખૂનખરાબાની જિંદગી છોડીને તમે પણ ખુદાને પસંદ પડે તેવું જીવન અપનાવો." જોયે જાણે કે આજીજી કરી.

પણ ડાકુ મુસ્તાફે તેની તરફ પીઠ દેખાડી દીધી હતી. આ તેનો ઉત્તર હતો. જોય પ્રાર્થના સિવાય બીજું કરે પણ શું?

# પ્રકરણ - ૧૯

દાદૂ સરપંચને જોતાં જ રૂબેનને તેની છાતીમાં રિવોલ્વર ખાલી કરવાનો ઈરાદો થઈ આવ્યો પણ તેણે સંયમ જાળવ્યો, વીતેલા વર્ષોમાં તેની દુષ્ટતાએ સીમાઓ વિસ્તારી હતી અને તેને વધુ ધૃણાસ્પદ બનાવી દીધો હતો. રૂબેનને જોઈને તેના ખંધા હોઠ સ્મિત કરવાને વંકાયા પણ એ તો વધુ ધૃણાજનક લાગતું હતું.

"આવો, આવો, ઈન્સ્પેક્ટર સાહેબ, મારો સંદેશો મળી ગયો હશે."

"હા, શ્રીમાન દાદૂ, એ અન્વયે જ હું અહીં આવ્યો છું." રૂબેને કહ્યું. જો કે સાહેબ સાંભળવા ટેવાયેલા સરપંચના કાન સહેજ ચમક્યા તો હતા પણ હમણાં તો તેને ગરજ હતી તેણે ચૂપ રહેવાનું જ યોગ્ય માન્યું.

"કહો, શી વાત છે?" રૂબેને પળવાર થોભીને પૂછયું.

સરપંચે ઉત્તરમાં તેની પર આવેલી ચિઠ્ઠી જ રૂબેનના હાથમાં આપી દીધી, રૂબેને કેટલાક સમય પૂર્વે વાંચેલ અક્ષરો ફરીથી તેની સામે જોયાં. તેમાં એક જ લીટી લખેલી હતી.

"દાદૂ, પરમદિવસે તારો મૃત્યુદિન છે. - મુસ્તાફ."

રૂબેને ઉંચે જોયું તો દાદૂની ખંધી નજર તેના ભાવને વાંચવાનો પ્રયત્ન કરતી હતી. તેણે ચિઠ્ઠી પાછી ધરતાં

પૂછયું, "તમારે મુસ્તાફ સાથે કોઈ દુશ્મની છે?"

"ઈન્સ્પેક્ટર, કોઈ દુશ્મની તો શી હોય? મારી ખ્યાતિ અને સંપત્તિ જ તેના માટે જવાબદાર હશે." સરપંચનો ઉત્તર હતો.

"પણ ચિઠ્ઠી દર્શાવે છે કે મુસ્તાફ લૂંટને માટે આવવાનો નથી. મને લાગે છે કે મુસ્તાફ તમારા પ્રાણ હરવાને આતૂર છે. માટે જ મારે જાણવું હતું કે એવો કોઈ અણબનાવ તેની સાથે છે?"

"ઈન્સ્પેક્ટર, ડાકૂને લૂંટ કરવા માટે કોઈ બહાનાની શી જરૂર? અન્ય કોઈ ડાકૂ હોત તો હું પોતે જ તેની સાથે ફોડી લેત. પણ મુસ્તાફના બળ તથા ક્રૂરતા વિષે તો શું કહેવાનું હોય?"

"ઠીક, હું વધારાનું રક્ષક દળ બોલાવી દઈશ અને કેટલીક વ્યવસ્થા કરવા ચાહું છું. આશા છે તમારો સહકાર મળી રહેશે."

"જરૂર, પણ ગુસ્તાખી માફ કરજો. આપના વડા સાથે મારે ફોન પર વાત થઈ ગઈ છે અને તેમની સૂચના પ્રમાણે વધારાનું સુરક્ષા દળ આવતી કાલે અહીં આવી જશે."

રૂબેનની આંખ ફરી ગઈ, તેના સ્વરમાં રૂક્ષતા આવી ગઈ, "સરપંચ, મારા કામમાં હું કોઈની વધારાની અક્કલ ચલાવી લેતો નથી, ખેર, ડાકૂ મુસ્તાફ સામે મારે પણ હિસાબ ચૂકવવાનો છે અને તેથી જ તમારી ગુસ્તાખી સાંખી

લઉં છું. હવે પછી મારા કામમાં સહકાર ન આપી શકો તો ઠીક પણ મારો શબ્દ એ હૂકમ જ રહેશે તેને કોઈ ઉવેખશે નહી."

"જી" કહેતાં સરપંચ નિરુત્તાર રહ્યો પણ તેની આંખોના ભાવ રૂબેને વાંચી લીધા હતા. રિવોલ્વર ખાલી કરવાની અદમ્ય ઈચ્છા વળી પાછી ઉપસી આવી પણ પ્રથમ મુકાબલો તેને ડાકૂ મુસ્તાફનો કરવાનો હતો. પછી જ આ પાજીનો હિસાબ લેવાનો હતો વળી તેની વિરૂદ્ધ કોઈ પૂરાવો કે કારણ પણ તેને જોઈતાં હતાં જે હાલમાં તેની પાસે ન હતાં. રૂબેન ઉભો થઈને બહાર આવી ગયો ને ગામ તથા સરપંચના નિવાસસ્થાનની ભૂગોળનો અભ્યાસ કરવા ચાહતો હતો.

રૂબેને જોયું તો સરપંચનું મકાન ગામ કરતાં અલગ હતું. હાઈવે પરથી એક રસ્તો અને ગામ તરફથી એક રસ્તો તે ઘરને જોડતા હતા. વિશાળ બાગ અને મકાન સરપંચની પ્રવૃત્તિઓ માટે યોગ્ય સ્થળે જ હતું. સરપંચની ગુન્હાહિત પ્રવૃત્તિઓ ગામવાસીઓને જલ્દી ખ્યાલમાં આવે તેમ ન હતી અને આવે તો પણ તેને પડકાર આપનાર કોણ હતું? એક માત્ર માસ્તરે તેને પડકારી હતી અને તેની શિક્ષા તેને મળી ચૂકી હતી. રૂબેન પાસે તૈયારી કરવા માટે એક જ દિવસ હતો તે સુરક્ષાદળ તથા સરપંચના માણસોનો ઉપયોગ કરીને ડાકૂ મુસ્તાફને સપડાવવા માંગતો હતો. અને મુસ્તાફને પકડયા પછી સરપંચને પણ સાણસામાં લેવા ચાહતો હતો.

રૂબેને વિચાર્યુ કે પોતે જો ડાકૂ મુસ્તાફની જગાએ હોય તો શું કરે? તે હૂમલો ક્યાંથી કરે? સ્વાભાવિક રીતે જ તેનો હૂમલો હાઈવે રોડ પરથી આવે કેમકે કદાચ પાસાં પોબાર ન પડે તો ભાગી છૂટવામાં સરળતા રહે. પરંતુ સાથે જ હાઈવેના રસ્તે પોલીસ જાપ્તો વધુ રહે તે પણ એટલું જ કુદરતી હતું. તો પછી ગામ બાજુથી હલ્લો કર્યો હોય તો? આ કામ કાંઈક મુશ્કેલ લાગે પણ અશક્ય તો ન જ ગણાય. મનોમન આવી ગણત્રીઓ કરીને રૂબેને થોડા પોઈન્ટ નક્કી કરી લીધા. જ્યાં જાપ્તો ગોઠવવામાં આવે તો ડાકૂને ફસાવવો મુશ્કેલ ન બને. સાથે સાથે તેણે કેટલાક અંતરેથી મકાન તરફ જોરાદર અજવાળું ફેંકે તેવી ફલડ લાઈટનો ઉપયોગ કરવાનું પણ વિચારી લીધું કેમ કે ડાકૂ અંધકારનો લાભ ઊઠાવી જાય તેવું તેને થવા દેવું ન હતું.

પાછી રૂબેને જીપને ગામ તરફ વાળી. ગામમાં પણ સરપંચને મળેલા જાસાની વાતચીત જ કેન્દ્રસ્થાને હતી. કેટલાક જણને મળીને કોઈ અજાણ્યા માણસો ગામમાં આવ્યા છે કે કેમ તેની પણ ચોક્સાઈ તેણે કરી લીધી. ક્યાંક એવું ન બને કે ડાકૂ પણ તેની જેવી જ શક્યતા વિચારીને પહેલાંથી જ ગામમાં આવી ગયો હોય અને ત્યાંથી જ હલ્લો કરવા માટે ફૂટી નીકળે.

પાછા આવેલા રૂબેને નોંધ્યું કે સરપંચના મકાન આગળ એક મીલીટરી ટ્રક ઊભી હતી. અંદરના ભાગમાં લગભગ ૨૫ સુરક્ષાદળના જવાનો કોઈ સરદારજીના નેતૃત્વ તળે સરપંચની મહેમાનગતિ માણી રહ્યાં હતા. એ તો સરપંચને વરિષ્ઠ અધિકારી તરફથી મોકલવામાં આવેલી

કુમક હતી. લગભગ બધા જ જવાનો આધુનિક શસ્ત્રોથી સજ્જ હતા તેના પરથી જ સરપંચની વગનો ખ્યાલ આવતો હતો.

જો કે રૂબેનના મનમાં અણગમો તરી આવ્યો. પરંતુ વર્તમાન સમયમાં તો ઉપલબ્ધ સગવડોનો ઉપયોગ કરીને તે બાજી પોતાના હાથમાં લેવા ચાહતો હતો.

મિ. સિંગ સાથે તેનો પરિચય થયા પછી તેણે તેમની સાથે ચર્ચા કરીને પોતાની વ્યૂહરચના સમજાવી. આખીયે યોજનાના સિંગે વખાણ કર્યા પણ તેણે જે કેટલાક સુધારા કર્યા તે ય કબિલે દાદ હતા. રૂબેને તે સ્વીકારી લીધા અને તરત જ તે પ્રમાણેની વ્યવસ્થા ગોઠવવામાં આવી. મુખીના માણસોને સિંગે ત્રણ ભાગમાં વહેંચી દીધા. તેમાંના બે ભાગને ગામ તરફના બે પોઈન્ટો પર મૂકવામાં આવ્યા કેમકે એ તરફથી મકાન પર આવનાર પરિચિત અપરિચિત માણસોને તેઓ ઓળખી શકે અને ત્રીજા ભાગને હાઈવે તરફના પોઈન્ટો પર રોકવામાં આવ્યો મકાનની ચોતરફ અને અંદરના ભાગમાં તેણે સુરક્ષાદળના જવાનોની જડબેસલાક ચોકી ઊભી કરી દીધી. તેમની કામગીરી તરત જ શરૂ થતી હતી. તે ડાકૂએ આપેલા સમયની રાહ જોવામાં માનતો ન હતો. રૂબેનને પણ તેની વાત યોગ્ય લાગી.

# પ્રકરણ - ૨૦

સાંજ ઢળી રહી હતી. રૂબેનની સૂચના પ્રમાણે ફલડ લાઈટો ગોઠવી દેવામાં આવી હતી. જો કે મુસ્તાફે મુકાબલા માટે આવતી કાલનો દિવસ આપ્યો હતો તો પણ રૂબેન કશી જ બેદરકારી બતાવવા ચાહતો ન હતો. કેમ કે મુસ્તાફ સાથેનો હિસાબ પતાવવાની આ કદાચ છેલ્લી જ તક હતી.

એક મોટા હોલમાં સરપંચને માટે આરામખુરશી મૂકવામાં આવી હતી, તેના માથા પર એક શક્તિશાળી બલ્બ મૂકવામાં આવ્યો હતો. હોલમાં એક માત્ર પ્રવેશદ્વાર હતું અને તેની બે બાજુમાંથી એક તરફ રૂબેન હતો તો બીજી તરફ રક્ષકદળનો સરદારજી હતો. બંને પાસે ભરેલી રિવોલ્વર હતી. બંને ત્યાં હાથમાં લઈને જ બેઠા હતા. બંને સાવધ હતા સમય તેની રફતારમાં વહી રહ્યો હતો.

ટન...ટન...ટન...ટન...ટન... ટકોરા વાગતાં જ રૂબેને અમસ્તુ પોતાના કાંડા ઘડિયાળમાં જોયું. બાર વાગતા હતા વળી પાછી નીરવ શાંતિ વાતાવરણમાં છવાઈ ગઈ.

"ઈન્સ્પેક્ટર રૂબેન, તમારી રિવોલ્વર લોડ કરી છે?" સરદારજીએ શાંતિને ચીરતો પ્રશ્ન ફેંક્યો. રૂબેનને થયું બાર વાગે સરદારજીની બુદ્ધિ ગઈ કે શું? તેણે કશો જ ઉત્તર આપ્યા વિના માત્ર પ્રશ્નસૂચક દૃષ્ટિ જ સરદારજી પર કરી. તેને લાગ્યું કે સરદારજી વાતો કરવાના મૂડમાં છે.

"રૂબેન, તને હસવું આવશે પણ આવું બની જાય છે.

એકવાર એક ભયંકર ગૂંડાને મેં રીવોલ્વર ધરીને પકડ્યો ત્યારે જ મને ખ્યાલ આવ્યો કે સવારે જ મેં તેમાંથી બુલેટો કાઢી લીધી હતી અને પાછી મૂકવાની તો ભૂલી જ ગયો હતો. પણ સદ્દભાગ્યે પેલો ગૂંડો તરત જ શરણે થઈ ગયો, નહિ તો આપણાં તો આવરદાના તમામ વર્ષો પૂરાં થઈ ગયા હતા. લાવ તારી રીવોલ્વર હું જ તપાસી લઉ દરમ્યાન મારી રીવોલ્વર તું રાખ," કહેતા સરદારજીએ રૂબેનના પ્રત્યાઘાત જોયા વિના જ તેની રીવોલ્વર લઈને પછી પોતાની રિવોલ્વર રૂબેનની પાસે મૂકી દીધી.

રૂબેન કાંઈ કહે તે પહેલાં તો સરદારજી સરપંચ પાસે પહોંચી ગયો હતો અને ત્યારે જ બહારની ફ્લડ લાઈટો બંધ થઈ ગઈ. રૂબેન ચમક્યો તેણે રીવોલ્વર પરની પકડ મજબૂત બનાવી અને પ્રવેશદ્વાર તરફ નોંધીને ઊભો રહ્યો.

હા...હા...હા...હા...

એક અટ્ટહાસ્યથી હોલ ગૂંજી ઊઠ્યો અને એ તો પરિચિત અટ્ટહાસ્ય હતું રૂબેને જોયું તો સરદારજી સરપંચના માથા પર રીવોલ્વર અડકાડીને ઊભો હતો. અને તે મુસ્તાફ જ હતો તે સમજતા રૂબેનને વાર લાગી નહીં. તેણે રીવોલ્વરનું નિશાન બદલ્યું તેની ગોળી મુસ્તાફને નહી ને સરપંચને વાગે તો પણ શો ફેર પડવાનો હતો? તેના તો બંને શત્રુ જ હતા. પણ ઓહ, તે તો ક્લિક કરીને જ રહી ગઈ.

"નાદાન ઈન્સ્પેક્ટર, હું તને ગોળીઓથી ભરેલી રીવોલ્વર આપુ એવો મૂર્ખ નથી." મુસ્તાફ ગર્જયો.

"મુસ્તાક" રૂબેન જરા પણ વિચલિત થયો નહી આજના યુદ્ધના પ્રથમ રાઉન્ડમાં મુસ્તાક બાજી મારી ગયો હતો પણ રૂબેન હારી ગયો ન હતો, "જ્યાં સુધી હું અહીં છું ત્યાં સુધી તું કાંઈ પણ કરી શકવાનો નથી. તારામાં હિંમત હોય તો ચલાવ ગોળી."

"ઈન્સ્પેક્ટર, વધુ નાદાની બતાવવાની જરૂર નથી. તારી રીવોલ્વરમાં ગોળી નથી પણ મારી રીવોલ્વરમાં તે છે. મારી ગોળી તારા સીનામાં ઝીલવાની, તારી તમન્ના હોય તો તે પૂરી થવાની જ છે પણ એ મારી ગોળી પર તારીખ આજની નથી મેં તને અહીં બોલાવ્યો હતો તે તને મારી નાખવા માટે નહીં."

"તો શું મારી બેઈજ્જતી કરવા માટે બોલાવ્યો હતો?"

"તારું અનુમાન સંપૂર્ણ સત્ય નથી ઈન્સ્પેક્ટર," મુસ્તાકે કહ્યું "પણ એટલું યાદ રાખ, જેને છોડાવવા માટે તું જાનની બાજી લગાવી રહ્યો છે તે પાજીની અસલિયતનો પર્દાફાસ મારે કરવો છે. તું તો કાયદાનો રખેવાળ છે ને? આજે તારી જાતે જ નક્કી કરી લે કાયદાના કે સમાજના સાચા શત્રુ કોણ છે?"

"જો પેલા જલપરીના ચિત્રની પાછળ ગુપ્ત કબાટ છે તેમાં છે આ ઠગની અસલિયત બતાવતા દસ્તાવેજો. અફીણ તથા હસીસના ગુપ્ત સોદાના કરારો, તેમાં ભર્યા છે. સોનાની દાણચોરી કરનારાઓની અગત્યની મીટીંગોની કામગીરીની ફાઈલો. શું તે ને એવું પૂછયું કે શા માટે

તેને માણસોની ફોજ રાખવાની જરૂર છે?"

સરપંચનો ચહેરો સફેદ પૂણી જેવો થઈ ગયો હતો. રૂબેન પણ મુસ્તાફની વાતોથી સ્તબ્ધ હતો. મુસ્તાફનો સ્વર ફરીથી ગૂંજતો હતો. "ઈન્સ્પેક્ટર રૂબેન, સમાજના શત્રુ તથા અસલી ગુનેગારની રક્ષા તથા સલામતિ માટે મારા જેવા ઈન્સાફ પરસ્ત માણસ આવે તે વિચિત્ર નથી? તમારા જેવા એકલદોકલ વખાના માર્યા બગાવત ભણી વળેલાને પકડીને જેલ ભેગા કરવામાં કે તેમનો નાશ કરવાથી કશું વળશે નહિ. ઈન્સ્પેક્ટર, પણ જરૂર છે મારા જેવા બાગીઓને પેદા કરનારા આવા સફેદ ઠગોને નેસ્તેનાબૂદ કરવાની. અને ત્યારે જ આ ભૂમિનો લાગેલો શાપ દૂર થશે. નાહક રેડાતું રક્ત થંભી જશે."

"મુસ્તાફ, ભાષણઓ કરવાની જરૂર નથી. સરપંચને છોડને તું કાનૂનને હવાલે થઈ જા. સરપંચના અપરાધોની સજા સરપંચને થશે. પણ તે અપરાધી હોય તો પણ તને કાયદો હાથમાં લેવાનો કોઈ જ અધિકાર મળી જતો નથી. ચૂપચાપ શરણે આવી જા તેમા જ તારી ભલાઈ છે." રૂબેને ખાલી રીવોલ્વરને તેના હાથમાં ગોળ ફેરવતાં કહ્યું. તેણે હૂમલો કરવા માટે યોજના વિચારી લીધી હતી અને તકની રાહ જોતાં તેણે પાસો ફેંક્યો હતો.

"રૂપિયા પૈસાના તાપમાં ઓગળી જતા તારા કાયદાકાનૂને જ મને ડાકૂના રૂપમાં ઢાળ્યો છે. તારી સુફિયાણી વાતોથી હું..."

ત્યારે જ રૂબેને તેની રીવોલ્વરનો જોરદાર ઘા ડાકૂની

ખોપરીને તાકીને કર્યો. જો નિશાન વાગત તો ડાકૂ ત્યાં જ ઢળી પડવાનો હતો. એટલી તાકાત એ ઘામાં હતી પણ...

ધાંય...ધાંય...

ડાકૂની રીવોલ્વરમાંથી છૂટેલી ગોળીએ રૂબેનની રીવોલ્વરના અડધે રસ્તે જ ફૂરચા ઊડાવી દીધા હતા અને તરત જ બીજી ગોળી રૂબેનના સીનાનું નિશાન લેવા ધસી ગઈ પરંતુ ત્યારે તો ચપળ રૂબેને દરવાજાની બહાર છલાંગ લગાવી દીધી હતી. ગોળી નિશાન ચૂકી ગઈ પરંતુ રૂબેનના ખભાને છરકતો ઘા તો કરી જ ગઈ. બહાર આવી અને રૂબેને બીજી છલાંગ મારી અને તે બહાર ઊભેલી મીલીટરી વાનના છાપરા પર જઈ પડ્યો. તેની ગણતરી સાચી હતી ડાકૂ એ વાનમાં જ પાછો જશે અને એ રીતે ડાકુના સ્થાનનો પતો મળી જવાનો હતો તેણે ગોઠવેલા પોઈન્ટ પર જવાનો કોઈ જ અર્થ ન હતો કેમકે ત્યાં ડાકુના જ માણસો ગોઠવાયેલા હતા.

મુસ્તાક જેવો સરપંચને લઈને બહાર આવ્યો કે તરત જ નિવાસમાં રહેલા તેના માણસોએ સરપંચને બેડીઓ પહેરાવી દીધી અને એક જણે તેને ઊંચકીને વાનમાં લગભગ ફેંક્યો જ. પછી વાન ઝટકા સાથે ગામના પોઈન્ટો તરફ વળી ત્યાં ગોઠવાયેલા સરપંચના માણસોને વીણી વીણીને ઠાર કરવામાં આવ્યા. વળી પાછી વાન સરપંચના રહેઠાણ પાસે થંભી એક ડાકુ ઝડપથી ઊતરીને અંદર ગયો અને પાછો આવ્યો સરદારે તેની સામે જોયું તો તે બોલ્યો “પાંચ મિનિટ.” ટ્રક હાઈવેના રસ્તે આગળ વધી અને પોઈન્ટો પરથી તેના માણસોને લેતી ચાલી.

રૂબેને પાંચ મિનિટમાં સરપંચના નિવાસસ્થાનને બોંબ ધડાકાથી ધરાશયી તથા આગની લપટોમાં ઘેરાયેલું જોયું. તે સમજી ગયો. વર્ષો પૂર્વે આવી જ અંધારી રાતે એક ઘર સળગતું મૂકીને તે ભાગ્યો હતો અને આજે ઈતિહાસનું પુનરાવર્તન થતું હતું.

## પ્રકરણ – ૨૧

ડાકૂની મુરાદ ફળી હતી. તેની યોજના પૂર્ણ રીતે ફળી હતી. તેણે મુખીના ટેલીફોનના વાયરો સાથે રમત, કરી હતી. તેણે મુખીની ઈન્સ્પેકટર રૂબેનના થાણા સાથેની વાતચીત સાંભળી હતી. અને પછી તો મૂખીએ જયારે પોલીસવડા સાથે વાતચીત કરવાનો પ્રયત્ન કર્યો ત્યારે તો મૂસ્તાફે જ વાત કરી લીધી અને તેમ કરતાં તેનું કામ ખૂબ જ સરળ બની ગયું હવે એક જ પ્રશ્ન તેને માટે હતો તે ઈન્સ્પેકટર રૂબેનનો. મૂસ્તાફને પોતાના આયોજન તથા બળ પર વિશ્વાસ હતો તો પણ તે કશી કચાશ ચલાવી લેતો ન હતો તેની કુશાગ્ર બુદ્ધિએ તત્કાળ યોજના બનાવી અને તેમાં તો ઈન્સ્પેકટર રૂબેન પણ ગોથું ખાઈ ગયો દાદૂને જીવતો પકડી તેના નિવાસને ઊડાવી દીધું અને તેના માણસોને પણ સાફ કરી દીધા. દાદૂને માટે તેની ખાસ યોજના હતી. તે દાદૂને સીધા મોતે મરવા દેવા ચાહતો ન હતો. રીબાવી રીબાવીને તેને મરવા માટેની તેણે પૂરી તૈયારી કરી લીધી હતી વર્ષો જુની તેની પ્યાસ આજે બૂઝવાની હતી અને તે પ્યાસ તે ઘૂંટડે ઘૂંટડે બૂઝાવવા

ચાહતો હતો. તે ખુશ હતો. તેના હોઠમાંથી સીસોટી વાગી રહી હતી. તેના માણસો જાણતા હતા કે સરદાર આજે મોજમાં છે. અને તેનો અર્થ મિજબાની તથા જલસો થતો હતો તેથી તેઓ પણ ઝુમતા હતા.

નિશ્ચિત ઠેકાણે આવીને તેમની મીલીટરી ટ્રક રોકાઈ ગઈ. બધા જ નીચે ઊતરી ગયા અહીં એક માણસ ઘોડા લઈને ઊભો હતો. રૂબેન સમજી ગયો. ટ્રકને અહીં છોડીને બધા ઘોડા પર બેસીને તેમના સ્થાને જતા રહેશે કોઈ પીછો કરે તો પણ ટ્રકની આગળ કોઈ જ પગેરું મળવાનું ન હતું. પણ પોતે હવે શું કરવું જોઈએ? રૂબેનનું મગજ ઝડપથી વિચારતું હતું. ત્યાં તેણે એક ડાકૂ ને બોલતો સાંભળ્યો.

"સરદાર, પેલો ઈન્સ્પેક્ટર ક્યાં ભરાઈ ગયો? શું તે નાશી ગયો કે પેલા મકાનમાં જ મરી ગયો?"

"મંગલુ," પોતાના પ્રિય ઘોડાની પીઠ પર સવાર થતાં મૂસ્તાફ બોલ્યો, "ઈન્સપેક્ટર નાસી જાય તેવો કાયર નથી એમ સરળતાથી મરવાનો પણ નથી. તેનું મોત તો મારી ગોળી પર લખેલું છે." રૂબેન સમજી ગયો આ ભયંકર ડાકુને તેની હાજરીની જાણ થઈ ચૂકી છે. હવે સમય ગુમાવવો પાલવે તેમ નથી. તેણે ત્યાંથી જ ડાકુ ઉપર જોરદાર છલાંગ મારી તેનો ઈરાદો ડાકુને ચિત્ત કરી તેની સ્ટેનગન પડાવી લેવાનો હતો. પણ તે સફળ થયો નહીં. આંખના પલકારામાં તો ડાકુનો ઘોડો તેની જગ્યાએથી હટી ગયો હતો અને રૂબેન જમીન પર પડ્યો. તમામ ડાકુઓની બંદૂકોનું નિશાન હવે રૂબેન હતો. એક મોટી ટોર્ચનો પ્રકાશ

તેના પર પડ્યો અને ઘેરા અંધકારમાં ડાકુનું અટ્ટહાસ્ય ગૂંજી ઊઠ્યું.

હા...હા...હા...હા...હા...

"નાદાન ઈન્સ્પેક્ટર, તારે ડાકુ મુસ્તાફના નિવાસને જોવો છે ને? ચાલ તારી અંતિ ઈચ્છા પૂરી થશે." કહેતાં તેના ઈશારે રૂબેનને હાથકડી પહેરાવી દેવામાં આવી. તેને એક ઘોડા પર બેસાડી દેવાયો. તેની આંખે પાટા બાંધવામાં આવે તે પહેલાં ડાકુએ તેના કમરપટ્ટામાંથી એક રીવોલ્વર કાઢી અને રૂબેનને બતાવતાં કહ્યું, "બચ્ચુ ઈન્સપક્ટર, તારી કાયદાની રખવાળી પૂરી થઈ ગઈ છે. ભાગવાની કોશિષ કરીશ નહિ. આને ઓળખે છે?"

રૂબેને પોતાની રીવોલ્વર ઓળખી લીધી જે ડાકુએ બે દિવસ પહેલાં પડાવી લીધી હતી. રૂબેન સમસમી ગયો અત્યાર સુધીની હરેક પરિસ્થિતિમાં ડાકુનો જ હાથ ઉપર રહ્યો હતો. પણ રૂબેનનું હૃદય હાર માનવા તૈયાર ન હતું. હવે આ રીતસરનું યુદ્ધ હતું અને પરિણામ તો જ આવે જ્યારે બંનેમાંથી એકની હસ્તી નાબૂદ થઈ જાય. હાલમાં તો બંને જીવિત હતા અને તેથી વિજેતા કોણ તે નક્કી થવું બાકી હતું. રૂબેનની આંખે પાટા બાંધી તેની હાથકડીમાંથી દોરડું પસાર કરી એક ડાકુના હાથમાં આપવામાં આવ્યું. ડાકુઓમાં શિસ્ત ભારે હતી. માત્ર સરદાર સિવાય કોઈનો પણ અવાજ આવતો ન હતો.

"ચાલો." સરદારનો હૂકમ થતા જ કાફલો આગળ વધ્યો.

અંધકારમાં કેટલો સમય પસાર થઈ ગયો. રૂબેનને કશી જ ખબર ન હતી. તે આખી પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા ચાહતો હતો. પોતાની હારના કારણો વિષે તેણે વિચારી તો લીધું હતું પણ હવે તેને માટે ટીકા ટીપ્પણીને કશો જ અવકાશ ન હતો. યુદ્ધ જારી હોય ત્યારે જો...તો... વિચારાય જ નહીં પાછલી ભૂલોના વિશ્લેષણ કરતાં હવે જે કરવાનું હતું તેના પર જ હાર-જીતનો ફેંસલો થવાનો હતો. પણ ત્યારે જ તેના કાનોમાં એક સુંદર સુરીલો અવાજ આવ્યો. કોઈ ગાતું હતું -

જો ક્રૂસ પર કુરબાં હૈ
વો મેરા મસીહા હૈ
હર જખ્મ જો ઉસકા હૈ
વો મેરે ગુનાહકા હૈ...

એ સ્વર રૂબેનના કાનોમાં થઈને તેના હૃદયમાં ઊંડે ઊંડે ખૂંપી ગયો. હજી હમણાં જ બની ગયેલી ઘટનાએ તેના ભૂતકાળને તાજો કરી દીધો હતો. પિતાની યાદ એક શૂળ બનીને તેના હૃદયમાં ઊઠી હતી તેની પર આ સ્વર એક શીતળ જળધારા કરી રહ્યાં હતાં. પિતાના અવાજ સાથે આ સ્વર કેટલો બધો મળતો આવતો હતો. પળભર રૂબેન તેની તમામ યોજનાઓને વીસરી ગયો. રૂબેનને થયું સાંજની પ્રાર્થના વેળાએ તે પિતાની સામે બેઠો છે અને તેઓ આ ગીત ગાઈ રહ્યા છે. અને આ ગીતના શબ્દો દ્વારા તેને ખ્રિસ્ત ઈસુને શરણે આવવા માટે દુહાઈ દઈ રહ્યા છે. રૂબેન પોતાના જીવન વિષે વિચારવા લાગ્યો. તેણે પાછળ નજર કરી તો તેના જીવનમાં તેણે અંહકાર તથા શત્રુતાના

પહાડો ખડકાયેલા જોયા. પોતાની આવડતનો અહંકાર તથા મુખી અને કાયદાનો ભંગ કરનાર વિરૂદ્ધ શત્રુતા સિવાય તેના જીવનમાં કશું જ દિખાતું ન હતું. પોતાના બાળકો નવો જન્મ પામે તે માટે પિતા કેટલા આગ્રહથી પ્રાર્થના કરતા તે તેને યાદ આવ્યું. અનંતકાળમાં પિતા ઈસુના રાજ્યમાં હશે અને પોતે? ધારો કે આ ડાકુના હાથે તે આજે હારી જાય તો શું તે પછી કદી પણ પિતાને મળી શકવાનો છે ખરો? ઈસુનું રક્ત સઘળાં પાપથી શુદ્ધ કરે છે. પણ આપણે આપણાં પાપ કબૂલ કરીએ તો... કેટલી બધી વાર આ વખતે જલતી બદલાની આગે તેને તે પર વિચારવાની તક જ આપી ન હતી. આજે તેનો શત્રુ તેની સામે જ મરવાનો હતો. તેનાં પાપ તેને આંબી ગયાં હતાં. તે મરણ પામતાં જ નર્કની યાતના માટે તેનું સ્થાન નિશ્ચિત થઈ જવાનું હતું અને કદાચ પોતે પણ ડાકૂના હાથે મરણ પામશે. ડાકૂની ગોળી તેની ખોપરી કે હૃદયને છેદી નાંખશે. ગરમ ગરમ લોહીના ફૂવારા ઊડશે ઈસુના હાથ-પગ મસ્તકમાંથી નીતર્યા હતા તેવા જ. પછી તેનો આત્મા માટીના આ શરીરને છોડીને ચાલ્યો જશે. ક્યાં? પિતાની ગોદમાં? કે સરપંચની સાથે જ અનંતકાળની યાતનાના સ્થાનમાં? ઘણો વિચિત્ર પ્રશ્ન હતો; પણ ઘણો જ મહત્વનો પણ હતો જ વિચારવાનો સમય થોડો હતો. જો તારણ ન પામે તો પિતાને જોવાની કોઈ આસા જ ન હતી વિલંબને કશો જ અવકાશ ન હતો. પોતાની વાસ્તવિક પરિસ્થિતિનું ચિત્ર રૂબેનને માટે ચોંકાવનારું હતું. જેમ જેમ વિચારો આગળ વધતા હતા તેમ તેમ હલકથી ગવાતા ગીતનો ધ્વનિ રૂબેનના હૃદયને છેદી રહ્યો હતો. પવિત્રાત્મા આત્મિક

ગીતો દ્વારા વ્યવહાર કરી રહ્યો હતો. રૂબેનની આંખો દ્વારા પસ્તાવો આંસુ બનીને સરી પડ્યો ભંગિત મને તેણે મનોમન ખ્રિસ્ત ઈસુને તારણહાર તરીકે સ્વીકાર્યા, તેના હૃદય પરથી એક મોટો બોજ હટી ગયો. મરણની બીક હવામાં ઓગળી ગઈ. પિતાને મળવાની ખુશીથી તેનું હૃદય ઊભરાવા લાગ્યું તેણે ખ્રિસ્તની શરણાગતિ સ્વીકારી લીધી હતી.

પેલો મીઠો સ્વર હવે એક નવું જ ગીત ગાઈ રહ્યો હતો.

# પ્રકરણ - ૨૨

મુસ્તાક આજે ખુશ હતો. તેનાં તમામ પાસા પોબાર પડ્યા હતાં. એક જ્વલંત કામિયાબી સાથે તે પાછો ફરી રહ્યો હતો. તે આવતી કાલે પોતાના બે શત્રુને નાબૂદ કરી દેવાનો હતો. મુખીને તેના કર્મોની તે પૂરેપૂરી સજા આપવા ચાહતો હતો. પિતાની છાતીમાં હૂલાવેલ ખંજરનું દૃશ્ય મુસ્તાક કદી પણ ભૂલ્યો ન હતો. જે પૈસાના બળે સરપંચ શેતાન બની ગયો હતો અને પોલીસ ઈન્સ્પેક્ટર જે પૈસાના લોભે નિર્દોષને સજા કરવા તૈયાર હતો તે જ પૈસાનો તે દાસ બની ગયો હતો. તેના ભંડારોમાં પૈસાની કમી ન હતી અને તેને પોતાને પૈસાનો કશો લોભ ન હતો. લૂંટના ભાગ કરી તે સાથીઓમાં વહેંચી દેતો. પોતાનો હિસ્સો પણ રાખતો નહી. આ વાતે તે તેના સાથીઓમાં માનીતો હતો. તેના સાથીઓ તેના માટે પ્રાણ આપવા પણ તૈયાર રહેતા. અને તેણે આપેલ હુકમ કે સૂચનાને પૂર્ણ કરવા તેઓ કોઈ પણ કિંમતે તૈયાર રહેતા, અને પૂરી કરતા. સરદાર લૂંટમાંથી હિસ્સો ન લેતો તો પણ તેઓ સ્વેચ્છાએ તેના ભંડારમાં પોતાનો ભાગ જમા કરી દેતા. ત્યારે ફકીરી અદાથી મુસ્તાક કહેતો, "આ બધું તમારું જ છે. મારે ધનની જરૂર જ શું છે? જ્યારે કોઈ ગોળી મારી પ્રાણ હરી લે ત્યારે શું એક સાથે આવવાનું છે? તમે લડ્યા વિના સરખે હિસ્સે વહેંચી લેજો."

આજે તેનું જીવન ધ્યેય પૂરું થવાનું છે પણ તે પછી શું? આ પ્રશ્ન મુસ્તાકના મનમાં આવ્યો તો ખરો પણ તરત જ તેણે મનમાંથી જાણે ધકેલી કાઢ્યો. તે જાણતો હતો કે

જીવનનો જે માર્ગ તેણે અપનાવ્યો છે તેના બે જ અંજામ હોઈ શકે છે એક તો પોલીસ ગોળીઓથી મૃત્યુ અથવા શત્રુની ગોળીથી મૃત્યુ. તે સિવાય હવે સભ્ય કહેવાતા સમાજમાં પાછો ફરવાની કોઈ શક્યતાઓ જ ન હતી. ખૂબ ઉત્સાહ તેના મનમાં હતો પણ સાથે સાથે જ કશી ગંભીરતા તેના હૃદયના કોઈ ખૂણામાંથી માથું ઊચકી રહી હતી. ત્યાં જ તેના કાને મિશનેરીના મધુર ગીતોનો અવાજ સંભળાયો. તેને પણ પિતાની સાથે ગાળેલ ક્ષણોની સ્મૃતિ ઘેરી વળી. અને ત્યારે જ પિતા પર થયેલા હૂમલાની યાદ આવી અને તેના કરડા ચહેરા પર ક્રૂરતા ફરી વળી. તેના દાંત પણ ભીંસાઈ ગયા. અને પોતે ગુમાવેલ હર પળનો ગણીગણીને બદલો લેશે. એ દૃઢ નિર્ણય તેના ચહેરા પર ઝગમગતો હતો.

હવે મિશનેરીનાં ગીતોનો સ્વર બંધ થઈ ગયો હતો. મુસ્તાફ સમજી ગયો હવે તે પ્રાર્થના કરતો હશે કે તેનું બાઈબલ વાંચતો હસે. એને થયું આ મિશનેરીની માટી પણ અજબ છે ને? લોકોને ઈશ્વરનો સંદેશ આપવા નીકળી પડે છે; આવી લોહી તરસી ભૂમિ પર. પરંતુ તેને ખબર શું હશે કે તેને મારા જેવા ડાકૂના હાથમાં પડવું પડશે. તો પણ એક વાત જરૂર હતી કે તે મિશનેરીના મનમાં ડાકૂઓના હાથમાં પડવાનો જરા પણ ડર ન હતો. તે તો તેની સ્વાભાવિક રીતે જ ત્યાં રહેતો હતો અને તેની રીતે ડાકૂઓને સમજાવવાનો પણ પ્રયાસ કરતો હતો.

ગૂફાઓ આવી જતાં જ મુસ્તાફના હોઠમાંથી શબ્દો સર્યા, “મગલું” તરત જ તેનો પ્રતિભાવ આવ્યો, “જી સરદાર.”

"મહેમાનોનો બંદોબસ્ત કરી દો." કહેતાં મુસ્તાફ઼ ઘોડા પરથી નીચે કૂદી પડ્યો. અન્ય ડાકૂઓ પણ ઉતરી ગયા અને રૂબેન તથા સરપંચને એક એક ઝાડ સાથે બાંધવામાં આવ્યા. ચોકી ગોઠવાઈ ગઈ અને બધા આરામ કરવા ચાલ્યા ગયા.

રૂબેનની આંખોમાં ઊંઘ ક્યાંથી હોય? તો પણ તેના હૃદયમાં હવે મરણની પણ કશી જ બીક ન હતી. તેના સ્મરણમાં નાનપણમાં મુખપાઠ કરેલી બાઈબલની એક કલમ આવી ગઈ. "જો કે હું મરણની છાયાની ખીણમાં થઈને ચાલું તો પણ મને કશી બીક લાગશે નહિ." રૂબેને વિચાર્યું જો મરણ મને મારા પ્રિય તારનાર તથા પિતાની સન્નિધ લઈ જવાનું હોય તો મારે ડરવાની શી જરૂર? તેણે ઊભા ઊભા જ મસ્તાક ઝુકાવ્યું અને ટુંકી પ્રાર્થના કરતાં સમયને પસાર કરવા લાગ્યો.

મુસ્તાફે પોતાના ઘોડાને બાંધ્યો અને પછી પ્રેમથી તેને પસવાર્યો તે પોતાના સ્થાનમાં જતો હતો ત્યાં જ તેના મનમાં કશો વિચાર આવ્યો હતો તે ધીરેથી પેલા મિશનેરીને જ્યાં રાખવામાં આવ્યો હતો તે તરફ઼ વળ્યો. રાત્રિ બરાબર જામી ચૂકી હતી. અહીં તહીં થોડી ચહલપહલ સિવાય તદ્દન શાંતિ છવાયેલી હતી. મિશનેરીને માટે એક નાનકડી ગૂફ઼ા ફ઼ાળવવામાં આવી હતી. ત્યાંથી અવાજ આવતો હતો. મુસ્તાફ઼ આગળ વધી ગયો. તે નજીક આવ્યો ત્યારે મિશનેરીની પ્રાર્થનાના શબ્દો સ્પષ્ટ રીતે સંભળાવા લાગ્યા. તેણે જોયું તો મિશનેરી તેના ઘૂંટણો પર હતો. તેના હાથ આકાશ તરફ઼ ઊંચા થયેલા હતા. ફ઼ાનસના

ઝાંખા અજવાળામાં મુસ્તાફે જોયું તો એ મિશનેરીના નિર્દોષ ચહેરા પર આંસુઓની ધારા તગતગી રહી હતી. તે એવી રીતે બોલી રહ્યો હતો કે જાણે કોઈની સાથે વાતચીત કરી રહ્યો હતો.

"પ્રભુજી, આ બીહામણાં જંગલોમાં તમે મને ડાકૂઓની કેદમાં લાવ્યા છો માટે તમારો આભારી છું." મુસ્તાફના ચહેરા પર પ્રશ્ન છવાયો. ડાકૂઓની કેદમાંથી લોકો છૂટવાની પ્રાર્થના કરે અને આ મૂર્ખ આભાર માને છે. પણ આંખોમાં તો આંસુ છે માટે હમણાં જ તે છૂટવાની પણ પ્રાર્થના કરશે જ. તે વધુ નિકટ આવીને સાંભળવાને પ્રયત્ન કરવા લાગ્યો.

"પ્રભુજી, હું જાણું છું તમે આ ડાકૂઓ પર પણ પ્રેમ કરો છો અને જ્યારે અમે અધર્મી તથા તમારા શત્રુ હતા ત્યારે મસીહ અમારે સારુ મરણ પામ્યા. એમ કરવામાં તમે અમારા જેવા પાપી મનુષ્યો પર પ્રેમ કર્યો છે. પણ સમાજથી દૂર અને દુશ્મન બની બેઠેલા આ લોકો પ્રેમ ભૂલી ગયા છે. પોતાના સ્નેહીજનોથી દૂર રહેતા આ લોકોમાં પ્રેમની ભૂખ છે તે તમે જ ભરી શકો તેમ છો. નાશમાં લઈ જવાને શેતાને તેમના હૃદય તથા વિચારોનો કબજો લીધો છે. પ્રભુ તેમને તમે બચાવો. તેમને તમારા સંતાનો થવાને માટે કૃપા આપો. તેમને તમારે સારૂ જીતી લેવાને તમારા આત્મા દ્વારા તમે વ્યાવહાર કરો. તમે સર્વ શક્તિમાન છો. તમે પાપ માફ કરી શકો છો. તમે તેમને હમણાં જ તારણનો સ્પર્શ આપો......"

મુસ્તાફને મન આ ભગતનો વ્યર્થ બકવાસ હતો. ખભા ઉલાળી તે ત્યાંથી ચાલ્યો ગયો.

## પ્રકરણ – ૨૩

બીજા દિવસના સૂર્યના કિરણો અંધારાને ડારવા માંડ્યા. ત્યારે અજવાળાના પગલે હવામાં વહેતાં થયેલાં પંખીના ગીત-કોઈને માટે તૃપ્તિનો સંદેશ ગણગણતા હતા. તો કોઈને માટે જાણે કે કરૂણ મરશિયા. (મરણોત્તર રૂદનગીતોનો વિલાપ) સંભળાવતા હતા.

મુસ્તાફે પોતાનું વર્ષો જુનું વેર વાળવા માટેની તમામ પૂર્વ તૈયારીઓ કરી લીધી હતી. પિતાના મૃત્યુનો બદલો લેવા તે સરપંચને મોતને ઘાટ ઉતારવા ચાહતો હતો પણ સાથે જીવન યાત્રામાં તેણે જે વેદનાઓ વેઠી હતી તે તમામનો ગણી ગણીને તેણે હિસાબ ચૂકતે કરવો હતો એક ચૂલા જેવી જગા પર મોટો લોખંડનો તવો મૂકવામાં આવ્યો હતો. તેની પર સરપંચને ઊભો રાખીને બાંધવામાં આવ્યો હતો. તેની પર સરપંચને ઊભો રાખીને બાંધવામાં આવ્યો હતો. તે સહેજ પણ ચસકી શકે તેમ ન હતો. તેના મુખ પરથી નૂર ઊડી ગયું હતું. તેનાથી થોડે જ દૂર ઈન્સ્પેક્ટર રૂબેનને એક વૃક્ષ સાથે બાંધવામાં આવ્યો હતો. તે કશા પણ ભાવ વિના ડાકૂઓ દ્વારા થતી તૈયારીઓને નિહાળી રહ્યો હતો. ડાકૂઓમાં એક અજબ ચૂપ્પી છવાયેલી હતી.

થોડીવારમાં જ ડાકૂ સરદાર મુસ્તાફ આવી ગયો.

તેણે હવે સરદારજીનો ગણવેશ કાઢી નાંખ્યો હતો અને તેના ચહેરા પર દેખાતા ઘાના નિશાન તેને વધુ બીહામણો રજુ કરતા હતા. એક ખુરશી જેવા આસન પર તેણે જગા લીધી. અને એક ચૂલામાં તેણે બે સળિયા તપાવવા મૂકેલા જોયાં. પછી તેણે કમરે ભરાવેલા તિક્ષણ છરાને હાથમાં લીધો. સૂર્યના પ્રકાશમાં મુસ્તાફના બેડોળ ચહેરા પર ઊઠેલી સ્મિત લહરે પણ સાથ પૂરાવ્યો ત્યારે સરપંચના સમગ્ર શરીરમાંથી ઠંડુનું એક લખલખું પસાર થઈ ગયું. મુસ્તાફની બાજ નજરથી તે છાનું ન રહ્યું. તે હસી પડ્યો અને તેના ઈશારે એક ડાકૂએ સરપંચના પગ નીચે ગોઠવેલા ચૂલામાં આગ ચાપી દીધી. અને ત્યારે જ મુસ્તાફ તેની જગ્યાએથી ઊભો થઈ ગયો. તેણે બાજુના ચૂલામાંથી તપી ગયેલા સળિયાને ઊઠાવ્યો. સરપંચના પગ ગરબા ગાવા માંડ્યા.

"ડરપોક સરપંચ," મુસ્તાફનો સ્વર હવામાં ઊભરાયો, "મોતને નજદીક જોઈને કાંપે છે કેમ? બીજાઓને ધન તથા સત્તાના મદમાં તેં મોતના મુખમાં ધકેલી દીધા ત્યારે તારે પણ એવા જ મોતનો સામનો કરવાનો આવશે એવી તો તે કલ્પના પણ નહી કરી હોય કેમ?"

સરપંચની પગ નીચે સળગતા તાપણાને કારણે તવો ગરમ થવા માંડ્યો હતો. સરપંચના મુખ પર વેદનાની લકીર ખેંચાઈ તે પગ ઊંચા લેવા માગતો હતો. પણ તેને એવો ચુસ્ત બાંધવામાં આવ્યો હતો કે તે શક્ય ન હતું. તે જોઈને મુસ્તાફની આંખોમાં એક પાશવી ચમક આવી ગઈ. દેખીતી રીતે જ મુસ્તાફ સરપંચને જીવતો શેકવા માગતો

હતો. તે ચાહતો હતો કે સરપંચ આજીજીઓ કરતો કરતો મરે. તેનાં કૃત્યો તેને ભલે નર્કમાં લઈ જવાના હોય પણ મુસ્તાફ તેનો જીવંત અનુભવ તેને કરાવવા ચાહતો હતો હમણાં જ.

મુસ્તાફે બળતામાં ગરમ થયેલો સળીયો જે તેના હાથમાં હતો તે તેણે સરપંચના ખભાને અડાડ્યો. એક કાળી ચીસ સરપંચના મુખમાંથી નીકળી પડી. માંસ બળવાની ગંધ હવામાં ફેલાઈ.

હા...હા...હા...હા... મુસ્તાફનું અટહાસ્ય વાતાવરણને ભરી દેવા લાગ્યું તેના બેડોળ ચહેરાને કારણે તે ભયંકર તો લાગતો જ હતો પણ હવે તો જાણે પાગલ થઈ ગયો હતો.

"મુસ્તાફ, તારે મને મારી નાંખવો હોય તો મારી નાંખ મને ગોળી મારી દે." સરપંચે વિનંતી કરી.

"ગોળીએ દઈ દઉં?" મુસ્તાફે ઘૂરકિયું કર્યું, "સરપંચ એમ ગોળીએ દેવો હોત ને તો તું ઘણી વખત મારી રીવોલ્વરની રેઈન્જમાં આવી ગયો હતો પણ એવા સહજ મોતને તું લાયક નથી. મરવાની એવી ઉતાવળ તને હશે. મને મારવાની સહેજ પણ ઉતાવળ નથી. આજે તો માત્ર તારા પગ શેકવાના છે. તેના બળતા માંસની સુંગધથી મારા ફેફસાંને મારે ભરવાં છે કારણ કે એ જ પગ તને મારા પિતાનું ખૂન કરવા લઈ આવ્યાં હતા."

સરપંચની ચીસો સાંભળી દોડી આવેલા જોયે વચમાં

ટપકતાં કહ્યું, "સરદાર, વૈરની આગમાં અમાનુષ ન બનો,"

મુસ્તાફની આંખોમાં રોષનો અગ્નિ ધસી આવ્યો. "ભગત" તેણે લાલઘુમ ડોળા કાઢતાં ચેતવણી ઉચ્ચારી, "મારા કામમાં દખલ ન કર પરિણામ સારું નહિ આવે તારાથી ન દેખાતું હોય તો દૂર ખસ" તેની આંખના ઈશારે ડાકુઓએ દોડી આવીને મિશનેરીને જકડી લીધો.

"સરદાર, પાગલ ન બનો વેરના વિષે તમારા હૃદયના પ્રેમને મારી નાંખ્યો છે પણ ઈશ્વર ચાહે છે કે માનવી-માનવી વચ્ચે પ્રેમ રહે. તે તમને પ્રેમ કરે છે તે તમને પ્રેમી બનાવવા ચાહે છે." જોય છૂટી જવાનો કોઈ જ પ્રયત્ન કર્યા વિના ખૂબ સ્થિરતાથી બોલતો જતો પણ મુસ્તાફના મગજ પર જાણે ભૂત સવાર થયું હતું. તે તેની એક પણ વાત સાંભળવાનો ન હતો. તે પોતાના ઈરાદાઓમાં અટલ હતો.

"ભગત, આ મારા ચહેરા સામે જો. તેના પરનાં નિશાન તે આ માણસના કરતૂતોના સચોટ નિશાન છે. વર્ષોથી આ નિશાનોને ચહેરા પર લઈને હું તે રાત્રે લીધેલી મારી પ્રતિજ્ઞાને યાદ કરતો રહ્યો છું. એટલી બધી વાર મેં તેને ઘૂંટી છે કે હવે આ મોકા પર તે મૂકી દેવા ચાહું તો પણ તે બની શકે તેમ નથી."

ગરમ થયેલા તવાએ સરપંચના પગના તળિયાને શકેવા માંડ્યું હતું. ફોલ્લા પડવાનો સવાલ ક્યાં હતો? ચામડી બળવા માંડી હતી. સરપંચની ચીસો ભેંકારવનને

બીહામણું બનાવતી હતી. તે સાંભળીને મુસ્તાફ જોરશોરથી હસતો હતો. તેણે ઈશારો કર્યો અને તેના સાથીએ આવીને તવા નીચેની આગ લઈ લીધી.

ડાકૂ મુસ્તાફે ભઠ્ઠીમાંથી લોખંડનો બીજો સળિયો ઊઠાવતાં દાંત ભીંસીને કહ્યું, "યાદ કર એ રાત. આ પગ તને મારા પિતાની હત્યા કરવા લઈ આવ્યા હતા. અને આ હાથમાં તેં છરો પકડ્યો હતો નહીં?" કહેતાં મુસ્તાફે સરપંચના બાંધેલા હાથની હથેળી પર આગ જેવો સળિયો ફેરવવા માંડ્યો ફરીથી ચામડી બળવાની વાસ તથા સરપંચની વેદનાભરી ચીસોથી વાતાવરણ ભરાઈ ગયું. ક્રૂરતા નીતરતા ચહેરે મુસ્તાફ જાણે શેતાનનું બીજું રૂપ હોય તેવો ભાસતો હતો.

ઝાડ સાથે બંધાયેલો રૂબેન વિચારતો હતો કે પોતે સરપંચને મારત તો પણ આવી ક્રુરતા તો તે બતાવી ન જ શકત. મિશનેરી જોય અચાનક જ સ્થિર થઈ ગયો. તેની જીભ જાણે કે બંધ થઈ ગઈ. તેના મગજમાં સણકા આવતાં હતાં. ડાકૂ મુસ્તાફની વાતો તેને ક્યાંક દૂર દૂર ખેંચી જતી હોય તેમ લાગતું હતું. તેના હૃદયમાં ભૂતકાળના પહાડ નીચે દબાયેલું કાંઈક બહાર આવવા મથામણ કરતું હોય તેવું લાગતું હતું.

"સરપંચ," ફરીથી મુસ્તાફ બોલતો હતો, "અમે ત્રણ ભાઈ હતા. એ રાત્રે મારા પિતાની છાતીમાં છરો માર્યા પછી પણ તારી લોહીની પ્યાસ બુઝાઈ ન હતી. તારા માણસોએ શિકારી કૂતરાઓ સાથે અમારો પીછો કર્યો હતો. નીલનગરમાં મળનારો મારો ભાઈ જોય મને કદી જ

મળી શક્યો નહિ. તારાં કૂત્તાઓથી બચાવવા મારા હૃદયના ટુકડા જેવા મારા નાના ભાઈને એકલો અટૂલો મેં આગળ ધકેલી દીધો. તારા કૂત્તાઓએ મારા ચહેરાના આ હાલ કર્યા. કૂત્તા, એ દિવસ તારો હતો આજ મારી છે..."

જોય તથા રૂબેન બંનેને એક સાથે જાણે કે વીજળીનો તાર અડી ગયો! અરે આ ભયંકર ડાકુ મુસ્તાફ તો જાણે કે તેમના જ ભૂતકાળ ની વાત કરતો હતો. બંનેની આંખો મુસ્તાફના ચહેરા પર સ્થિર થઈ ગઈ. તેમના હૃદયપટ પર એ ચિત્ર જાણે હમણાં જ બન્યું હોય તેમ સ્પષ્ટ થઈ ગયું.

"મારા બંને ભાઈઓ" મુસ્તાફ હજી બોલતો જતો હતો, "આજે ક્યાં હશે? એ માસૂમ બાળકોની કોઈ જ કડી નથી અને તેથી ત્રણ ત્રણ મોતનો બદલો મારે તારી પર લેવાનો છે. સરપંચ, એમ જલ્દી તને મરવા દેવાય ખરો?" કહેતાં હાથમાં તિક્ષણ છરા સાથે મુસ્તાફ આગળ વધ્યો.

"કિરણ, મારા ભાઈ" ઈન્સ્પેક્ટર રૂબેનથી હવે રહેવાયું નહી.

"કિરણ, ઈશ્વરને સારૂ થોભ," તે જ વખતે મિશનેરી જોય પણ બોલી ઊઠ્યો.

મુસ્તાફ પથ્થરની જેમ ખોડાઈ ગયો. તે આગળ વધી ન શક્યો તે આશ્ચર્યચકિત થઈ. થોડીવાર રૂબેન સામે તો થોડીવાર જોય સામે જોઈ રહ્યો.

સમગ્ર વાતાવરણ સ્તબ્ધતાની બેડીઓમાં કેદ હતું.

જે શબ્દો ઉચ્ચારાયા હતા તેથી પરસ્પર પરિચય આપવા જેવું કાંઈ રહેતું ન હતું. ત્રણે ભાઈ પરસ્પર ઓળખી ગયા હતા. પણ એવી પળે તેમનો મેળાપ થયો હતો કે તેમની અક્કલ કામ કરતી ન હતી અને પરિણામે ત્રણે જણ દંગ થઈ ગયાં હતા. અને સરપંચ પણ ત્રણે ભાઈઓના આ મિલનને જોતા ક્ષુબ્ધ હતો.

## પ્રકરણ – ૨૪

સ્તબ્ધ વાતાવરણમાં માત્ર ત્રણ ભાઈઓની છ આંખો જ અશ્રુ વહાવી રહી હતી. જ્યારે શેકાતા સરપંચની આંખો આ નવા ધડાકાને કારણે વિસ્ફારિત હતી. ડાકૂના દિલમાં દયા લાવીને બચી જવાની તેની ઉમેદ પણ નામશેષ થઈ ગઈ હતી. નિરાશાનાં કાળાં વાદળ તેને ઘેરી વળ્યાં હતાં. હવે આ ત્રિપુટી તેની પર શું ગુજારશે તેની કલ્પના પણ તે કરી શકતો ન હતો.

"કિરણ," જોયના પ્રેમાળ સ્વરે વાતાવરણની તોલદાર શાંતિને છેદી નાંખી, "ઈશ્વરને ખાતર તું પહેલાં આ સરપંચને મુક્ત કર."

એક ઝાટકા સાથે કિરણ જોય તરફ ફર્યો. પણ તેના કરતાંય પેલા સરપંચના ચહેરા પર ફેલાયેલું આશ્ચર્ય વધુ મોટું હતું. પળવારમાં જ મુસ્તાક તરીકે કુખ્યાત કિરણના ક્રૂર તથા કરડા ચહેરા પર કુમાશ તરી આવી. "જોય, ઈશ્વરને ખાતર નહીં તો પણ મારો ભાઈ મને કહે છે માટે

હું તને હમણાં નહી મારી નાંખું." તેના ઈશારાને પામી ગયેલા તેના સાથીએ સરપંચ દાદૂના બંધન છોડી નાખ્યા અને તેને તવા પરથી ઊતારવામાં આવ્યો પણ પગમાં પડેલાં મોટા મોટા ફોલ્લાઓને કારણે તે ચાલી શક્યો નહી અને ત્યાં જ ફસડાઈ પડ્યો.

જોય દોડીને તેની પાસે બેસી ગયો. તેની ઝોળીમાં રહેલી ફર્સ્ટ એઈડ બોક્સ કાઢી તેમાંથી એક ટ્યુબ તે સરપંચના ફોલ્લાઓ પર લગાડવા લાગ્યો. પરંતુ આ દશ્યે મૂસ્તાફ બનેલા કિરણના ચહેરા પર તરી આવેલી કુમાશનું બાષ્પીભવન કરી દીધું. પૂરાણી સખતાઈ વળી પાછી તેના બેડોળ ચહેરા પર ફરી વળી.

"બહુ થયું જોય, બસ કર હવે." કિરણનો હર એક શબ્દ કિન્નાખોરીની આગમાં લપેટાયેલો હતો. "તમે બંને મળ્યા તેની ખુશીમાં મેં આ નરાધમને આજનો દિવસ જીવતદાન આપ્યું છે. બાકી જીવનભર જે પળને માણવાની મેં તપશ્ચર્યા કરી છે તેને હવે મારા હાથમાંથી કોઈ છીનવી શકશે નહિ."

"કિરણ, વેરની આગમાં પાગલ ન બન," જોયે કિરણ તરફ નજર ઉઠાવ્યા વિના જ કહ્યું, "આ સરપંચની દુષ્ટતાને કારણે તારા પર દુઃખના પહાડ તૂટી પડ્યા હશે અને તેં પારાવાર કષ્ટો વેઠ્યાં હશે તે હું સમજી શકું છું. પરંતુ આને રીબાવીને મારી નાંખવામાં કોઈ મર્દાનગી નથી. અને તું એમ કરે તો તારામાં અને એનામાં ફેર પણ શો?"

"ફેરની વાત કરે છે જોય?" કિરણની આંખો ઝીણી થઈ, "આજે મારો બદલો તું જોશે તો તને ફેર સમજાઈ જશે."

"કિરણ, તારા વિચારોને અમલમાં મૂકતા પહેલાં મારા પ્રેમી પ્રભુની સલાહ પર વિચાર કરી જો. તેનું વચન કહે છે બદલો લેવાનું કામ મારું છે, પણ તું ભૂંડાનો ભલાઈથી પરાજય કર."

"જોય, આવા ભાષણો દેવળની પુલપીટ પર જ શોભે. વાસ્તવિક્તામાં તો આવા સાપને છૂંદી નાંખવા જ જરૂર છે નહિ તો આપણને જ તે ડસી જાય."

"કિરણ, બાઈબલના દેવનાં વચનો દેવળોની પુલપીટ પરથી ભાષણો આપવા માટે દેવે આપ્યાં નથી પરંતુ એ તો તેના સ્વર્ગીય રાજ્યમાં પ્રવેશ પામવાની પથદર્શિકા છે. તેનું હરએક વચન તારા અને મારા માટે દેવની ઈચ્છા દર્શાવે છે."

"જોય, જો તારા માર્ગે ચાલ્યો હોત તો આજે મારું જીવન જેલની દીવાલો વચ્ચે હોત પણ જયારે હું ઈંટનો જવાબ પથ્થરથી આપતાં શીખ્યો ત્યારે મેં જોયું કે દુનિયા ઝૂકતી હે ઝૂકાનેવાલા ચાહિયે..."

"ભાઈ, એક માર્ગ એવો છે જે માણસને સારો લાગે છે પરંતુ તેનો અંત તો મૃત્યુ છે."

"મૃત્યુ? મોતનો ડર અહીં કોને છે? આ દર દર ભટકતી જીંદગી મેં એક જ ખ્વાહિશથી અપનાવી છે અને તે

તો આ જાલિમને નસિયત છે. બસ પછી મોત ભલે આવે હું તો તેના ખોળામાં મસ્તક મૂકીને આરામ કરવા ચાહું છું. બસ એ જ શાંતિની મને ખેવના છે."

"પણ ભાઈ, મૃત્યુ એ શાંતિ નથી. માણસને એકવાર મરવું અને પછી તેનો ન્યાય થાય એ નિશ્ચિત છે. માત્ર ઈશ્વરની સંગત જ શાંતિ આપી શકે છે. પણ જો આપણે પાપમાં મરીએ તો સદાકાળ માટે ઈશ્વરની સંગત આપણાથી દૂર સરકી જાય છે કેમકે પાપનું વેતન તો મૃત્યુ છે પરંતુ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે દેવનું કૃપાદાન અનંતજીવન છે."

"પ્રભુ ઈસુ...પ્રભુ, ઈસુ, પ્રભુ ઈસુ," કિરણના ચહેરા પર ક્રોધાગ્નિ પ્રગટી ઊઠ્યો. ક્યાં હતો તે જ્યારે આ શેતાનનું ખંજર પિતાની છાતીમાં ખૂંપી રહ્યું હતું ત્યારે? જ્યારે તેના લોહી તરસ્યા માણસો આપણી પાછળ પડ્યા હતા ત્યારે? જ્યારે તેના શિકારી કૂતરા મારા આ વિરૂપ દેખાતા ચહેરા પરથી માંસ નોચી રહ્યા હતા ત્યારે? જ્યારે જેલની દીવાલો વચ્ચે આના ધનથી ખરીદાયલો ઈન્સ્પેક્ટર હંટરથી મને ફટકારી રહ્યો હતો ત્યારે? જ્યારે આ દૂષ્ટ તેનાં સઘળાં કાળાં કૃત્યો છતાં એશઆરામ કરી રહ્યો હતો ત્યારે? વર્ષોના ઈંતજાર તથા પરિશ્રમ પછી જ્યારે આજે તમામ હિસાબ ચૂકતે કરવાનો સમય આવી ગયો છે. ત્યારે મને રોકીશ નહિ કદાચ... કહેતાં મુસ્તાફે તેનું મોં ફેરવી લીધું અને ચાલ્યો ગયો. જોયે તો સરપંચને તેના ફોલ્લાઓ પર હળવા હાથે ટ્યૂબ લગાવવા માંડી બંને ભાઈઓના સંવાદોને મૂક રીતે સંભળતો રૂબેન હળવેથી જોયની નજીક

આવ્યો અને તેને મદદ કરવા લાગ્યો.

"ઓહ," કણસતા અવાજે સરપંચ બોલવાની કોશિષ કરવા લાગ્યો, "જો મારી સગી આંખે ન જોયું હોત અને મારા પોતાના કાને મેં સાંભળ્યું ન હોત તો હું કદાપિ માની શકત નહિ કે ઈસુ માણસના જીવનને આવું બદલી શકે છે." કહેતાં જાલિમ ગણાતા સરપંચની આંખોમાંથી ખારા પાણીની નદીઓ વહેવા લાગી.

"સરપંચજી, તમારા જીવનનો જે ભાગ દુષ્ટતામાં વીતી ગયો છે તે બસ છે. પ્રેમી પ્રભુ ઈસુ તમને પણ પ્રેમ કરે છે. અને તમને પણ તારણ આપવા ચાહે છે." જોયનો શીતળ સ્વર સરપંચના હૃદયની દુષ્ટતાને ધોઈ રહ્યો હતો.

"ઈસુ મુજ જેવા પાપીને શા માટે પ્રેમ કરે?" સરપંચના પશ્ચાતાપી હૃદયમાં આશ્ચર્યજનક પ્રશ્ન રમતો હતો, "તારણ પામવા માટે મારે શું કરવું જોઈએ?"

"સરપંચ, તારણ કાળા-ધોળા નાણાં કે પૂણ્યકર્મોથી ખરીદી શકાય તેવું નથી પણ તેને પામવાનો એક જ સરળ માર્ગ છે. પસ્તાવો કર અને પ્રભુ ઈસુના નામ પર વિશ્વાસ કર જેથી તું તથા તારા ઘરનાં તારણ પામશો."

જોયના શબ્દો સાંભળતાં જ સરપંચ તેના ઘૂંટણો પર આવી ગયો અને બંને હાથ જોડીને તેણે આંસુ ઘુંટ્યા અવાજે પ્રાર્થના કરવા માંડી, "સનાતન ઈશ્વરના પુત્ર ઈસુ, મુજ પાપી પર દયા કરો..."

"બંધ કરો બકવાસ" એક ક્રોધ તથા ધૃણાથી ભરપૂર

અવાજ ત્યાં આવ્યો. ડાકૂ મુસ્તાફનો ચહેરો જોતાં લાગતું હતું કે ગુસ્સાથી તે પાગલ થઈ ગયો છે. તેના કંપી રહેલાં શરીરના અણુઅણુમાંથી ક્રોધ જાણે કે ઊછાળા મારી રહ્યો હતો. તેના હાથમાં ચમકી રહેલું બેધારી ખંજર તેના દુષ્ટ ઈરાદાઓને ચમકાવતું હતું.

"અબ તો ન રહેગા બાંસ ના બજેગી બાંસુરી" દાંત ભીંસીને બોલતો મુસ્તાફ સરપંચ તરફ ધસી ગયો અને વાર કરી દીધો. તેનું નિશાન સરપંચનું હૃદય જ હતું. પરંતુ ઓહ!

સરપંચની છાતીને બદલે એ ખંજરે મિશનેરી જોયનો ખભો ચીરી નાંખ્યો હતો. રક્તની છોળો ઊડી અને ઘાયલ જોય જમીન પર પછડાયો. મુસ્તાફની આંખો પહોળી થઈ ગઈ હતી.

ફરીથી વાતાવરણમાં નરી સ્તબ્ધતા ઊતરી આવી હતી.

# પ્રકરણ - ૨૫

ડાકૂની ગણત્રી ખોટી પડી હતી. વેરની વસૂલાત વિના તેને કોઈ ચેન મળવાનું ન હતું તે જ પ્રમાણે મિશનેરીભાઈ પણ તેની જીદ છોડવાનો ન હતો તેથી તે સરપંચને રીબાવવાને બદલે એકદમ તેનો અંત લાવી દેવા તૈયાર થઈ ગયો હતો જેથી તેનું કામ પતી જાય અને ભાઈ સાથે પણ ટકરાવાનું ટાળી શકાય. પરંતુ તેણે કરેલો વાર સરપંચના બદલે જોયે ઝીલી લીધો અને રક્ત તરબોળ જોય ધુળમાં તરફડી રહ્યો હતો.

"ઓહ!" એક ચિત્કાર ડાકૂના મુખમાંથી નીકળી ગયો. તેણે રક્તભીના ખંજર પર એક નજર કરી રક્ત-તરબોળ દેહ અન રક્તભીના ખંજરો તેણે ડાકૂની જીંદગીમાં ઘણા જોયા હતા પરંતુ આ તો તેના ભાઈનું રક્ત હતું. ખંજર પરથી ટપકી રહેલું રક્ત બૂંદ બંદૂકની ગોળી બનીને ડાકૂના હૃદયને છેદવા લાગ્યું એક મહાભારે ગ્લાનિ તેની પર બોજ બનીને ઊતરી આવી. જે ભાઈને તેણે જીવનભર પ્રેમ કર્યો, જેના માટે તે બદલાની આગમાં શેકાતો રહ્યો, ભાઈને મળવા માટે હર રાત તડપતો રહ્યો તે ભાઈ આજે તેની સમક્ષ આવ્યો ત્યારે તેને ગળે લગાડી દેવાને બદલે આ શું કર્યું? પ્રેમનું પાન ખોબલે કરાવવાને બદલે તેના જ રક્તે તેણે હાથ રંગી દીધા હતા.

પોતાની જાત પ્રત્યે એક ભયંકર તિરસ્કારથી તેનું હૃદય ભરાઈ ગયું. આવા નાલાયક હાથ લઈને જીવવું શું? એવો પ્રશ્ન તેના મગજમાં ઊભો અને તરત જ

આત્માહત્યાના ઝનૂનથી તેનું શરીર કંપી ઊઠ્યું. એજ રક્તભીનું ખંજર તેણે પોતાના બેરહમ સીનામાં ઊતારી દેવા ચાહ્યું. તેનો દૃઢ નિશ્ચયી હાથ ઊંચો થયો અને પળવારમાં જ તેના નિશાન તરફ ઝીંકાયો.

પણ?

પોતાની હરએક યોજનામાં અત્યાર સુધી સફળ રહેનાર ડાકૂ મૂસ્તાફ ફરીથી નિષ્ફળ ગયો. રક્ત ઝરતું ખંજર તેના સીનાનો સ્પર્શ પણ કરે એ પહેલાં તો ચિત્તાની ઝડપે કૂદેલા રૂબેને તેના કરાટે પ્રયોગથી ડાકૂના ખંજરને દૂર ફંગોળી દીધું હતું અને ડાકૂ ખુદ પણ એક ગડથોલું ખાઈ ગયો હતો. ક્ષણવારમાં તો રૂબેનના બંને હાથોમાં કિરણના કોલર હતા અને એક દૃઢ તથા સ્થિર દૃષ્ટેથી ડાકૂને ડારતો રૂબેન બોલી રહ્યો હતો. "પાગલ ન બન કિરણ, મરવાથી કશું વળશે નહિ. પહેલાં તો ભાઈને સારવાર મળે તે જોવાનું છે."

નાનાભાઈનો નિર્દોષ ચહેરો ભાઈને બચાવવાની આજીજી કરતો જોતાં ડાકૂની તમામ સખતાઈ અને બેરહમી મીણની જેમ ઓગળી ગઈ અને તેની આંખમાંથી આંસુ બનીને વહેવા લાગી. તેના ઈશારે વફાદાર ડાકૂઓએ ઘાયલ જોયની સારવાર શરૂ કરી દીધી. જો કે ઘા તો છરકતો જ થયો હતો પણ માંસ ચિરાય એટલે રક્ત તો વહે જ ને? બાળકની જેમ આંસુ સારતો કિરણ સ્વસ્થ થયો ત્યાં તો ડ્રેસીંગ થયેલો જોય પણ સ્મિત ફરકાવતો કિરણની સામે આવી ઊભો.

કિરણે મસ્તક ઝૂકાવી દીધું. થોડીવારે તેણે જ મૌન તોડતાં કહ્યું, "જોય, માની લીધું કે તારું હૃદય પ્રેમથી ભરાયેલું છે પણ આવા દુષ્ટ માણસ માટે તારે જાન જોખમમાં નાંખવાની શી જરૂર હતી?"

"ભાઈ કિરણ, મારા પ્રભુએ મને શીખવ્યું છે કે પાપનો ધિક્કારો પણ પાપીને નહી. તેણે પોતે પણ એ જ નમૂનો આવ્યો છે. તે પાપને જરા પણ સાંખી લેતો નથી અને તે પાપને ઘૃણા કરે છે તો પણ તેણે આ પાપી જગત પર એટલો બધો પ્રેમ કર્યો કે તેણે પોતાનો એકાકીજનિત પુત્ર પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપી દીધો એ સારુ કે જે કોઈ તેના એટલે ખ્રિસ્ત ઈસુના નામ પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય પણ તે અનંતજીવન પામે."

"મતલબ? કોઈ પણ પાપી અનંતજીવન પામે?"

"હા, ભાઈ, ખ્રિસ્તે પોતે જ કહ્યું છે કે પાપીઓને શોધવા તથા તારવાને સારૂ માણસનો દીકરો આ જગતમાં આવ્યો."

"પરંતુ, જોય આ કાળમીંઢ પથ્થરો અને લોહી તરસ્યા હથિયારોની સાથે રહીને મારું હૃદય પણ પથ્થર બની ગયું છે. સમય અને સંજોગોએ એવી થપાટો મારી છે કે હવે તે કૂણું પડે તેમ નથી. મને માફ કર હું તારી ઈચ્છા પ્રમાણે તારણ પામી શકતો નથી."

"કિરણ મારો જીવંત પ્રભુ આ જાણે છે તો પણ તે તને પ્રેમ કરે છે. તે તારું પાષાણમય હૃદય લઈ લેશે તથા

તને એક નવું હૃદય આપશે. તે પોતાના પ્રબોધક હઝકીએલ દ્વારા ૧૮:૩૧-૩૨ માં આ પ્રમાણે કહે છે ધ્યાનથી સાંભળ."

"જે અપરાધ તમે કર્યા છે તે સર્વ અપરાધોને તમારી પાસેથી ફેંકી દો, અને તમે નવું અંતઃકરણ તથા નવો આત્મા મેળવો, તમે શા માટે માર્યા જાઓ? પ્રભુ યહોવાહ કહે છે કે મરનારના મોતથી મને કાંઇ આનંદ થતો નથી. એ માટે ફરો, ને જીવતા રહો."

"તે ખરું પણ મારા સ્વભાવ પ્રમાણે હમણાં થોડીવાર હું સુધરી જાઉં અને વળી પાછો દુષ્ટતાના માર્ગે વળી જાઉં તેના કરતાં હમણાં છું તેમ જ જીવું તો કેમ?"

"પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપણને ઠોકર ખાતા બચાવવા તથા પિતાની સમક્ષ પરમાનંદ સહિત આપણને રજુ કરવાને સમર્થ છે. તે આપણને બાકીના જીવનને માટે સહાય કરે છે જેથી આપણે શેષ જીવન પિતાની ઈચ્છા પ્રમાણે જીવી શકીએ."

"જોય, તારી વાત હું સ્વીકારું પણ મારું ભવિષ્ય શું? મારા સાથીઓનું શું?"

"કિરણ, દેવનું વચન કહે છે; જે કોઈ પોતાના ઉલ્લંઘનો કબૂલ કરે છે અને મૂકી દે છે તેના પર દયા દર્શાવવામાં આવશે."

"સાચી વાત છે કિરણ" અત્યાર સુધી ચૂપચાપ વાતો સાંભળી રહેલો રૂબેન વચમાં જ બોલી ઊઠ્યો, "આપણી

સરકાર આ વિષયમાં ઉદાર છે. બગાવત છોડી દેવા ચાહતા ડાકુઓને મદદ કરવા તે પણ તૈયાર છે."

"ભાઈ કિરણ, જે પિતાના ખૂનનો બદલો લેવા માટે તું આજે કાનૂનનો ભક્ષક બની બેઠો છે એ પિતા કદાચ આજે જીવિત હોત તો શું તે તારા આ દિદારથી ખુશ થાત? કદાપિ નહી. તે જ પ્રમાણે ઈશ્વરપિતા પણ તારા આ જીવનથી નાખુશ છે તે ચાહે છે કે તું જીવનના માર્ગ પર આવે. આ પણ તારા હાથમાં છે. પસંદગી તારી છે. પશ્ચાતાપ કર અને પ્રભુ ઈસુને તારા વ્યક્તિગત ઉધ્ધારકર્તા તરીકે સ્વીકારી લે." જોય બોલતો જ ગયો.

સામે પક્ષે કિરણ ચૂપ હતો. દશ્ય ખામોશી પછવાડે એક મહાભારે દ્વંદ્વ તેના હૃદયના ભીતરી ભાગોમાં ચાલી રહ્યું હતું. જોય તથા રૂબેન બંને જ નહિ પણ ડાકુઓ પણ સરદારના નિર્ણય વિષે જાણવા ઉત્સુક હતા. તેઓ જાણતા હતા કે તેમનું જીવન સંઘર્ષપૂર્ણ હતું પરંતુ તેનો તેમની પાસે કોઈ વિકલ્પ ન હતો. આજે તેમને તેમના અંધકારમય જીવનમાં રોશનીની આશા જાગી હતી પણ મુસ્તાફની સરદારી તથા તેની દૂરંદેશી પર તેમને ભરોસો હતો. તેનો નિર્ણય તેઓને માટે પથ્થરની લકીર સમાન હતો.

ખાસ્સીવારના મૌન પછી સરદારના ચહેરા પરથી પલટાતા ભાવો બંધ થયા. દેખીતી રીતે જ તે કોઈ નિર્ણય પર આવી ગયો હોય તેમ તેનો ગૂંચવાતો ચહેરો હવે સ્પષ્ટ થતો ગયો હતો. તે ઊભો થયો અને તેના ભેરુઓ તરફ તેણે સરાસરી નજર કરી. તેણે જોયું તો તેનો હરએક સાથી પૂરી વફાદારીથી તેના નિર્ણયને આવકારવા માટે તૈયાર

હતો. તેના ચહેરા પર એક નાનકડું સ્મિત ઊગી નીકળ્યું. તેનો ચહેરો તો એવો જ વિરૂપ હતો પરંતુ આજે ત્યાં ક્રૂરતા, સખતાઈ કે કરડાકીનું નામોનિશાન ન હતું.

"સાથીઓ..." કહેતાં તેની આંખોમાં આંસુ ધસી આવ્યાં પણ તેણે તે રોકવાનો કે લૂછવાનો પ્રયત્ન કર્યો નહી, "આજે હું મારા જીવનના એક અનોખા મોડ પર આવી ઊભો છું. એક તરફ અંધકાર તથા મારા પ્રિયજનોથી સદાકાળની દૂરી છે તો બીજી તરફ ઈશ્વરનો, ભાઈઓનો પ્રેમ તથા પ્રકાશ છે. બંને તરફ સંઘર્ષ તો છે પરંતુ મુજ પાપીને માટે પોતાના પ્રાણોનું બલિદાન આપનાર મારા પ્રિય પ્રભુના વિંધાયેલા હાથોનું પ્રેમાળ નિમંત્રણ હું અવગણી શકતો નથી." કહેતાં કિરણનો હાથ તેના કમરપટ્ટામાં ભરાવેલી રિવોલ્વર તરફ વળ્યાં.

"...અને તો પણ..." કિરણના હાથમાં રિવોલ્વર રમતી હતી, "કોઈ સાથીને લાગે કે હું ગદ્દારી કરી રહ્યો છું. છેહ દઈ રહ્યો છું. તો તે મને શિક્ષા ફરમાવી શકે છે. મુસ્તાફે મોતથી કદી પીઠ ફેરવી નથી."

"સરદાર" ડાકૂના સાથીઓ એક સાથે બોલી ઊઠ્યાં. "ક્યાં સુધી આ નાસભાગની જીંદગી ખેંચવી? અમે પણ ઈસુને શરણે આવીશું ભલે ગમે તે થાય" અને હથિયારો છોડીને તેઓ પણ જોય તથા રૂબેનની આસપાસ આવીને ઘૂંટણો પર બેસી ગયા. એ દિવસે ભયંકર ડાકુઓનું નિવાસસ્થાન ઈશ્વરનો મહિમા પ્રગટ કરનારું અને આકાશમાં હજારો દૂતોને આનંદ આપનારું સ્થાન બની ગયું.

વળતે દિવસે દેશના અગ્રગણ્ય અખબારોમાં મુખ્ય પાના પર મોટા અક્ષરોમાં સમાચાર હતા -

"ખૂંખાર ડાકુ મુસ્તાફ તથા તેના સાથીઓએ સ્વીકારેલી શરણાગતિ."

## ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના અન્ય પ્રક

7BGS2

| ક્રમ | પુસ્તકનું નામ | |
|---|---|---|
| ૧ | પ્રેષિતોના કાર્યો દ્વારા મળતો સંદેશ | ૮૦-૦૦ |
| ૨ | માર્કનો સંદેશ | ૫૦-૦૦ |
| ૩ | ગિરિપ્રવચનનો સંદેશ | ૪૦-૦૦ |
| ૪. | કરિંથવાસીઓને લખેલા પહેલા પત્રનો સંદેશ | ૪૦-૦૦ |
| ૫ | "અયૂબ" | ૬૦-૦૦ |
| ૬ | રૂથનો સંદેશ | ૨૫-૦૦ |
| ૭ | વિશ્વવ્યાપી જળપ્રલય | ૧૫-૦૦ |
| ૮ | તમારા સંજોગોના સંચાલક | ૨૫-૦૦ |
| ૯ | ખાલી કબરનો ચુકાદો | ૨૦-૦૦ |
| ૧૦ | માણસના મૃત્યુ પછી તેના શરીર અને આત્માનું શું થાય છે? | ૩૦-૦૦ |
| ૧૧ | વધામણીની વાતો | ૧૦-૦૦ |
| ૧૨ | નાતાલની વાતો | ૧૦-૦૦ |
| ૧૩ | બારાબ્બાસ | ૩૦-૦૦ |
| ૧૪ | ઝબકાર અને ઝાંખી | ૨૦-૦૦ |
| ૧૫ | પ્રબોધકો અને તેના કાર્યો | ૨૦-૦૦ |
| ૧૬ | રેવ. થોમાભાઇ પાથાભાઇ | ૧૦-૦૦ |
| ૧૭ | આત્મામાં સ્વપ્નો અને સંદર્શનો | ૧૫-૦૦ |
| ૧૮ | બેન-હર | ૨૦-૦૦ |
| ૧૯ | કૌટુંબિક વેદી | ૧૦-૦૦ |
| ૨૦ | પુલ્પિટ હેલ્પસ ભાગ-૨. | ૩૦-૦૦ |
| ૨૧ | પુલ્પિટ હેલ્પસ ભાગ-૩. | ૩૦-૦૦ |
| ૨૨ | વિશ્વાસ માર્ગદર્શિકા | ૨૫-૦૦ |
| ૨૩ | વધસ્તંભના સપ્તવચન | ૧૫-૦૦ |
| ૨૪ | ફબીઓલા | ૩૫-૦૦ |
| ૨૫ | વધસ્તંભ અને ચપ્પુ | ૩૫-૦૦ |
| ૨૬ | વહાલાં પંખીડા | ૧૫-૦૦ |
| ૨૭ | ચિરાયેલો પડદો | ૨૦-૦૦ |
| ૨૮ | નિર્મળા | ૧૦-૦૦ |
| ૨૯ | યોનેકો | ૧૫-૦૦ |
| ૩૦ | અનેક માની આંસુભરી પ્રાર્થનાના પરિણામ | ૧૫-૦૦ |
| ૩૧ | સભાશિક્ષક | ૩૦-૦૦ |

મુદ્રક : સ્ક્રીનડોટ પ્રિન્ટર્સ, અમદાવાદ - ૧. ફોન : ૫૬૨૩૭૬૧